BAOU
Education
for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4

## સેમેસ્ટર - 1 સમાજકાર્યમાં સ્નાતક (BSW)
## પેપર – BSW - 104
## ક્ષેત્રકાર્ય અને અહેવાલલેખન - I



BAOU
Education
for all

## સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં, ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. ૧૯૯૪માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય **ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**ની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડી રોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારણામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણવિષયક દર્શન યાદ આવે છેઃ **'જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય, જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠાં મળી રહે તેવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળના ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનો પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.

**'સ્વાધ્યાયઃ પરમં તપઃ'** ધ્યાનમંત્રને કેન્દ્રમાં રાખીને આ ઓપન યુનિવર્સિટી અહીં પ્રવેશ મેળવતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવા ગુણવત્તાલક્ષી અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિદ્યાર્થીને પ્રત્યેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને તેમની રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવાની ખેવના રાખતા કોઈપણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદ્ સાથે પરામર્શ કરવામાં આવે છે. એ પછી જ માળખું રચી અભ્યાસ સામગ્રીને પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં અપાય છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ જ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાત પ્રોફેસર્સ દ્વારા તેનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવાં દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમનાં ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમ રત યુનિવર્સિટીના જ્ઞાનની પરબસમા અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાર્થના કરું છું.

અસ્તુ.

**કુલપતિશ્રી ડૉ. અમીબહેન ઉપાધ્યાય**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, 'જ્યોતિર્મય પરિસર',

સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ.

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

**BSW-SEM-1**

**BSW – 104 : ક્ષેત્રકાર્ય અને અહેવાલલેખન**


| | | | |
|---|---|---|---|
| 1. | **એકમ- 1** | ક્ષેત્રકાર્યની વ્યાખ્યા, હેતુઓ અને ગ્રામીણ સમુદાયમાં ક્ષેત્રકાર્યનું મહત્વ | **01** |
| 2. | **એકમ - 2** | ક્ષેત્રકાર્યની પ્રયુક્તિઓ અને અહેવાલ લેખન | **12** |
| 3. | **એકમ -3** | ગ્રામીણ સમુદાયમાં ક્ષેત્રકાર્ય – I કુટુંબ, અર્થવ્યવસ્થા, શેક્ષણિક વ્યવસ્થા | **20** |
| 4. | **એકમ - 4** | ગ્રામીણ સમુદાયમાં ક્ષેત્રકાર્ય - II ગ્રામીણ સંસ્કૃતિ અને ધર્મ | **26** |
| 5. | **એકમ - 5** | ગ્રામિણ જીવનની વર્તમાન સ્થિતિ | **36** |
| 6. | **એકમ - 6** | ગ્રામીણ ક્ષેત્રકાર્યનું અહેવાલ લેખન | **50** |

# BSW - 104 ક્ષેત્રકાર્ય અને અહેવાલલેખન

## વિભાગીય પરિચય

*વિદ્યાર્થી મિત્રો, ક્ષેત્રકાર્ય અને અહેવાલલેખન એ સમાજકાર્યમાં પાયાગત જરૂરિયાત છે. કારણ કે સમાજકાર્ય એ વ્યવસાયિક અને કાર્યગત વિષય છે.ક્ષેત્રકાર્ય* (Fieldwork) *એ વિવિધ ક્ષેત્રોમાં કરવામાં આવતી પ્રયોગાત્મક અને વિશ્લેષણાત્મક કાર્યધારો છે, જે સામાન્ય રીતે એક ચોક્કસ વિષય, સંશોધન, અથવા અભ્યાસ માટે આવે છે. આ કાર્ય, પ્રાયોગિક રીતે, પ્રયોગશાળાની બહાર,*(Field) *અથવા કોઈપણ પ્રાકૃતિક પરિસ્થિતિમાં કરવામાં આવે છે. અહેવાલલેખન* (Report Writing) *એ લેખનપ્રક્રિયાનો એક મહત્વપૂર્ણ ભાગ છે જેમાં તમે જે કાર્ય કરી રહ્યા છો, તે વિષય પર વિગતવાર માહિતી એકઠી કરી અને તેનું વિવરણ તૈયાર કરો છો. અહેવાલ લીખવાનું મુખ્ય ઉદ્દેશ એ છે કે જે શોધ અને પદ્ધતિઓ આપવામાં આવે છે, તે બીજા લોકોને સરળતાથી સમજાવવી. ગ્રામીણ સમુદાયમાં સમાજકાર્ય કરવા માટે ક્ષેત્રકાર્ય અને અહેવાલલેખન મહત્વપૂર્ણ સાધનો છે. સમાજકાર્યના માધ્યમથી, સમાજના નીચલા સ્તરે રહેલા લોકોને લાભ પહોંચાડવો અને તેમની મુશ્કેલીઓ અને જરૂરિયાતો, સમજવા માટે આ કાર્ય ખૂબ જ અસરકારક છે.*

*વિદ્યાર્થી મિત્રો, એકમ એકમાં ક્ષેત્રકાર્યની વ્યાખ્યા, હેતુઓ અને ગ્રામીણ સમુદાયમાં ક્ષેત્રકાર્યનું મહત્વ શું છ? તેના વિશે વિસ્તુત માહિતી આપવામાં આવે છે. એકમ બેમાં ક્ષેત્રકાર્યની પ્રયુક્તિઓ અને અહેવાલ લેખન એ શિક્ષણ, સંશોધન અને અન્ય સઘન પ્રવૃત્તિઓમાં મહત્વપૂર્ણ ગુણવત્તાવાળી કાર્યરત પ્રણાલીઓ છે. જેમાં માહિતી મેળવવાની પ્રયુક્તિઓ અંગે વિસ્તૃત સમજૂતી આપવામાં આવી છે. એકમ ત્રણમાં ગ્રામીણ સમુદાયમાં ક્ષેત્રકાર્ય –" કુટુંબ, અર્થવ્યવસ્થા, શેક્ષણિક વ્યવસ્થા વિશે માહિતી આપી છે. જે સામાજિક સંસ્થા તરીકેના કાર્યમાં મહત્વની ભૂમિકા ભજવે છે. એકમ ચારમાં ગ્રામીણ સમુદાયની સંસ્કૃતિ અને ધર્મ વિશે અભ્યાસ કરવામાં આવ્યો છે. ગ્રામીણ સમુદાયમાં ક્ષેત્રકાર્ય -" ગ્રામીણ સંસ્કૃતિ અને ધર્મ શિર્ષક હેઠળ અને એકમ પાંચમાં ગ્રામિણ જીવનની વર્તમાન સ્થિતિ જેમાં આર્થિક સ્થિતિ, સ્વાસ્થ્ય અને આરોગ્ય, સામાજિક અને સાંસ્કૃતિક પરિવર્તનો, મહિલાઓની સ્થિતિ વિશે સમજૂતી આપવામાં આવે છે. એકમ છમાં ગ્રામીણ ક્ષેત્રકાર્યનું સંપૂર્ણ અહેવાલ લેખન કરવામાં આવે છે.*

# એકમ-1
# ક્ષેત્રકાર્યની વ્યાખ્યા, હેતુઓ અને ગ્રીમીણ સમુદાયમાં ક્ષેત્રકાર્યનું મહત્ત્વ

રૂપરેખા :-

**1.1** ઉદ્દેશ્યો

**1.2** પ્રસ્તાવના

**1.3** ક્ષેત્રકાર્ય કોને કહેવાય ?

**1.4** ક્ષેત્રકાર્યની વ્યાખ્યા

**1.5** ક્ષેત્રકાર્યના હેતુઓ

**1.6** ફિલ્ડવર્કના મુખ્ય લક્ષણો

**1.7** ગ્રામિણ સમુદાયમાં ક્ષેત્રકાર્યનું મહત્ત્વ

**1.8** સારાંશ

**1.9** તમારી પ્રગતિ ચકાસો

**1.10** તમારી પ્રગતિ ચકાસોના જવાબો

**1.11** ચાવીરૂપ શબ્દો

**1.12** સ્વાધ્યાય લેખન

**1.13** પ્રવૃત્તિ કરો

**1.14** કેસ સ્ટડી

**1.15** સંદર્ભસૂચિ

## 1.1 ઉદ્દેશ્યો :

વિદ્યાર્થીમિત્રો, આ એકમના અભ્યાસ બાદ તમે,

- ક્ષેત્રકાર્ય કોને કહેવાય ? તે અંગેની જાણકારી પ્રાપ્ત થશે.
- ક્ષેત્રકાર્યની વિવિધ વ્યાખ્યાઓ વિશેની જાણકારી મળશે.
- ક્ષેત્રકાર્યના મુખ્ય લક્ષણો વિશેની જાણકારી પ્રાપ્ત થશે.
- ગ્રામિણ સમુદાયમાં ક્ષેત્રકાર્યની ઉપયોગિતા શું છે ? તે વિશેની જાણકારી પ્રાપ્ત થશે.
- ફિલ્ડવર્ક (ક્ષેત્રકાર્ય)ના વિવિધ ફાયદાઓ વિશેની જાણકારી પ્રાપ્ત થશે.

## 1.2 પ્રસ્તાવના :

સમાજકાર્યમાં ક્ષેત્રકાર્યનું વિશેષ મહત્ત્વ છે. ક્ષેત્રકાર્ય વગર સમાજકાર્યનું શિક્ષણ અધુરું ગણાવી શકાય. કારણકે સમાજકાર્ય એ સમાજજીવનના વિવિધ પ્રશ્નો સાથે કામ કરે છે. જ્યાં વ્યક્તિ છે ત્યાં સમસ્યા છે અને જ્યાં સમસ્યા છે ત્યાં સાાજિક કાર્યકર છે. સમાજકાર્યકરે સમાજ

જીવનના વિવિધ મુદ્દાઓમાં અસરકારક દરમ્યાનગીરી કરવાની છે માટે સામાજિક કાર્યકરને સમાજ અને સમાજજીવનના વિવિધ મુદ્દાઓ અંગેની માહિતી અને જ્ઞાન હોવું જરૂરી છે.

આ એકમમાં સમાજકાર્યના શિક્ષણમાં ક્ષેત્રકાર્યની શી ઉપયોગિતા છે તે અંગેની વિસ્તૃત વિભાવનાને સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે. જેમાં ક્ષેત્રકાર્ય એટલે શું ? ક્ષેત્રકાર્યની જુદી-જુદી વ્યાખ્યાઓ, ક્ષેત્રકાર્ય અને સમાજકાર્ય વચ્ચેનો સબંધ સ્પષ્ટ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, સમાજ કાર્યના અભ્યાસક્રમમાં ક્ષેત્રકાર્યની ઉપયોગિતા શું છે ? તેને સ્પષ્ટ કરવાનો પ્રયાસ કરવામાં આવેલ છે.

સમાજકાર્યના શિક્ષણમાં ક્ષેત્રકાર્ય ખૂબ જરૂરી છે. ક્ષેત્રકાર્ય વ્યાવસાયિક પ્રેક્ટીસ દરમ્યાન આવતી પડકારજનક પરિસ્થિતિમાં કાર્યકરને સક્ષમ બનાવે છે. સમાજકાર્યનો ઈતિહાસ વર્ષો જૂનો છે. સમાજકાર્ય શિક્ષણની શરૂઆત એપ્રેન્ટિસના સ્વરૂપમાં અમેરિકામાં દાન સંગઠન સમિતિ (ચેરિટી ઓર્ગેનાઈઝેશન સોસાયટી) દ્વારા થઈ હતી. સમાજકાર્યના અભ્યાસક્રમમાં એક વ્યવસાય તરીકે ક્ષેત્રકાર્યની તાલિમની શરૂઆત 1898 માં કરવામાં આવી. જેમાં સમાજકાર્ય શિક્ષણ માટે નવી ભરતી કરવામાં આવેલા કાર્યકરો માટે તાલિમ આપવામાં આવતી હતી. અહીં તાલિમનું સ્વરૂપ માત્ર વ્યાવહારિક હતું. પાંચ અઠવાડિયાનો વ્યાવહારિક સૈદ્ધાંતિક તાલિમનો આ કાર્યક્રમ નવી ભરતી કરવામાં આવેલાં કાર્યકરો માટે હતો. તાલિમની પદ્ધતિપણ ખૂબ સાદી અને સરળ હતી. સમાજ કાર્યમાં વ્યાવહારિક તાલિમ શરૂ કરવાનો શ્રેય મેરી રીચમંડ ને જાય છે. તેઓ દાન સંગઠન સમિતિ સાથે જોડાયેલા હતા. સામાજિક વૈયક્તિક સેવાકાર્ય અને સમાજકાર્ય શિક્ષણના ખ્યાલ અને વિચારને વિકસાવવામાં તેમનું મહત્ત્વનું યોગદાન હતું.

સમાજકાર્યના ક્ષેત્રમાં આજે વ્યાવહારિક તાલિમનો વિકાસ થયો છે. સમાજકાર્યના વિવિધ ક્ષેત્રોમાં વિદ્યાર્થીઓ ફિલ્ડવર્ક માટે જાય છે. સામાન્ય રીતે પ્રથમ વર્ષમાં ગ્રામિણ ક્ષેત્રકાર્ય, બીજા વર્ષમાં શહેરી વિસ્તાર, અને સ્લમ્સ વિસ્તારમાં ક્ષેત્રકાર્ય માટે વિદ્યાર્થીઓ જાય છે. આ ઉપરાંત, સામાજિક વિકાસના મુદ્દે કાર્યરત વિવિધ સરકારી અ; બિન સરકારી સંસ્થાઓમાં પણ વિદ્યાર્થીઓ ફિલ્ડવર્ક માટે જાય છે. આ ક્ષેત્રકાર્યના માધ્યમથી સ્થાનિક સમુદાયની ઓળખ કરી તેમના પ્રશ્નોમાં જરૂરી માહિતી અને માર્ગદર્શન આપવાનું કામ કરી તેમના પ્રશ્નોમાં જરૂરી માહિતી અને માર્ગદર્શન આપવાનું કામ વિદ્યાર્થીઓ શરૂઆતમાં કરે છે. પછી ધીરે ધીરે વર્ગખંડમાં ભણાવાની સમાજકાર્યની થીયરીને પ્રેક્ટિસમાં મૂકવાનું કામ કરે છે. પ્રથમ વર્ષમાં ગ્રામિણ ક્ષેત્ર ઉપર વિશેષ ભાર મૂકવામાં આવે છે.

## 1.3 ક્ષેત્રકાર્ય કોને કહેવાય ? :

અન્ય અભ્યાસક્રમો કરતાં સમાજકાર્યનો્ભ્યાસક્રમ જુદો છે. કે જેમાં થીયરી સાથે પ્રેકિટકલ વર્કને વિશેષ મહત્ત્વ આપવામાં આવે છે. સમાજકાર્યના શિક્ષણમાં ક્ષેત્રકાર્ય એ જાતે કામ કરીને શીખવાની પ્રક્રિયા છે. સમાજકાર્યના અભ્યાસક્રમમાં ક્ષેત્રકાર્ય એ સૈદ્ધાંતિકજ્ઞાન દ્વારા શીખવાની ખૂબ જ મહત્ત્વની અને પાયાની પ્રક્રિયા છે. આ પ્રક્રિયા સમાંતરે ચાલે છે. વર્ગખંડમાં વિદ્યાર્થીઓ જે ભણે છે. સમાજકાર્યની વિવિધ થીયરી વિશે જે માહિતી અને જાણકારી પ્રાપ્ત કરે છે તે જાણકારીને વ્યવહારમાં મૂકવાનું કામ ક્ષેત્રકાર્ય દરમ્યાન કરવામાં આવે છે.

સમાજકાર્યના સિદ્ધાંતો, ખ્યાલો, નીતિઓ, પ્રક્રિયાઓ, મૂલ્યો, ભૂમિકા અને કુશળતાઓ અંગે વિદ્યાર્થીઓ સૈદ્ધાંતિક જ્ઞાન મેળવે છે. આ ઉપરાંત, સમાજકાર્યની મુખ્ય અને ગૌણ પદ્ધતિઓ વિશેનો અભ્યાસ કરે છે તેને વ્યવહારમાં મૂકવાનું કાર્ય ફિલ્ડવર્ક દરમ્યાન કરવામાં આવે છે. આ ખૂબ મહત્ત્વની પ્રક્રિયા છે. સમાજકાર્યના સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના વિવિધ

અભ્યાસક્રમોમાં ફિલ્ડવર્ક એ અભ્યાસક્રમનો ભાગ છે. જેમાં અઠવાડિયામાં થીયરી સાથે ફિલ્ડવર્કની ગોઠવણી કરવામાં આવે છે. અભ્યાસક્રમમાં થીયરી સાથે પ્રેક્ટિસને અભ્યાસનું અડધું એટલે કે પચાસ ટકા મહત્ત્વ આપવામાં આવે છે. ગુજરાત વિદ્યાપીઠના સમજકાર્ય વિભાગમાં તો આજે પણ અઠવાડિયા ત્રણ દિવસ (મંગળ, ગુરુ અને શુક્ર) વિદ્યાર્થીઓ ક્ષેત્રકાર્ય માટે જાય છે અને ત્રણ દિવસ વર્ગશિક્ષણ મેળવે છે. સમાજકાર્યનું શિક્ષણ આપની કેટલીક કોલેજોમાં અઠવાજડિયામાં બે દિવસ ફિલ્ડવર્ક કરવામાં આવે છે. તો કેટલીક કોલેજોમાં સત્ર દરમ્યાન 150 (દોઢસો) કલાકનું ફિલ્ડવર્ક કરવાનું હોય છે. તેનો મતલબ એ થાય કે એક દિવસમાં સરેરાશ પાંચ કલાક ફિલ્ડવર્ક કરવામાં આવે છે. એટલે 150 કલાકનું ફિલ્ડવર્ક કરવા માટે એક મહિનો ફિલ્ડવર્ક કરવું પડે. આ દૃષ્ટિએ 30 થી લઈને 50 ટકા જેટલું ભારણ ફિલ્ડવર્કને આપવામાં આવે છે.

વાસ્તવમાં ફિલ્ડવર્ક એ,

- ➢ સૈદ્ધાંતિક જ્ઞાનને વ્યવહારમાં મૂકવાની પ્રક્રિયા છે.
- ➢ વ્યાવહારિક શિક્ષણમાં થીયરી કરતાં પ્રેક્ટિસનું વિશેષ મહત્ત્વ છે.
- ➢ ક્ષેત્રકાર્ય સમાજકાર્યને અનુરૂપ કાર્યકરોના વલણોને વિકસાવવામાં મદદ કરે છે.
- ➢ ક્ષેત્રકાર્ય એ સામાજિક કાર્યકરોને વાસ્તવિક સ્થિતિનું ભાન કરાવે છે.
- ➢ ક્ષેત્રકાર્ય એ સમસ્યાના ઉકેલ સબંધી પાયાનું જ્ઞાન પુરું પાડવાનું કામ કરે છે.
- ➢ પ્રત્યક્ષ જ્ઞાન થકી દરમ્યાનગીરીની કુશળતાઓ વિકસાવી શકાય છે.

## 1.4 ક્ષેત્રકાર્યની વ્યાખ્યા :

ફિલ્ડવર્કનો અર્થ છે કોઈ પ્રોજેક્ટ અથવા અભ્યાસ માટે જરૂરી માહિતી મેળવવા કોઈ ચોક્કસ સ્થળ અથવા વાસ્તવિક જીવનના પર્યાવરણમાં જઈને સંશોધન અથવા કાર્ય કરવું.

ફિલ્ડવર્ક એ સંશોધન કે અભ્યાસની એવી પ્રક્રિયા છે જેમાં વ્યક્તિ જાતે જ ફિલ્ડવર્કમાં જઈને માહિતી મેળવે છે, અવલોકન કરે છે, અથવા ડેટા એકત્ર કરે છે, જેનાથી વિશિષ્ટની વિગતવાર સમજ મેળવવામાં મદદ થાય છે.

ફિલ્ડવર્ક એ એક વ્યવહારિક અભ્યાસની પદ્ધતિ છે, જેમાં સંશોધન કર્તા અથવા શીખનાર વ્યાવસાયિક પરિસ્થિતિમાં જઈને પ્રાથમિક માહિતી મેળવે છે, અવલોકન કરે છે અને ડેટાનું વિશ્લેષણ કરે છે. આ પદ્ધતિનો મુખ્ય ઉદ્દેશ્ય સૈદ્ધાંતિક જ્ઞાનને વાસ્તવિક જીવનમાં અજમાવવા અને વર્તમાન પરિબળોને સમજવા માટે મદદ કરે છે.

સમાજશાસ્ત્ર શબ્દકોશ અનુસાર ક્ષેત્રકાર્ય એટલે સામાજિક સર્વેક્ષણ અથવા વિભિન્ન ભૌગોલિક ક્ષેત્રમાં વસવાટ કરતી વસ્તીમાંથી પ્રાથમિક માહિતી એકત્ર કરવાની પ્રક્રિયા. આ વ્યાખ્યા સમાજશાસ્ત્રીય દૃષ્ટિકોણથી તદ્દન સાચી છે. પરંતુ સમાજકાર્યમાં ક્ષેત્રકાર્યનો અર્થ જુદો છે.

સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્ય એટલે કોઈપણ પ્રકારની સામાજિક સંસ્થા કે એજન્સીમાં વ્યાવહારિક અુભવ મેળવવો. જે વિદ્યાર્થીઓ સામાજિક કાર્યકર બનવા માંગે છે તેના માટે ફિલ્ડવર્ક ખૂબ જરૂરી બાબત છે.

ક્ષેત્રકાર્ય એ વિદ્યાર્થી અને સામાજિક જીવનની સ્થિતિ વચ્ચેની માર્ગદર્શિકા આંતરક્રિયાત્મક પ્રક્રિયા છે. જેમાં વ્યાવસાયિક સમાજકાર્ય માનવ પર્યાવરણ આંતરક્રિયાત્મક પ્રક્રિયા છે. જેમાં

વ્યાવસાયિક સમાજકાર્ય માનવ પર્યાવરણની સંભાવનાઓનો વિકાસ કરી જરૂરિયાતને લક્ષમાં રાખી ઈલાજ, સુધાર અને પરિવર્તન માટે બંધાયેલ છે અને ઘનિષ્ઠ સબંધ ધરાવે છે.

ક્ષેત્રકાર્ય એ સામાજિક કલ્યાણ સંસ્થા અને સમુદાયમાં થતું કાર્ય છે. જયાં વિદ્યાર્થી કુશળતાઓ શીખે છે. શૈક્ષણિક આયોજન અનુસાર જ્ઞાનની ચકાસણી કરે છે. સમગ્ર કાર્યક્રમ વિદ્યાર્થી અને ક્ષેત્ર આધારિત છે.

સમાજકાર્યમાં ક્ષેત્રકાર્યનું વિશેષ મહત્ત્વ છે. સમાજકાર્યમાં ક્ષેત્રકાર્યએ તાલિમ પામેલ વિષય નિષ્ણાંત વ્યક્તિના સુપરવિઝન હેઠળ વિદ્યાર્થી માટે કરવામાં આવતી કામગીરી છે. શૈક્ષણિક રીતે સમાજકાર્યના વિદ્યાર્થીઓનું જોડાણ સંસ્થાઓ, એજન્સીઓ અને સમુદાય સાથે થાય છે જયાં તેઓ માનવ જરૂરિયાતને પોતાના જ્ઞાન, સમજ અને અનુભવથી સમજી મદદ કરવાનો પ્રયાસ કરે છે.

સમાજકાર્યની વ્યાખ્યાઓના આધારે, કેટલીક નોંધપાત્ર બાબતો જુદી તારવી શકાય છે. ફિલ્ડવર્ક દરમ્યાન કાર્યકર સમાજની જુદી જુદી વ્યક્તિઓ સાથે સબંધ સ્થાપન કરીને જરૂરી માહિતી અને જાણકારી પ્રાપ્ત કરે છે. ક્ષેત્રકાર્ય સામાજિક કાર્યકરોને સક્ષમ બનાવવાની પ્રક્રિયા ઉપર સવિશેષ ભાર મૂકે છે. ક્ષેત્રકાર્યના માધ્યમથી સામાજિક કાર્યકરને સમાજજીવનની વાસ્તવિક સ્થિતિ વિશેનો ખ્યાલ આવી શકે છે. સમાજની કોઈપણ સમસ્યાને કાર્યકર તેના મૂળમાંથી સમજવાનો પ્રયત્ન કરી શકે છે. કોઈપણ સમસ્યાનો વૈજ્ઞાનિક દષ્ટિએ અભ્યાસ કરી તેના નિવારણ માટેના શું ઉકેલો હોઈ શકે ? તે દિશામાં તે વિચારી શકે છે. જેમ કે, બાળલગ્ન એ આપણો સામાજિક સમસ્યા છે. આજે પણ આપણી સામાજિક વ્યવસ્થામાં સરકાર દ્વારા કડક કાયદાઓ બનાવવા છતાંપણ બાળલગ્નો થાય છે. આબાળલગ્નોની અટકાયતમાં સામાજિક કાર્યકરની ભૂમિકા ખૂબ મહત્ત્વની છે. આ બાળલગ્નોની અટકાયત માટે સામાજિક કાર્યકરે જો કામ કરવું હોય તો બાળલગ્ન ક્યાં થાય છે ? શહેરી સમુદાય કે ગ્રામિણ સમુદાયમાં ? શિક્ષિત સમાજ કે અશિક્ષિત સમાજમાં ? બાળલગ્ન કરવા પાછળના કારણો ક્યા છે ? તે મુદ્દે જાણકારી જરૂરી છે. ક્ષેત્રકાર્ય દરમ્યાન સામાજિક કાર્યકરો ઉપરોક્ત તમામ મુદ્દે માહિતી એકત્ર કરે છે. લોકોની પ્રત્યક્ષ મુલાકાત કરે છે અને બાળલગ્નના મુદ્દાને વૈજ્ઞાનિક દષ્ટિકોણથી સમજવાનો પ્રયત્ન કરે છે. આ પ્રક્રિયા પછી કાર્યકર બાળલગ્નોની અટકાયત માટેના પ્રયત્નો કરી શકે છે. જો આ રીતે સમસ્યા નિવારણની કામગીરીને વૈજ્ઞાનિક ઢબે કરવા માટે ક્ષેત્રકાર્ય જરૂરી છે. જો તમને જે મુદ્દા ઉપર કામ કરવાનું છે તે મુદ્દા અંગે તમારી પાસે યોગ્ય જાણકારી ન હોયતો એક કાર્યકર તરીકે તમે અસર કારક દરમ્યાનગીરી કરી શકતા નથી. આ ખ્યાલને વૈજ્ઞાનિક દષ્ટિએ સમજવા જરૂરી છે.

## 1.5 ક્ષેત્રકાર્યના હેતુઓ :

સોશ્યલ રિવ્યું કમિટી દ્વારા 1978માં ભારતમાં સમાજકાર્ય શિક્ષણ અહેવાલમાં ક્ષેત્રકાર્ય તાલિમ અંગેના ચોક્કસ હેતુઓ દર્શાવવામાં આવ્યા છે જે અંગેની વિગત નીચે મુજબ છે.

(1) પ્રસ્તુત ક્ષેત્રની હકીકતોનો અભ્યાસ કરવા માટે, મેળવેલા જ્ઞાનનો અમલ કરવા માટે, સમસ્યાઓનું પૃથ્થકરણ અને સમસ્યાઓના ઉચિત ઉકેલની પસંદગી માટે વ્યાવહારિક શિક્ષણ વ્યાવસાયિક કુશળતાઓનો વિકાસ કરે છે.

(2) વ્યક્તિ, જૂથ, કુટુંબ અને સમુદાયની સમસ્યાઓના ઉકેલ માટે કાર્ય કરવાની અને સામાજિક સંસ્થાઓ તેમજ તેની પ્રક્રિયાઓમાં સુક્ષ્મ સ્તરે પરિવર્તન લાવવા માટેની કુશળતાઓનો વિકાસ કરવો.

(3) થીયરી અને પ્રેક્ટિસ વચ્ચે જોડાણ ઉભું કરવાની તક પુરી પાડવી.

(4) વ્યાવસાયિક પ્રેક્ટિસ માટે જરૂરી કુશળતાઓનો વિકાસ કરવો.

(5) કોઈપણ પરિસ્થિતિમાં વ્યાવસાયિક નિર્ણયાત્મકતા, નિષ્પક્ષતા, અને વસ્તુલક્ષિના વલણોનો વિકાસ કરવો.

(6) વ્યાવસાયિક મૂલ્યો વિકસાવવા, માનવ ગૌરવ અ; સહભાગિતાના અધિકારનું મૂલ્ય ઉભું કરવું.

(7) વ્યાવસાયિક વિચારધારાના સંદર્ભમાં જાગૃતિ લાવવી.

દિલ્હી સ્કૂલ ઑફ સોશ્યલવર્ક દ્વારા 1981માં ફિલ્ડવર્ક ઈન સોશ્યલ વર્ક એજ્યુકેશન વિષય પરના ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામમાં ક્ષેત્રકાર્ય તાલિમ માટેના ચોક્કસ હેતુઓ નિર્ધારિત કરવામાં આવ્યા હતા. જેમાં જ્ઞાન, કુશળતા અને વલણના સંદર્ભમાં વ્યાવસાયિક વૃદ્ધિ માટે વિદ્યાર્થીઓના વલણોના વિકાસ પર ભાર મૂકવામાં આવ્યો હતો.

## 1.6 ફિલ્ડવર્કના મુખ્ય લક્ષણો :

**(1)** **પ્રત્યક્ષ અવલોકન :-** અવલોકન દ્વારા જરૂરી માહિતી મેળવી શકાય છે. ક્ષેત્રકાર્યમાં જે તે સમસ્યા સબંધી માહિતી મેળવવા માટે વ્યક્તિની રૂબરૂ મુલાકાત લેવામાં આવે છે. આ માહિતી મેળવવાની પ્રક્રિયા દરમ્યાન સેવાર્થીના હાવ-ભાવ અને વલણોના આધારે ઘણી માહિતી અને જાણકારી પ્રાપ્ત કરી શકાય છે. એ જરૂરી નથી કે બધી જ માહિતી અને જાણકારી પ્રશ્નોજ પૂછવાથી બહાર આવે. કાર્યકર સમસ્યાગ્રસ્ત વ્યક્તિને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ સાથે તેનું અવલોકન કરે તો પણ ઘણી જાણકારી પ્રાપ્ત થઈ શકે છે.

**(2)** **મૂળભૂત માહિતીની પ્રાપ્તિ :-** ક્ષેત્રકાર્ય દ્વારા જરૂરિયાત મુજબ નવી અને પ્રાથમિક માહિતી એકત્ર થાય છે. કોઈપણ સમસ્યામાં એક કાર્યકર તરીકે અસરકારક દરમ્યાનગીરી કરવા માટે માહિતી જરૂરી છે. માહિતી વગર કામ કરવું શક્ય નથી. જે મુદ્દા ઉપર કાર્ય કરે કામ કરવાનું છે તે મુદ્દા સંદર્ભમાં સેવાર્થી અથવા અસરગ્રસ્તો પાસેથી પાયાની માહિતી મેળવવી જરૂરી છે.

**(3)** **અભ્યાસની સ્વતંત્રતા :-** આ પ્રક્રિયામાં સંશોધક પોતે નક્કી કરે છે કે શું અવલોકન કરવું છે અને કેવી રીતે જાણકારી એકત્ર કરવી છે, સામાજિક કાર્યકર પોતાની આગવી દૃષ્ટિથી માહિતી મેળવવા સ્વતંત્ર છે. પોતે જે સમસ્યા ઉપર કામ કરી રહ્યો છે તે અંગે સમસ્યા અંગે પોતે ઈચ્છે તે પ્રકારની જાણકારી મેળવી શકે છે. આ માહિતી કાર્યકરને દરમ્યાનગીરી કરવા માટે ખૂબ ઉપયોગી બની રહે છે.


**(4)** **વિષયલક્ષી અભિગમ :-** ક્ષેત્રકાર્યના વિષય સાથે જોડાયેલી સમસ્યાઓ અને પરિબળોને સમજવામાં મદદ કરે છે. ફિલ્ડવર્ક દરમ્યાન કાર્યકર મહિલાઓ સાથે જો કામ કરતો હોય તો તે મહિલાઓ સબંધી માહિતી મેળવી શકે છે. કોઈપણ કાર્યકર વિવિધ મુદ્દાઓ ઉપર કામ કરે છે ત્યારે કાર્યકર પોતાને જરૂરી હોય તેવા વિવિધ મુદ્દાઓ સંદર્ભે માહિતી મેળવી શકે છે. આ કામગીરી માટે તેણે બીજા વ્યક્તિઓ ઉપર નિર્ભર રહેવું પડતું નથી.

**(5)** **પ્રાયોગિક અભિગમ :-** તે વ્યવહારના પરિબળોને સમજવા અને કાર્યક્ષમતા માટે વાસ્તવિક જીવનની પરિસ્થિતિઓ સાથે સંકળાય છે, સમાજ કાર્યમાં પ્રેક્ટિસ એ પ્રાયોગિક અભિગમ છે. તમે એક કાર્યકર તરીકે જે મુદ્દાઓ ઉપર કામ કરે છે તે મુદ્દાઓ અંગેની વાસ્તવિક

માહિતી આ અભિગમ થકી પ્રાપ્ત થઈ શકે છે. પ્રાયોગિક અભિગમ કાર્યકરને વધારે પ્રત્યક્ષ બનાવે છે. આ અભિગમ થકી કાર્યકરને સમાજજીવનની વાસ્તવિક સ્થિતિ વિશેનો ખ્યાલ આવી શકે છે.

## 1.7 ગ્રામિણ સમુદાયમાં ક્ષેત્રકાર્યનું મહત્ત્વ :

સમાજકાર્યના અભ્યાસક્રમમાં થીયરી અને પ્રેક્ટિકલ એ એક સિક્કાની બે બાજુ જેવા છે. થીયરી વગર પ્રેક્ટિકલ અઘરું છે અને પ્રેક્ટિકલ વગરની થીયરી અધુરી છે તેમ કહી શકાય. કારણ કે સમાજકાર્યએ જીવાતા જીવનના પ્રશ્નો સાથે કામ કરે છે. સમાજકાર્યનું મુખ્ય ધ્યેય સમાજકાર્યનો અંત લાવવાનું છે. આજે સમાજમાં જુદા-જુદા પ્રકારના પ્રશ્નો વધી રહ્યાં છે.




આ પ્રશ્નોને વૈજ્ઞાનિક દૃષ્ટિએ સમજવા માટે ક્ષેત્રકાર્ય જરૂરી છે.

ફિલ્ડવર્કનો મુખ્ય ઉદ્દેશ્ય સિદ્ધાંતોને વાસ્તવિક પરિસ્થિતિમાં લાગું કરવાનો અને તજજ્ઞતાનો વિકાસ કરવાનો છે.

સમાજકાર્ય સિવાય જુદા-જુદા ક્ષેત્રોમાં પણ ફિલ્ડવર્કને વિશેષ મહત્ત્વ આપવામાં આવે છે.

- ➢ ભૂગોળમાં નદીઓના પ્રવાહનું અવલોકન કરવા માટે સ્થળ ઉપર જવું.
- ➢ બાયોલૉજીમાં પ્રાણી અને પક્ષીઓના વ્યવહારનો અભ્યાસ કરવા માટે જંગલમાં જવું.
- ➢ આર્કિયોલૉજીમાં ખોદકામ કરવા માટે ઐતિહાસિક સ્થળ ઉપર જઈને અભ્યાસ કરવો.
- ➢ વિજ્ઞાનના વિદ્યાર્થીઓ પ્રેક્ટિકલ માટે પ્રયોગશાળામાં જાય છે.

ક્ષેત્રકાર્યનો ઉપયોગ ઉર્જા અને કાર્યક્ષમતાના અભ્યાસમાં મહત્ત્વપૂર્ણ છે. વિદ્યાર્થી કાર્યકર ગ્રામિણ ક્ષેત્રકાર્ય દરમ્યાન ગામડાની આર્થિક, સામાજિક, રાજકીય અને સાંસ્કૃતિક સ્થિતિનો અભ્યાસ કરે છે. આ ઉપરાંત, ગામડાની વસ્તી, શિક્ષણ, જાતિ, જ્ઞાતિ અને પ્રાથમિક સુવિધાઓનો વિગતે અભ્યાસ કરી શકે છે. ગ્રામિણ સમુદાયના મુખ્ય અને ગૌણ સાધનો ક્યા છે તે અંગેની જાણકારી પ્રાપ્ત કરી શકાય છે.

- ➢ ગામમાં કામ કરતી ઔપચારિક અને અનૌપચારિક સંસ્થાઓ વિશેની માહિતી મેળવી શકાય છે.

- ગ્રામપંચાયત, પંચાયતના સભ્યો અને તેની કામગીરી વિશે ખ્યાલ આવી શકે છે.
- ગામની આરોગ્યલક્ષી માહિતી જાણવી. ગામના લોકોનું આરોગ્ય, બાળકો માટેનું રસીકરણ, પોષણક્ષમ આહાર, સગર્ભા સ્ત્રીઓને આપવામાં આવતી રસીઓ, તથા પોષણક્ષમ આહાર, મહિલાઓ તથા પુરુષોમાં જોવા મળતાં વિવિધ રોગો વિશે જાણી શકાય છે.
- સ્થાનિક કક્ષાએ કાર્યરત-મહિલા મંડળ, યુવામંડળ, સહકારી મંડળી વગેરે વિશે જાણી શકાય છે.
- ગામની વિવિધ પ્રકારની જમીનો વિશે માહિતી મેળવી શકાય છે. ખેતીની વિવિધ પદ્ધતિઓ, બિયારણો, સાધનો વગેરે વિશે માહિતી મેળવી શકાય છે.
- શાળાની મુલાકાત દરમ્યાન બાળકોની સંખ્યા, શિક્ષકોની સંખ્યા, શાળાની સ્થાપના, શિક્ષણની પદ્ધતિ, ગુણવત્તા, વિદ્યાર્થી વિકાસ માટેની વિવિધ પ્રવૃત્તિઓ, વિવિધ દિવસોની ઉજવણી, વિદ્યાર્થીઓ પ્રત્યે શિક્ષકોનું વલણ, ગામ લોકોનો સહયોગ, શાળાનું સ્થળ, શૌચાલયની સુવિધા, પ્રયોગશાળા, રમતનું મેદાન, રમત માટેના સાધનો, મધ્યાહન ભોજનની વ્યવસ્થા, ડ્રોપઆઉટ બાળકો અને તે પાછળના મુખ્ય કારણો વિશે વિગતે અભ્યાસ કરી શકાય છે.
- શાળા વ્યવસ્થાપન સમિતિ, તેના કાર્યો, SMCના સભ્યો અને તેની કામગીરી અંગે જાણકારી પ્રાપ્ત કરી શકાય છે.
- ગ્રામિણ વિસ્તારમાં કૃષિ સાથે પુરક વ્યવસાય તરીકે પશુપાલન કરવામાં આવે છે. ગ્રામિણ લોકોને આર્થિક રીતે સક્ષમ કરવા માટે પશુપાલનનું વિશેષ યોગદાન છે. પશુપાલનના વ્યવસાય પછી લોકોનું આર્થિક સશક્તિકરણ કઈ રીતે થઈ શક્યું છે તે અંગે લોકોની રૂબરૂ મુલાકાત કરીને આ તમામ પ્રકારની માહિતી મેળવી શકાય છે.
- ગ્રામ પંચાયત એ લોકશાહીનું પાયાનું એકમ છે. પંચાયતની સ્થાપના, અને પંચાયતની વિવિધ સમિતિતિઓ અંગેની જાણકારી મેળવી શકા છે. આ તમામ પ્રકારની જાણકારી ગ્રામવિકાસની સમગ્ર પ્રક્રિયાને સમજવા અને તેમાં અસરકારક દરમ્યાનગીરી કરવા ખૂબ ઉપયોગી બની શકે છે.

### 1.7.1 ક્ષેત્રકાર્ય શા માટે ? ક્ષેત્રકાર્યની ઉપયોગિતા :

ક્ષેત્રકાર્ય માટે નીચેની બાબતો ખૂબ મહત્ત્વની બની રહે છે.

- પ્રેક્ટિસના માધ્યમથી શીખી શકાય છે.
- સમાજકાર્યની થીયરીનો પ્રેક્ટિસમાં ઉપયોગ કરી શકાય છે.
- પ્રત્યક્ષ શિક્ષણ દ્વારા વ્યક્તિ પોતાની મર્યાદાઓ અને ક્ષમતાઓ જાણી શકે છે.
- સમાજકાર્યની વિવિધ પદ્ધતિઓનો ક્ષેત્રકાર્યમાં ઉપયોગ કરી શકાય છે.
- ક્ષેત્રકાર્યના માધ્યમથી વ્યક્તિના જ્ઞાન, વલણ અને કુશળતાઓનો વિકાસ કરી શકાય છે.
- સામાજિક કાર્યકર્તાઓ ગ્રામ વિકાસ સબંધી વિવિધ યોજનાઓ અંગેની જાણકારી પ્રાપ્ત કરી શકે છે.

- સમાજજીવનની વિવિધ સમસ્યાઓના મૂળસુધી પહોંચવા માટે ક્ષેત્રકાર્ય ખૂબ જરૂરી છે.
- ક્ષેત્રકાર્યના માધ્યમથી કાર્યકર ગ્રામિણ સમુદાય, શહેરી સમુદાય અને આદિવાસી સમુદાયની આર્થિ, સામાજિક, રાજકીય અને સાંસ્કૃતિક પરિસ્થિતિ અંગે પ્રત્યક્ષ પરિચય થકી જાણકારી પ્રાપ્ત કરી શકાય છે.
- ક્ષેત્રકાર્યના માધ્યમથી માલિકો - કામદારો વચ્ચેના સબંધો, કામદારોને આપવામાં આવતી સલામતિ અને કલ્યાણલક્ષી સેવાઓ અંગે માહિતી મેળવી શકાય છે.
- ક્ષેત્રકાર્યની તાલિમ થકી વ્યક્તિ સારો સામાજિક કાર્યકર બની શકે છે આ કાર્યકરો સામાજિક વિકાસ ક્ષેત્રે પ્રવૃત્ત બની યોગ્ય કામ આપી શકે છે.
- સામાજિક કાર્યકરોમાં નવી સ્થિતિઓના સ્વીકારની ક્ષમતા વિકસે છે.
- કાર્યકર્તા સબંધ સ્થાપનના માધ્યમથી તેના અનુભવોનો ઉપયોગ કરી સામાજિક વિકાસમાં નોંધપાત્ર પ્રદાન આપી શકે છે.
- ક્ષેત્રકાર્ય દ્વારા વ્યક્તિ, જૂથ કે સમુદાયની પ્રવર્તમાન સ્થિતિમાં પરિવર્તન લાવી શકાય છે.

આમ, ક્ષેત્રકાર્યનો મુખ્ય હેતુ જાણકારી અથવા માહિતી મેળવવાનો જ નથી પરંતુ લોકોના પ્રશ્નોમાં અસરકારક દરમ્યાનગીરી કરવાનો પણ છે. ગ્રામિણ સમુદાયમાં ક્ષેત્રકાર્યના માધ્યમથી સમુદાય અંગે વિવિધ જાણકારી પ્રાપ્ત કરી લોકોની જરૂરિયાત અનુસાર વિવિધ પ્રવૃત્તિ અને કાર્યક્રમોનું આયોજન કરી શકાય છે. રોજગારી વિષયક, સામાજિક બાબતોને, શૈક્ષણિક બાબતો, પર્યાવરણ, આરોગ્ય, મહિલાઓ, યુવાનો, સ્વચ્છતા અને પોષણ સબંધી વિવિધ પ્રશ્નોમાં લોકોને જાગૃત કરીને તેમની સમસ્યાઓનું સમાધાન મેળવી શકાય છે. સમસ્યા નિવારણની પ્રક્રિયામાં અસરકારક લોકભાગીદારી મેળવવા માટે ક્ષેત્રકાર્ય જરૂરી છે.

ફિલ્ડવર્કના માધ્યમથી સામુદાયિક સ્તરે વિવિધ લોકજાગૃતિના કાર્યક્રમોનું આયોજન કરી શકાય છે. ગ્રામ સ્તરે લોકોના જુદા-જુદા જૂથોમાં જરૂરિયાત અનુસાર વિવિધ પ્રકારની તાલિમનું આયોજન કરી શકાય છે. વ્યક્તિનું કુટુંબ અને સમુદાયમાં પુનઃ સ્થાપન કરવા માટે પણ જરૂરી કામગારી કરી શકાય છે. ક્ષેત્રકાર્યના મુખ્ય ફાયદાઓ નીચે પ્રમાણે છે.

### 1.7.2 ક્ષેત્રકાર્યના ફાયદાઓ :

(1) **વાસ્તવિક જ્ઞાન :-** ગ્રંથોમાં લખાયેલ સિદ્ધાંતોને વાસ્તવિક પરિસ્થિતિમાં સમજવા માટે ઉપયોગી છે. પુસ્તકોમાં લખાયેલ વિગતો વર્ષો જૂની છે. માટે તમારે પ્રવર્તમાન સ્થિતિને સમજી કામ કરવા માટે વાસ્તવિક જ્ઞાન હોવું જરૂરી છે. ક્ષેત્રકાર્યના માધ્યમથી વાસ્તવિક જ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે. ફિલ્ડવર્ક દ્વારા મળેલ માહિતી છેલ્લી અને અપડેટ થયેલી હોય છે જેનાથી નક્કર આયોજન કરી શકાય છે.

(2) **પ્રાયોગિક કુશળતા :-** શિખનાર વ્યક્તિને હાર્દ અને કામ કરવાની યોગ્યતા વિકસિત થાય છે. વર્ગશિક્ષણ દરમ્યાન પ્રાપ્ત થયેલ થીયરી વિશેનું જ્ઞાન અને ક્ષેત્રકાર્યમાં તે જ્ઞાનનો ઉપયોગ કરવાની બાબત તે તદ્દન ભિન્ન છે. કામ કરવાથી કુશળતાઓનો વિકાસ થાય છે. સબંધ સ્થાપન, વાતચીત કરવાની કુશળતા, વિશ્વાસ સંપાદન કરવાની કુશળતાઓ પ્રેક્ટિસ દ્વારા વિકસાવી શકાય છે.

(3) **સંપર્ક અને અનુભવ :-** ક્ષેત્રકાર્ય એ અલગ-અલગ સ્થળોના અનુભવ અને પરિસ્થિતિઓ સાથે જોડાણ કરવાનું ઉત્તમ માધ્યમ છે, સાધન છે. ફિલ્ડવર્ક દ્વારા સંપર્ક વિકસાવી શકાય છે અને કામગારી દરમ્યાનના સારો - ખરાબ અનુભવો દ્વારા ઘણું શીખી શકાય છે. આમ, આ બંને પ્રક્રિયા ખૂબ અસરકારક રીતે કરવા ફિલ્ડવર્ક જરૂરી છે.

(4) **જટિલ સમસ્યાઓની સમજૂતિ :-** સમાજમાં કેટલીક સમસ્યાઓના મૂળ વર્ષો જૂના છે. આ સમસ્યાઓ વર્ષોના પ્રયત્નો પછી પણ તેને મૂળમાંથી ઉકેલી શકાય નથી. આ સમસ્યાઓની ઓળખ કરી તેને ઉકેલવા માટે જે તે સમસ્યા વિશેની જાણકારી જરૂરી છે. ફિલ્ડવર્કમાં લોકો સાથેની મુલાકાત દરમ્યાન સમાજની જટિલ અને ગંભીર સમસ્યાઓ વિશે જામકારી પ્રાપ્ત કરી શકાય છે. આ જટિલ સમસ્યાઓને સ્થળ પર જઈને અવલોકન કરવાથી સમસ્યાઓનો સરળ ઉકેલ મેળવી શકાય છે.

આ કામગારી માટે કેટલીક મહત્ત્વપૂર્ણ સાધન સામગ્રી પણ જરૂરી બની રહે છે. વૈજ્ઞાનિક ઢબે કામગારી કરવા માટે યોગ્ય તૈયાર કરવી જરૂરી છે. સ્થળ અને અભ્યાસ માટે પૂરતી તૈયારી કરવી જરૂરી છે. GPS, નકશા, ડાયરી અને કેમેરા જેવી સાધન સામગ્રી ક્ષેત્રકાર્ય માટે જરૂરી બની રહે છે. બધી જ પરિસ્થિતિ સરળ હોતી નથી. વિકટ પરિસ્થિતિઓમાં સલામતી માટે યોગ્ય વિયવસ્થા જરૂરી છે. ફિલ્ડવર્કનો ઉપયોગ શિક્ષણ, સંશોધન અને વિકાસ પ્રોજેક્ટ્સ માટે વ્યાપકપણે થાય છે.

## 1.8 ઉપસંહાર :

સમાજકાર્યના અભ્યાસક્રમમાં થીયરી અને પ્રેક્ટિકલ એ એક સિક્કાની બે બાજુ જેવા છે. થીયરી વગર પ્રેક્ટિકલ અધરું છે અને પ્રેક્ટિકલ બાબતો બંને કોઈપણ પરિસ્થિતિને સમજવા જરૂરી છે. યોગ્ય થીયરી વગર પ્રેક્ટિકલ કાર્ય અધુરું છે તેવીજ રીતે અસરકારક પ્રેક્ટિકલ વર્ક કરવા માટે થીયરી જરૂરી છે. આમ, થીયરી અને પ્રેક્ટિસ એ બંને એકબીજાને પૂરક છે. સામાજિક કાર્યકરે વિવિધ સામાજિક સમસ્યાઓમાં અસરકારક દરમ્યાનગીરી કરવા માટે ક્ષેત્રકાર્ય જરૂરી બની રહે છે.

થીયરી જ્યાં સુધી પ્રેક્ટિસમાં ન આવે ત્યાં સુધી તેમાંથી પરિણામ પ્રાપ્ત કરી શકાતું નથી. જેમ કે, પાણીમાં તરવાની થીયરી શું છે ? તો કોઈપણ વ્યક્તિ ખૂબ જ સહજતાથી કહી શકે છે કે પાણીમાં પડી અને હાથપગ હલાવવા. આ થીયરી એકદમ સાચી છે પણ આટલી જાણકારી પ્રાપ્ત કરીને જો આપણે પાણીમાં પડીએ તો શું થાય ચે ? બની શકે કે શરૂઆતમાં ડૂબી જવાય.. અથવા થોડું પાણી પી જવાય. અહીં સવાલ એ થાય કે આવું કેમ થાય છે ? તો સવાલનો સરળ જવાબ એ છે કે આપણે થીયરીને પ્રેક્ટિસમાં મૂકી નથી. સમાજકાર્યમાં પણ આ સમજ જરૂરી છે. આ દૃષ્ટિએ અસરકારક રીતે સમાજના વિવિધ પ્રશ્નોને સમજી તેમાં દરમ્યાનગીરી કરવા માટે ક્ષેત્રકાર્યએ ખૂબ પાયાની બાબત ગણાવી શકાય.

## 1.9 તમારી પ્રગતિ ચકાસો :

(1) ભારતમાં સમાજકાર્ય શિક્ષણના સંદર્ભમાં સોશિયલ રિવ્યું કમિટિએ ક્યા વર્ષમાં અભ્યાસ કર્યો હતો ?

A. 1970 B. 1974 C. 1978 D. 1980

(2) દિલ્હી સ્કૂલ ઑફ સોશિયલ વર્ક દ્વારા ક્યા વર્ષમાં ક્ષેત્રકાર્યના સંદર્ભમાં ફેકલ્ટી ડેવલોપમેન્ટ પ્રોગ્રામ કરવામાં આવ્યો હતો ?

A. 1980 B. 1981 C. 1982 D. 1983

(3) ફિલ્ડવર્ક ઈન સોશિયલવર્ક એજ્યુકેશન પ્રોગ્રામ કોના દ્વારા કરવામાં આવ્યો હતો ?

A. દિલ્હી સ્કૂલ ઑફ સોશ્યલવર્ક B. TIS - મુંબઈ

C. ગુજરાત વિદ્યાપીઠ D. M.S. યુનિવર્સિટી, વડોદરા

(4) ફિલ્ડવર્ક ઈન સોશ્યલવર્ક એજ્યુકેશન પ્રોગ્રામમાં કઈ બાબતો ઉપર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો ?

A. જ્ઞાન B. કુશળતા

C. વલણ D. જ્ઞાન, કુશળતા અને વલણો

(5) નીચેનામાંથી ક્ષેત્રકાર્યનો હેતુ શું છે ? તે જણાવો.

A. થીયરીનો ફિલ્ડમાં ઉપયોગ B. વિદ્યાર્થીઓના વલણમાં બદલાવ

C. કુશળતાઓનો વિકાસ D. ઉપરોક્ત તમામ

(6) ક્ષેત્રકાર્ય માટે વિદ્યાર્થીઓને નીચેનામાંથી કઈ જગ્યાએ મૂકવામાં આવે છે તે જણાવો.

A. ગ્રામિણ વિસ્તાર B. શહેરી વિસ્તાર

C. સ્લમ્સ વિસ્તાર D. ઉપરોક્ત બધા

(7) સમાજકાર્ય શિક્ષણમાં વ્યાવહારિક તાલિમની શરૂઆત કરવાનો શ્રેય ક્યા વિદ્વાનને ફાળે જાય છે ?

A. મેરી રીચમંડ B. ફિન્લેન્ડર

C. રૉસ D. જ્યોર્જ વિલિયમ

## 1.10 તમારી પ્રગતિ ચકાસોના જવાબ :

(1) C- 1978

(2) B- 1981

(3) A- દિલ્હી સ્કૂલ ઑફ સોશ્યલ વર્ક

(4) D- જ્ઞાન, કુશળતા અને વલણો

(5) D- ઉપરોક્ત તમામ

(6) D- ઉપરોક્ત બધા

(7) A- મેરી રીચમંડ

## 1.11 ચાવીરૂપ શબ્દો :

**(1) ગામ (Village) :** વસતિની રીતે ગામ તે ઓછી વસતિ ધરાવતું વસતિ વિષયક એકમ છે. ખેતી અથવા જમીન આધારિત વ્યવસાયો આસપાસ રચાયેલ સમુદાય, પ્રાથમિક સબંધો, કુદરતી સંસાધનોનું સામીપ્ય, પ્રમાણમાં વધુ સમરૂપતા, એક સમુદાય તરીકેની ભાવના વગેરે ગામના સામાજિક એકમ તરીકેના લક્ષણો છે.

ગામડું સ્વયંસંપૂર્ણ તથા પરિવર્તન વિહીન હોય છે તે વાત હાલ સ્વીકાર્ય નથી.

**(2) ગ્રામ વિકાસ (Rural development) :**

ગ્રામવિકાસનો વિશિષ્ટ અર્થ છે રાજ્ય દ્વારા વિકાસ પ્રયાસના ભાગ રૂપે ગામડાનો વિકાસ શરૂઆતમાં ગામડું એટલે ખેતી, તેથી ગ્રામવિકાસ એટલે ખેતીનો વિકાસ તેવો ખ્યાલ બંધાતા હરિયાળીક્રાંતિનું આગમન થયું. હરિયાળી ક્રાંતિથી એકબાજુ અનાજનો પ્રશ્ન હલ થયો તો બીજી બાજુ દારૂણ ગ્રામિણ ગરીબીનો પ્રશ્ન ઉપસ્થિત થયો. આથી રાજ્યનીતિ માટે ગ્રામિણ ગરીબી દૂર કરવી એટલે ગ્રામવિકાસ તેવું સમીકરણ બંધાઈ ગયું. અને ગરીબી નાબુદી માટેના અનેક કાર્યક્રમો અમલી બન્યા. આ સંદર્ભમાં કહીએ તો ગ્રામ વિકાસ એટલે ગ્રામિણ ગરીબોના વિકાસ માટેના કાર્યક્રમો.

જ્યારે, વ્યાપક અર્થમાં ગ્રામવિકાસ એ સામાજિક વિકાસનો એક ભાગ છે. જેનો વિકાસ થાય તેની આંતરિક શક્તિઓ ખીલે, આમ, વિકાસની પ્રક્રિયા મૂળભૂત રીતે લોકોના ઉત્પાહને દર્શાવે છે.

**(3) ગ્રામ સમુદાય (Rural Community) :**

ગામડુંએ પ્રકૃતિની નિકટ વસતા તથા મુખ્યત્ત્વે ખેતી સાથે સંકળાયેલા વ્યવસાયો ઉપર આધાર રાખતા, વિશિષ્ટ જીવનશૈલી ધરાવતા લોકોનો બનેલો પ્રાથમિક સમુદાય છે. આ સમુદાય સામાન્ય રીતે જ્ઞાતિ અને કૃષિ અર્થવ્યવસ્થા પર સ્તરીભૂત થયેલો હોય છે. સામાજિક ગતિશીલતા પ્રમાણમાં ઓછી જોવા મળે છે. એક ગામના લોકોમાં સમાન ભૌગોલિક સીમા, સમાન ઈતિહાસ તથા અમેપણાની ભાવના હોવાથી ગામડું એક સમુદાય ગણાય છે.

**(4) વિસ્તાર (Range) :** આપેલી સંખ્યાત્મક માહિતીના સૌથી મોટા અને સૌથી નાના પ્રાપ્તાંક વચ્ચેના તફાવતને વિસ્તાર કહેવામાં આવે છે.

**(5) ક્ષેત્રકાર્ય (Fied work) :** સમાજકાર્યના અભ્યાસક્રમમાં ક્ષેત્રકાર્યનું વિશેષ મહત્ત્વ છે. ક્ષેત્રકાર્યનો અર્થ એ કોઈ પ્રોજેક્ટ અથવા અભ્યાસ માટે જરૂરી માહિતી મેળવવા માટે કોઈ ક્ષેત્રમાં અથવા વાસ્તવિક જીવનના પર્યાવરણમાં જઈને સંશોધન અથવા કાર્ય કરવું.

## 1.12 સ્વાધ્યાય લેખન કરો :

(1) ક્ષેત્રકાર્યની વિભાવના સ્પષ્ટ કરો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(2) ક્ષેત્રકાર્ય એટલે શું ? ક્ષેત્રકાર્યની વિવિધ વ્યાખ્યાઓ જણાવો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(3) સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્યના હેતુઓ ક્યા છે તે જણાવો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(4) ફિલ્ડવર્કના મુખ્ય લક્ષણોની સવિસ્તૃત ચર્ચા કરો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(5) સમાજકાર્યના શિક્ષણમાં ક્ષેત્રકાર્યની ઉપયોગિતા વિગતે સમજાવો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(6) ક્ષેત્રકાર્યના તમારા અનુભવો વિશે વિગતવાર ચર્ચા કરો.

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

## 1.13 પ્રવૃત્તિ કરો :

(1) તમારા ફિલ્ડવર્કના ગામની વિલેજ પ્રોફાઈલ તૈયાર કરો.

(2) તમારા ગામમાં આવેલ જુદી-જુદી સંસ્થાઓની મુલાકાત લઈને તેનો અહેવાલ તૈયાર કરો.

(3) તમારા ગામની શાળાની મુલાકાત કરી શાળા મુલાકાતનો અહેવાલ તૈયાર કરો.

(4) તમારા ગામની ગ્રામપંચાયતની મુલાકાત કરી ગ્રામ પંચાયતની વિવિધ કામગારી અંગેનો અહેવાલ તૈયાર કરો.

## 1.14 કેસસ્ટડી તૈયાર કરો :

(1) તમારા ગામમાં આવેલ સ્વસહાય જૂથની મુલાકાત કરી કોઈપણ એક મહિલાની સફળ કામગીરી અંગે કેસ સ્ટડી તૈયાર કરો.

(2) તમારા ગામમાં સરકારી યોજનાઓના લાભ થકી લાભાર્થીના જીવનમાં આવેલા પરિવર્તન અંગે કેસસ્ટડી તૈયાર કરો.

(3) તમારા ક્ષેત્રકાર્યના ગામમાં ક્ષેત્રકાર્ય દરમ્યાન તમારી નોંધપાત્ર કામગારી અંગેની કોઈ એક ઘટના, પ્રસંગ વ્યક્તિ અંગેની કેસસ્ટડી તૈયાર કરો.

## 1.15 સંદર્ભ ગ્રંથો :

(1) પારિભાષિક કોશ - સમાજશાસ્ત્ર, ડૉ.વિદ્યુતભાઈ જોષી, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ - 06.

(2) ગ્રામિણ ક્ષેત્રકાર્ય - (MSW - 104) ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી.

(3) સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર, ડૉ.ડી.એ. ઉચાટ, રાજકોટ.

(4) સમાજકાર્યની સુત્રાવલિ, ડૉ.વિપિન મકવાણા ફલેમિંગો પ્રકાશન, અમદાવાદ.

****************

# એકમ-2
# ક્ષેત્રકાર્યની પ્રયુક્તિઓ અને અહેવાલ લેખન

રૂપરેખા :-


2.1 ઉદ્દેશ્યો

2.2 પ્રસ્તાવના

2.3 ક્ષેત્રકાર્યની પ્રયુક્તિઓનો પરિચય

2.4 ક્ષેત્રકાર્યમાં અહેવાલ લેખન

2.5 ઉપસંહાર

2.6 તમારી પ્રગતિ ચકાસો

2.7 તમારી પ્રગતિ ચકાસોના સાચા જવાબો

2.8 ચાવીરૂપ શબ્દોની સમજ

2.9 સ્વાધ્યાય લેખન કરો.

2.10 પ્રવૃત્તિ કરો.

2.11 કેસ સ્ટડી તૈયાર કરો.

2.12 સંદર્ભ ગ્રંથ


## 2.1 ઉદ્દેશ્યો :

વિદ્યાર્થીમિત્રો, આ એકમના અભ્યાસ બાદ તમે,

(1) ક્ષેત્રકાર્યની વિવિધ પ્રયુક્તિઓ વિશેની વિગતે જાણકારી પ્રાપ્ત થશે.

(2) પ્રયુક્તિ અંગેની જાણકારી વધારે સ્પષ્ટ થશે.

(3) અહેવાલલેખન કોને કહેવાય ? તે અંગે જાણવા મળશે.

(4) સમાજકાર્યમાં અહેવાલલેખનની ઉપયોગિતા શું છે ? તે અંગે જાણવા મળશે.

(5) દૈનિક અને સત્રાત અહેવાલ વિશે જાણવા મળશે.

(6) જુદા-જુદા પ્રકારના અહેવાલો અંગેની સૈદ્ધાંતિક સમજણ વધારે સ્પષ્ટ થશે.

## 2.2 પ્રસ્તાવના :

સમાજકાર્યના અભ્યાસક્રમમાં ક્ષેત્રકાર્યનું વિશેષ મહત્ત્વ છે. પહેલાં એકમમાં આપણે સમાજકાર્ય અને ક્ષેત્રકાર્યને શું સબંધ છે ? તેને સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કર્યો હતો. જેમાં ક્ષેત્રકાર્ય શું છે ? સમાજકાર્યમાં ક્ષેત્રકાર્યની શું ઉપયોગિતા છે ? તે અંગે વિગતે માહિતી અને જાણકારી પ્રાપ્ત કરી ચે હવે તેના પછી ક્રમશઃ ક્ષેત્રકાર્યની કાર્યપ્રક્રિયા તરફ આગળ વધીએ તો ક્ષેત્રકાર્ય કરવા

માટેની વિવિધ રીતો કે પ્રયુક્તિઓ કઈ છે તે અંગેની જાણકારી આ એકમમાં આપણે મેળવવાના છીએ. તમારી ક્ષેત્રકાર્યના ગામમાં જઈને શું કામગીરી કે પ્રવૃત્તિ માટે કઈ પ્રયુક્તિઓનો ઉપયોગ કરી શકાય તે બાબતોને ધ્યાને લઈને વિવિધ જાણકારી આપી છે.

ક્ષેત્રકાર્ય દરમ્યાન જુદી જુદી પ્રયુક્તિઓનો ઉપયોગ કરવામાં આવે છે. જેમાં મુલાકાત, નિરીક્ષણ, જૂથચર્ચા અને સહભાગી ગ્રામિણ ચકાસણી (PRA) વિશેની વિસ્તૃત જાણકારી આપવામાં આવે છે. સમાજકાર્યની વિવિધ કામગીરી દરમ્યાન સામાજિક કાર્યકરે સમાજકાર્યની જુદી જુદી થીયરીનો ઉપયોગ કરીને કામગીરી કરવાની હોય છે. જેમાં સમાજકાર્યના મૂલ્યો, સિદ્ધાંતો, પ્રક્રિયા, ભૂમિકા અને કુશળતાઓનો ઉપયોગ કરીને માહિતી મેળવવામાં આવે છે. ક્ષેત્રકાર્ય દરમ્યાન સમાજકાર્યની થીયરી ખૂબ ઉપયોગી બની શકે છે.

ક્ષેત્રકાર્ય દરમ્યાન ફક્ત કામગીરી કરવી એ જરૂરી છે પણ સાથો સાથકરેલ કામગીરીનું યોગ્ય રીતે દસ્તાવેજીકરણ થાય તે પણ એટલું જ અગત્યનું છે. દસ્તાવેજીકરણ એ સમાજ કાર્યના શિક્ષણનો જ એક ભાગ છે. દરરોજ ફિલ્ડવર્ક દરમ્યાન એક શીખવાની પ્રક્રિયાના ભાગરૂપ સામાજિક કાર્યકર સમાજકાર્યની જુદી જુદી થીયરીનો ઉપયોગ કરીને ક્ષેત્રકાર્ય કરે છે. આ તમામ કામગીરીનું યોગ્ય રીતે આલેખન થાય તે જરૂરી છે. દરરોજ થતી કામગીરીને દૈનિક અહેવાલના રૂપમાં લખવામાં આવે છે જે અંગેની વિસ્તૃત ચર્ચા અહેવાલલેખનની ઉપયોગિતાના ભાગમાં કરવામાં આવી છે. આ અહેવાલ લેખનના માધ્યમથી ક્ષેત્રકાર્યની શરૂઆતમાં શું સ્થિતિ હતી ? અને ત્યારબાદ ક્રમશ : ક્ષેત્રની પરિસ્થિતિમાં શું બદલાવ આવેલ ચે તે અંગેનો ખ્યાલ આવી શકે છે. આ અહેવાલલેખનના પરિણામે દૈનિક અહેવાલ પછી સત્રના અંતે તેનો સારાંશ અહેવાલ અથવા સત્રાંત અહેવાલ તૈયાર કરવામાં આવે છે. જેના દ્વારા સત્ર દરમ્યાન મહત્ત્વની શું કામગીરી થઈ છે તેનો એક અંદાજ આવી શકે છે. આ ઉપરાંત, અહેવાલ લેખનમાં ફિલ્ડવર્ક દરમ્યાન કઈ કઈ થીયરીનો ઉપયોગ કરવામાં આવ્યો છે તેના વિશે ખ્યાલ આવી શકે છે. આમ, આ દ્ૃટિએ આ એકમમાં ક્ષેત્રકાર્યની વિવિધ પ્રયુક્તિઓ અને અહેવાલલેખનના મુદ્દા ઉપર વિશેષ બાર મૂકવામાં આવેલ છે. આ એકમમાં ઉલ્લેખાયેલ વિવિધ માહિતી અને જાણકારી ક્ષેત્રકાર્યમાં ખૂબ ઉપયોગી બની શકે તેમ છે.

## 2.3 ક્ષેત્રકાર્યની વિવિધ પ્રયુક્તિઓનો પરિચય :

સમાજકાર્યમાં ક્ષેત્રકાર્ય ખૂબ જરૂરી અને પાયાની બાબત છે. ક્ષેત્રકાર્યમાં વિવિધ પ્રયુક્તિઓનો ઉપયોગ કરવામાં આવે છે. આ વિવિધ પ્રયુક્તિઓના પરિચય પહેલાં પ્રયુક્તિ કોને કહેવાય ? તે અંગેની જાણકારી જરૂરી છે તે દૃષ્ટિએ પ્રયુક્તિ અંગેની સમજણ સ્પષ્ટ કરવાનો પ્રયાસ કરવામાં આવેલ છે.

### 2.3.1 સમુદાયની વ્યાખ્યા :

પ્રયુક્તિ એટલે કોઈ વિચાર, ઉપદેશ, ધોરણ અથવા સિદ્ધાંતને પ્રયોગમાં મૂકવાની ક્રિયા કે રીત. કોઈ વિચાર કે શાસ્ત્રને જીવનમાં લાગું કરવાની પ્રક્રિયા અથવા તેને કાર્યરત બનાવવા માટેના પ્રયત્નને ''પ્રયુક્તિ'' કહેવામાં આવે છે.

- પ્રયુક્તિનો ઉપયોગ વિવિધ સંદર્ભોમાં થાય છે. જેમ કે,

(1) વિજ્ઞાનમાં કોઈ સંશોધન અથવા પરિકલ્પનાને આચરણીય બનાવવા માટે.

(2) સામાજિક જીવનમાં - સિદ્ધાંતો કે નીતિઓને જીવનમાં લાગું કરવા માટે.

(3) તકનીકમાં ઉપકરણો અથવા પદ્ધતિઓને કાર્યક્ષમ બનાવવા માટેના પ્રયત્નો.

ટૂંકમાં "પ્રયુક્તિ" એટલે "પ્રયોગાત્મક કાર્ય અથવા પ્રયોગ કરવા માટેની પધ્ધતિ"

પ્રયુક્તિએ સંકલિત શબ્દ છે જેનું મૂળ સંસ્કૃતમાં છે. જેમાં "પ્ર"નો અર્થ છે "અગાઉ" અથવા "સૌપ્રથમ" અનેક્યુક્તિનો અર્થ છે ઉપાય. અથવા તરકીબ. આમ, પ્રયુક્તિનો વ્યાપક અર્થ છે. કોઈ વિચાર, સિદ્ધાંત કે ઉપાયને સફળતાપૂર્વક વાપરવા અથવા પ્રયોગમાં મૂકવાની રીત.

પ્રયુક્તિના વિવિધ ક્ષેત્રોમાં જુદા જુદા અર્થ થાય છે જેમ કે, વિજ્ઞાનમાં પ્રયુક્તિનો અર્ત છે સિદ્ધાંતને પ્રયોગાત્મક રીતે સાબિત કરવું. ઉદાહરણ તરીકે ઈલેક્ટ્રીકલ પ્રમાણભૂત સિદ્ધાંતોનો ઉપયોગ કરીને ઉપકરણો બનાવી શકાય છે.

તકનિકી ક્ષેત્રમાં નવી શોધો અને ઈનોવેશનને વાસ્તવિક ઉપકરણો કે મશીનોમાં પેરવવી. જેમ કે, નવું સોફ્ટવેર ડિઝાઈન કરવું અને તેનો પ્રયોગ કરવો.

સામાજિક વ્યવહારમાં સમાજમાં નીતિઓ અને સિદ્ધાંતોને લાગું કરવાની પ્રક્રિયા. જેમકે સૈક્ષણિક નીતિઓ અથવા આચરણ નિયમો. ક્ષેત્રકાર્ય દરમ્યાન સામાજિક કાર્યકર જુદી જુદી પદ્ધતિઓનો ઉપયોગ કરે છે તે અંગેની ટુંકાણમાં ચર્ચા કરવામાં આવેલ છે.

ફિલ્ડવર્ક (ક્ષેત્રકાર્ય)એ એવી પ્રવૃત્તિ છે જેમાં કોઈપણ વ્યક્તિ કે જૂથ પોતાનું કામ લેબોરેટરી અથવા ઓફીસની બહાર, પ્રાકૃતિક અથવા સામાજિક વાતાવરણમાં જઈને કરે છે. ફિલ્ડ વર્કમાં વિવિધ વિષયો અ; ક્ષેત્રો પર આધાર રાખીને અલગ અલગ પ્રયુક્તિઓ હોય છે. અહીં કેટલીક મુખ્ય ક્ષેત્રોની ફિલ્ડવર્કની પ્રયુક્તિએ (એટિલકેશન્સ) રજૂ કરવામાં આવી છે.

પ્રયુક્તિઓ એ સામાજિક સમસ્યાઓના ઉકેલ અને પ્રગતિ માટે કેન્દ્રિત છે. ક્ષેત્રકાર્ય એ સામાજિક કાર્યમાં તત્ત્વજ્ઞાન અને વ્યાવહારિક કુશળતાના સંયોજનથી પ્રાથમિક ડેટા એકત્રિત કરવા, સમુદાય સાથે જોડાવવા અને અસરકારક હસ્તક્ષેપ માટેનું મજબૂત સાધન છે.

**(1) સામાજિક સમસ્યાઓની ઓળખ** : ફિલ્ડવર્કના માધ્યમતી ગ્રામ અને શહેરી વિસ્તારોમાં લોકોની સમસ્યાઓ અને જરૂરિયાતોની ઓળખ થાય છે. જેમ કે, ગરીબી, શિક્ષણનો અભાવ, આરોગ્ય સેવાઓની અછત વગેરે વિશેનો ખ્યાલ લોકો સંપર્ક દરમ્યાન આવે છે. સમસ્યા શું છે ? તેની ઓળખ ફિલ્ડવર્કના માધ્યમથી થાય છે. સમસ્યાની ઓળખની સાથે સમસ્યાના ઉકેલ માટે અંગેની પણ જાણકારી પ્રાપ્ત થાય છે. દા.ત. સ્કુલમાં ડ્રોપઆઉટ બાળકોનો પ્રશ્ન હોય તો આ બાળકોની યાદી તૈયાર કરી તેના ઘરની મુલાકાત લઈને ડ્રોપઆઉટ થવા પાછળના કારમો વિશેની જાણકારી પ્રાપ્ત કરી શકાય છે. વિદ્યાર્થીના વાલીઓ સાથે મુલાકાત કરી પુનઃડ્રોપઆઉટ બાળકો શાળામાં દાખલ કરી શકાય છે.

**(2) લોકો સાથે સીધો સંપર્ક કરવા** : ફિલ્ડવર્ક દરમ્યાન સામાજિક કાર્યકર લોકોને નજીકથી ઓળખી શકે છે.

- જે વ્યક્તિગત અને સામૂહિક સ્તરે તેઓની મુશ્કેલીઓને સમજવામાં મદદરૂપ થાય છે.

- ફિલ્ડવર્કના માધ્યમતી લોકોને વાસ્તવિક સમસ્યાઓને જાણી શકાય છે.
- લોકોની હાલની સ્થિતિ વિશેનો ખ્યાલ આવી શકે છે.
- લોકોની સમસ્યાને અનુરૂપ ઉકેલ આપી શકાય છે.
- સમસ્યા નિવારણની પ્રક્રિયામાં લોકભાગીદારી મેળવી શકાય છે.
- કોઈપણ સમસ્યાનો ઝડપી અને અસરકારક ઉકેલ મેળવી શકાય છે.
- સમસ્યાના ઉકેલમાં સેવાર્થી પોતાના મત રજૂ કરી શકે છે.

**(3) સંશોધન અને જરૂરી માહિતી એકત્ર કરવા માટે** : કોઈપણ સમસ્યા પ્રાથમિક માહિતી મેળવી શકાય છે. સમાજ પર કે પછી નીતિ પર અસર કરતા મુદ્દાઓનું મુલ્યાંકન કરી શકાય છે.

ફિલ્ડમાંથી મળેલ માહિતીનું વિશ્લેષણ કરી ડેટાના આધારે સમસ્યાઓ અને સંભાવનાર પર અભ્યાસ કરી શકાય છે.

- કોરોનાની સમાજજીવન પર પડેલ આર્થિક અસરો.
- બેરોજગાર યુવાનોની સ્થિતિ અને સમસ્યાઓ
- સ્પેશ્યલ ઈકોનોમિક ઝોનની સમાજજીવન ઉપર અસર. વગેરે જેવા મુદ્દાઓ અંગે અભ્યાસ કરી શકાય છે.

**(4) સામાજિક સહાય અને સેવા ઉપલબ્ધ કરાવવા માટે** : ફિલ્ડવર્કના માધ્યમથી લોકોની વાસ્તવિક જરૂરિયાતો જાણી શકાય છે. જેમકે, કોઈ વ્યક્તિ રોજગાર વિહોણો છે તો તેને રોજગારી વિશેનું માર્ગદર્શન આપી શકાય. સ્થાનિક સ્તરે ''મનરેગા'' યોજના થકી રોજગારી પ્રાપ્ત કરી શકાય છે. આ ઉપરાંત, સરકારશ્રીની વિવિધ યોજનાઓ અંગેની જાકારી આપી તેને પગભર બનાવી શકાય.

આ ઉપરાંત, આરોગ્યલક્ષી સમસ્યાઓ માટે આરોગ્યલક્ષી સેવાઓ વિશે માહિતી આપી લોકોને રોગમુક્ત કરવા માટેના પ્રયત્નો હાથ ધરી શકાય, આરોગ્યના કેસમાં વ્યક્તિ બિમાર પડ્યા પછી દવા કરાવે તેના કરતાં બિમાર જ ન પડે અથવા તંદુરસ્તી કેવી રીતે સાચવી શકાય તે અંગે લોકોને જાણકારી આપી ''પહેલું સુખ તે જાતે નર્યા'' તે યુક્તિને સાચા અર્થમાં ચરિતાર્થ કરી શકાય.

**(5) નિતિ નિર્માણ માટે જરૂરી આધાર** : સામાજિક કાર્યકરો ''ગ્રાસરુટ લેવલે'' કામ કરે છે. માટે આ કાર્યકરોને ધરાતલ સ્થિતિ અંગેનો ખ્યાલ છે. સરકારશ્રીની અનેકવિધ યોજનાઓના ઉપયોગમાં લોકોને શું મુશ્કેલી પડે છે તે અંગેનો સામાજિક કાર્યકરોનો ખ્યાલ છે, માટે યોજનાઓની અસરકરાક અમલવારી અને તેમાં સુધારાને ક્યાં અવકાશ છે ? યોજનાઓને વધારે લોકભોગ્ય કેવી રીતે બનાવી શકાય ? તે અંગેની સુધારણા જરૂરી છે. આમ, નીતિ વિષયક બદલાવ માટેની જરૂરી આધાર ફિલ્ડવર્કના અનુભવો પુરા પાડે છે આ દૃષ્ટિએ એકવોકેસીની મહત્ત્વની કામગીરી કરી શકાય છે.

**(6) લોકોની સહબાગીદારી વધારવા માટે** : સમસ્યા નિવારણ માટે લોકભાગીદારી જરૂરી છે. લોકોની સહભાગીદાર વગર ગ્રામવિકાસ કે સમાજ વિકાસ શક્ય નથી. સામાજિક કાર્યકરે લોકોના પ્રશ્નોમાં દરમ્યાનગીરી કરતી વખતે લોકો વતી કામ કરવાને બદલે લોકો

થકી કામગીરી કરવી જોઈએ. સમસ્યા નિવારણની પ્રક્રિયા દરમ્યાન કાર્યકરે એ કાળજી રાખવી જોઈએ કે સેવાર્તી કાર્યકર ઉપર નિર્ભર ન બની જાય. માટે સેવાર્થીની સમસ્યાના સંદર્ભે તમામ પ્રક્રિયામાં સેવાર્થીની ભાગીદારી જરૂરી છે. જેથી સફળતા કે નિષ્ફળતાના સંદર્ભે એકબીજા પર દોષારોપણ ન થાય.

લોકો સાથે સીધા મંતવ્યો અને ચર્ચાઓ દ્વારા સમુદાયમાં સક્રિય ભાગીદારી અને આત્મવિશ્વાસ ઉભો થાય ચે. આમ, કાર્યકર અને સેવાર્થી પરસ્પર છે. સમસ્યા નિવારણની પ્રક્રિયામાં અસરપરસની ભાગીદારી જરૂરી છે.

(7) **તાલિમ અને શીખવણનો સ્ત્રોત** : સામાજિક કાર્યના વિદ્યાર્થીઓ અને વ્યાવસાયિકો માટે પ્રાયોગિક તાલિમનું શ્રેષ્ઠ સાધન છે. તેઓ વાસ્તવિક જીવનની પરિસ્થિતિઓથી પરિચિત થાય છે.

રોજગાર વિહોણા લોકો માટે રોજગારલક્ષી તાલિમ જરૂરી છે. સિવણતાલિમના માધ્યમથી બહેનોને રોજગારલક્ષી તાલિમ આપી પગભર બનાવી શકાય છે. સરકારશ્રી દ્વારા કૌશલ્ય વર્ધન કેન્દ્રો શરૂ કરવામાં ાવેલ છે જેના દ્વારા લોકોને કૌશલ્ય સબંધિ તાલિમ આપી શકાય છે.

(8) **સમસ્યાના ઉકેલ માટે આયોજન** : સમસ્યાના નિવારણ માટે સમસ્યા ઉકેલ અંગેનું નક્કર આયોજન કરવું જરૂરી છે. ચોક્કસ વ્યૂહરચનાને આધારે સમસ્યાનો ત્વરિત અને ઝડપી ઉકેલ લાવી શકાય ચે. સમસ્યાઓના ઉકેલ માટે ક્યારેક ટૂંકાગાળાનું તો ક્યારેક લાંબાગાળાનું આયોજન કરવું જરૂરી છે. આયોજન એ વૈજ્ઞાનિક પદ્ધતિનું સૂચક છે. યોગ્ય આયોજન દ્વારા કોઈપમ વિકટ પરિસ્થિતિમાંથી સરળતાથી બહાર નીકળી શકાય છે.

(9) **સમાજ સાથે નૈતિક સબંધો સ્થાપિત કરવા** : ફિલ્ડવર્કમાં સબંધ સ્થાપન એ ખૂબ મહત્ત્વની અને પાયાની કામગીરી છે. સબંધ સ્થાપન વગર ફિલ્ડના સ્તરે તમે એક અસરકારક રીતે કામગીરી થઈ શકતી નથી. આ ઉપરાંત, સમાજ સાથે નૈતિક સબંધો સ્થાપિત કરવા પણ જરૂરી બની રહે ચે. હા, આ તબક્કે એક કાળજી રાખવી જરૂરી છે કે આ સબંધો હેતુપૂર્વકના હોય તે જરૂરી છે.

(10) **કુદરતી અને માનવ સંસાધનનો અભ્યાસ કરવા** : સમસ્યાગ્રસ્ત વ્યક્તિ સાથે કામગીરી કરવા માટે કુદરતી અને માનવ સંસાધનો ક્યા છે તે જાણવું જરૂરી છે. કારણકે કામ કરવા માટે સંસાધનો જરૂરી છે. ગ્રામ્ય સ્તરે સ્થાનિક સંસાધનોની ઓળખ જરૂરી છે. સ્થાનિક સ્તરે સમસ્યાઓના નિવારણ માટે ક્યા સાધનો જરૂરી છે તે અંગે જાણકારી મેળવી તે અંગેનું આયોજન કરવું જરૂરી છે.

(11) **જાગૃતતા અને શિક્ષણ** : લોકજાગૃતિ એ ખૂબ પાયાની બાબત છે. લોકજાગૃતિ વગર ગ્રામવિકાસ શક્ય નથી. ગ્રામવિકાસ માટે શિક્ષણ જરૂરી છે. શિક્ષણ વગર સમાજોત્થાન શક્ય નથી.

### 2.3.2 ક્ષેત્રકાર્યની વિવિધ પદ્ધતિઓનો ટૂંકાણમાં પરિચય :

સમાજકાર્યમાં ફિલ્ડવર્ક એ એક મહત્ત્વપૂર્ણ પદ્ધતિ છે, જેના થકી વિદ્યાર્થીઓ તેમજ પ્રેક્ટિશનર્સને સમાજ જીવનની વાસ્તવિક પરિસ્થિતિ સમજવા માટે ખૂબ ઉપયોગી બની શકે છે. ફિલ્ડવર્કના વિવિધ દૃષ્ટિકોણથી વિવિધ પ્રયુક્તિઓનો પરિચય નીચે મુજબ છે.

**(1) સર્વેપદ્ધતિ (Survey Method) :** સર્વેપદ્ધતિએ આપણી સૌથી જૂની અને હાથવગી પદ્ધતિ છે.

- આ પદ્ધતિનો આજેપણ સૌથી વધુ ઉપયોગ થાય છે.
- આ ખૂબ લોકપ્રિય પદ્ધતિ છે.
- લોકોની વિચારધારા, વર્તન અને સમસ્યાઓને સમજવા માટે ડેટા એકત્ર કરવાની આ ખૂબ મહત્ત્વની પદ્ધતિ છે.
- આ પદ્ધતિમાં પ્રશ્નાવલિ અને ઈન્ટરવ્યૂના માધ્યમથી માહિતી એકત્ર કરવામાં આવે છે.
- દા.ત. બેરોજગારી અથવા ગરીબીના સ્તરનું માપન.

**(2) કેસ સ્ટડી (Case Study Method) :**

- વ્યક્તિગત કે પારિવારિક સમસ્યાઓને ઉંડાણથી સમજવા માટે એકબીજાથી જોડાયેલી પરિસ્થિતિઓ અંગેનો વિગતે અભ્યાસ કરવા માટે જરૂરી પદ્ધતિ
- એક વ્યક્તિ, પરિવાર કે જૂથની વ્યાવહારિક સમસ્યાઓ ઉપર ધ્યાન કેન્દ્રિત થાય છે.
- દા.ત. ઘરેલું હિંસાનો ભોગ બનેલ સ્ત્રીઓનો અભ્યાસ
- અનાથ બાળકોનું જીવન અને સમસ્યાઓ.

**(3) કેન્દ્રિત જૂથ ચર્ચા (Focus Group Discussion Method) :**

- કોઈપણ મુદ્દા આધારિત ચર્ચા માટે આ પદ્ધતિ ખૂબ ઉપયોગી છે.
- નાની જૂથ ચર્ચાઓ દ્વારા લોકોના અભિગમ અને જરૂરિયાતો વિશેની જાણકારી મેળવી શકાય છે.
- આ પદ્ધતિ તટસ્થ વાતાવરણમાં વ્યક્તિઓના વિચારો અને સંદર્ભોને સમજવા માટે ખૂબ જરૂરી છે. જૂથ ચર્ચા માટે 08 થી 12 વ્યક્તિઓનું જૂથ આદર્શ ગણાય.

**(4) પાર્ટિસિપેટરી ઓબ્ઝર્વેશન (Participatory Observation) :**

- નિરીક્ષણને અવલોકન તરીકે પણ ઓળખવામાં આવેલ છે. અવલોકન એટલે ધ્યાનથી જોવું. નિરીક્ષણ કરવું. સહેતુક જોવું.
- નિરીક્ષણ એ લોકોની દૈનિક પ્રવૃત્તિઓમાં ભાગ લઈ તેમના વર્તન અને જીવનશૈલીને સમજવાનો પ્રયાસ કરે છે.
- આ પદ્ધતિ વ્યક્તિગત અનુભવ પર આધારિત છે.

  સમાજકાર્યના વિવિધ પ્રશ્નો અંગેની જાણકારી માટે જરૂરી નથી કે દર વખતે સેવાર્થીને પૂછવું પડે. ઘણી વખત ચહેરા પરના હાવભાવથી પણ સેવાર્થીની મનોસ્થિતિને સમજી શકાય ચે. પૂછ્યા વગર પણ સેવાર્થીની મનોમન સ્થિતિ શું છે ? તે જાણી શકાય છે.

**(5) ઈન્ટરવ્યું પદ્ધતિ (Interview Method) :**

- વ્યક્તિગત અથવા જૂથ ઈન્ટરવ્યું દ્વારા સંદર્ભિત માહિતી મેળવી શકાય છે.
- આ પદ્ધતિ વ્યક્તિગત વાતચીત અને યોગ્ય પ્રશ્નોના માધ્યમથી માહિતી એકત્ર કરે છે.
- આજકાલ ઘણી ન્યૂઝ ચેનલો ઈન્ટરવ્યૂ પદ્ધતિનો ઉપયોગ કરી જુદી જુદી માહિતી અને જાણકારીને સમાજ સુધી લઈ જાય છે.

**(6) ક્રિયાત્મક સંશોધન (Action Research) :**

- ક્રિયાત્મક સંશોધન એટલે કે Action ઉપર વિશેષ ભાર મૂકવામાં આવે છે.
- ચોક્કસ સમસ્યાઓનો ઉકેલ લાવવાના પ્રયત્ન સાથે અભ્યાસ કરવામાં આવે છે.
- તે મૂલ્યાંકન અને ફેરફાર માટે ક્રિયાત્મક અભિગમ ધરાવે છે.
- દા.ત. ગ્રામવિકાસ કાર્યક્રમનું મૂલ્યાંકન.

**(7) સામાજિક નકશો બનાવવો (Social Mapping) :**

- આ ખૂબ અસરકારક પદ્ધતિ છે.
- સામાજિક, આર્થિક અને પર્યાવરણ સબંધિત માહિતીને ચિત્રરૂપે રજૂ કરવાનું આ મહત્ત્વનું માધ્યમ છે.
- આ પદ્ધતિ ગ્રામ્ય અથવા શહેરી વિસ્તારોમાં સ્થાનિક સમસ્યાઓ, પરિસ્થિતિ સમજવા માટે ઉપયોગી છે.

**(8) દસ્તાવેજીકરણ પદ્ધતિ (Documentation Method) :**

- સમાજકાર્યમાં ડોક્યુમેન્ટેશનનું વિશેષ મહત્ત્વ કરેલ કામગીરીનું અસરકારક અને યોગ્ય દસ્તાવેજીકરણ કરવું જરૂરી છે.
- સાહિત્ય, મોજણી અને દસ્તાવેજોનો અભ્યાસ કરીને માહિતી એકત્ર કરી શકાય.
- બૂતકાળની ઘટનાઓના આધારે

**(9) આંદોલન અને અભિયાન (Campaign and Advocasy) :**

- સમાજકાર્યમાં જ્યાં બીજી પદ્ધતિઓ કામ ન લાગે ત્યારે આ પદ્ધતિનો વિશેષ ઉપયોગ કરવામાં આવે છે.
- લોકોમાં જાગૃતતા ફેલાવવા અને પરિવર્તન લાવવા માટે આ પદ્ધતિ ખૂબ ઉપયોગી છે.
- દા.ત. આરોગ્ય જાગૃતિ, સ્વચ્છતા અભિયાન અથવા બાળકોના શિક્ષણ માટેની માંગ.

**(10) લક્ષ્યાંકિત અભિગમ (Target Oriented Approach) :**

- ચોક્કસ લક્ષ્યાંકો અથવા સમૂહો માટે વિશેષ કામગીરીનું આયોજન.
- દા.ત. વૃદ્ધો માટે ફૂડબેંક પ્રોગ્રામ.

## 2.4 ક્ષેત્રકાર્યમાં અહેવાલ લેખન :

સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્ય અહેવાલલેખનનું આગવું મહત્ત્વ છે. સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્યમાં અહેવાલ લેખનની કામગીરી જો યોગ્ય રીતે થાય તો જ ક્ષેત્રકાર્યનો મૂળભૂત હેતું સાચા અર્થમાં સાર્થક થઈ શકે છે. કારણ કે સમાજકાર્યના શિક્ષણમાં થીયરી સાથે પ્રેક્ટિસને વિશેષ મહત્ત્વ આપવામાં આવે છે. ક્ષેત્રકાર્ય નું અહેવાલ લેખન કરવાથી મળેલ માહિતીનું વર્ગીકરણ અને પૃથ્થકરણ કરવું ખૂબ સરળ બની જાય છે. ક્ષેત્રકાર્ય અહેવાલ લેખનથી લોકોની સમસ્યાઓના સંદર્ભમાં ખૂબ ઉપયોગી જાણકારી મળી રહે છે. ક્ષેત્રકાર્યમાં સામાન્ય રીતે દૈનિક અહેવાલ અને સત્રાંત અહેવાલ તૈયાર કરવાનો હોય છે.

### 2.4.1 દૈનિક અહેવાલ :

- દૈનિક અહેવાલ એ દરરોજ લખવામાં આવતો અહેવાલ છે. દૈનિક અહેવાલની કામગીરીમાં ફિલ્ડવર્કમાં જઈને કરવામાં આવતી કામગીરીનું દૈનિક વર્ણન કરવામાં આવે છે.
- ગ્રામિણ ફિલ્ડવર્ક દરમ્યાન દરેક વિદ્યાર્થીએ માર્ગદર્શકના માર્ગદર્શન હેઠળ ફિલ્ડવર્ક કરવાનું હોય છે.
- ફિલ્ડવર્કમાં સામાન્ય રીતે સમાજકાર્યની થીયરીને પ્રેક્ટિસમાં મૂકવાની હોય છે. વિદ્યાર્તી વર્ગખંડમાં જે થીયરી ભણે છે, તેનો અભ્યાસ કરે છે તે થીયરીનો ઉપયોગ કરીને તે ફિલ્ડવર્ક કરે છે.
- ફિલ્ડવર્કના માધ્યમતી ફિલ્ડ વિશેની પાયાની માહિતી અને જાણકારી પ્રાપ્ત કરી શકાય છે.
- દૈનિક અહેવાલમાં દરરોજ ફિલ્ડવર્કમાં જઈને કરવામાં આવતી કામગીરીનું આલેખન કરવાનું હોય છે.
- સામાન્ય રીતે એક સત્ર દરમ્યાન ઓછામાં ઓચા દોઢસો કલાકનું ફિલ્ડવર્ક કરવાનું હોય છે.
- દોઢસો કલાકનું ફિલ્ડવર્ક ઓછામાં ઓછું છે. વધુમાં વિદ્યાર્થી પોતાની રસ-રુચિ, જિજ્ઞાસા અને જરૂરિયાત અનુસાર વધુ ફિલ્ડવર્ક કરી શકે છે.
- આ ફિલ્ડવર્કની કામગીરીએ શૈક્ષણિક પ્રક્રિયાને ભાગ ચે. દૈનિક અહેવાલ લખીને માર્ગદર્શકશ્રી સાથે ચર્ચા કરીને સત્રના અંતે ફિલ્ડવર્કની કામગીરીનું મૂલ્યાંકન કરવાનું હોય છે.
- દૈનિક અહેવાલઅસત્રાંત કામગીરીનું હાર્દ છે. દૈનિક અહેવાલની જેટલી સારી ગુણવત્તા હશે તેટલો સંત્રાંત અહેવાલ સારી રીતે તૈયાર કરી શકાશે.

### 2.4.2 દૈનિક અહેવાલનું માળખું :

અહેવાલ નંબર :..............

તારીખ :..............

વાર :..............

સમય :..............

સ્થળ :..............

- વિદ્યાર્થી કાર્યકરનું નામ :-
- માર્ગદર્શકશ્રીનું નામ :- (તમે જેના માર્ગદર્શન હેઠળ કામ કરો છો તેમના નામનો ઉલ્લેખ કરવો)
- ક્ષેત્રકાર્યના હેતું : (તમે જે દિવસે ફિલ્ડમાં જાવ છો તે દિવસની કામગીરીનો મુખ્ય હેતું શું છે ? તેનો ઉલ્લેખ કરવો.)
- કાર્ય પ્રક્રિયા : (ફિલ્ડવર્કમાં જઈને તમે શું માહિતી-જાણકારી મેળવોછો તેનું વિગતવાર વર્ણન કરવું જરૂરી છે.)
- ક્ષેત્રકાર્ય દરમ્યાન મેળવેલ માહિતી :- (ક્ષેત્રકાર્યમાં જઈને તમે કોને મળ્યા ? શું માહિતી મેળવી તે બાબતો અંગેનું વિગતવાર વર્ણન કરવું.)
- સ્વ મૂલ્યાંકન (ફિલ્ડ દરમ્યાન ઉપયોગ કરેલ સમાજકાર્યના જ્ઞાનનો ઉપયોગ, તમને પ્રાપ્ત થયેલ વિશેષ જાણકારી, સમાજકાર્યની થીયરીનો ઉફયોગ કુશળતા, ભૂમિકા વગેરે બાબતોના ઉપયોગ અંગે સ્વ મૂલ્યાંકન કરવાનું હોય છે.)
- શું શીખવા મળ્યું ? (પિલ્ડવર્કમાંથી શું શીખ્યા ? તેનો ઉલ્લેખ કરવો.)
- ભાવિ આયોજન (આજનું અધુરું કામ - આવતી કાલનું ભાવિ આયોજન બની શકે. અથવા જો કામગીરી પૂર્ણ થઈ ગઈ હોય તો નવું કામ એ ભાવિ આયોજન બની શકે.)

### 2.4.3 દૈનિક અહેવાલ માટે કેટલીક નોંધપાત્ર બાબતો :

- દૈનિક અહેવાલ લખવા માટે રિપોર્ટ પેપરનો ઉપયોગ કરવો.
- પેપર માટે એકબાજુએ કોરા અને એકબાજુએ લીટીવાળા પેપરનો ઉપયોગ કરવો.
- દરરોજ દૈનિક અહેવાલ લખીને તેને દૈનિક અહેવાલની ફાઈલમાં મૂકવા.
- દૈનિક અહેવાલ ફિલ્ડવર્કમાંથી આવ્યા પછી તરત જ લખવો જેથી અહેવાલ જીવંત બને.
- દૈનિક અહેવાલ એક પાનાને બદલે વિગતવાર લખવો.
- દૈનિક અહેવાલમાં મળેલ માહિતીનું વિગતે વર્ણન કરવું. દા.ત. આજરોજ મેં

આંગણવાડીની મુલાકાત લીધી હતી એમ નહીં પણ આંગણવાડીની સંપૂર્ણ વિગતોનો રિપોર્ટમાં ઉલ્લેખ કરવો. જેમાં આંગણવાડી કેન્દ્રનું નામ, સ્થાપના, બાળકોની સંખ્યા, આંગણવાડી સ્ટાફ, નાસ્તા અંગેની વિગત, કુપોષિત બાળકોની સંખ્યા, આંગણવાડીની વિવિધ સેવાઓ અંગે લોકોના પ્રતિભાવો સહિતની તમામ વિગતોનો ઉલ્લેખ દૈનિક અહેવાલમાં કરવો.

- ➢ દૈનિક અહેવાલમાં અહેવાલને જીવંત બનાવવા માટે ફિલ્ડવર્કની કામગીરીના વિવિધ ફોટોગ્રાફસનો પણ અહેવાલમાં સમાવવા.
- ➢ અહેવાલમાં ફોટા મૂકતી વખતે ફોટો પરિચય કરાવવો જેતી વાચકને ખ્યાલ આવે કે આ કઈ પ્રવૃત્તિનો ફોટો છે. ફોટામાં સમય, સ્થળ, તારીખ અને કામગીરીની વિગતનો અવશ્ય ઉલ્લેખ કરવો જોઈએ.
- ➢ દૈનિક અહેવાલ લખવા માટે રિપોર્ટ પેપરનો ઉપયોગ કરવો.અહેવાલ લેખનમાં સંસ્થાગત રજા કે અંગત રજાની નોંધને અહેવાલ નંબર આપવો નહિં. હા, જાણકારી માટે સંસ્થાગત કાર્યક્રમ શું હતો ? તેનો ઉલ્લેખ જરૂરી છે.
- ➢ દૈનિક અહેવાલમાં માર્ગદર્શકશ્રીને નિયમિત બતાવવી, માર્ગદર્શક સાથે ફિલ્ડવર્કની કામગીરી વિશે ચર્ચા કરવી. ફિલ્ડવર્કની ફાઈલની તપાસણી માર્ગદર્શક પાસે નિયમિત કરાવવી જોઈએ.
- ➢ દૈનિક અહેવાલમાં ફિલ્ડવર્કમાં થીયરીના ઉપયોગ અંગેની વિગત ઉદાહરણ, પ્રસંગ કે ઘટના સહિત ઉલ્લેખ કરવો.
- ➢ દૈનિક અહેવાલ જેટલો માહિતી અને ગુણવત્તાસભર હશે તેટલો સત્રાંત અહેવાલ ગુણવત્તા સભર બનશે.

### 2.4.4 ગ્રામીણ ક્ષેત્રકાર્ય સત્રાંત અહેવાલના મુદ્દાઓ :

❖ **પહેલો ભાગ**

(1) મુખપૃષ્ઠ

(2) અનુક્રમણિકા - ક્રમ, વિગત, પૃષ્ઠ નં, વિ. નોંધ

(3) સૂચિની યાદી - કોષ્ટકસૂચિ, શબ્દસૂચિ, ટૂંકાક્ષરો, આલેખસૂચિ, ચિત્રસૂચિ.

❖ **બીજો ભાગ**

(1) પ્રસ્તાવના અને આભાર

(2) ગ્રામીણ ક્ષેત્રકાર્યના હેતુઓ

(3) ક્ષેત્રકાર્યમાં કરેલ કાર્યોની આંકડાકીય વિગતનું ટુંકમાં રજૂઆત

(4) ક્ષેત્રકાર્યમાં કરેલ કાર્યોની કાર્યપ્રક્રિયા અને પ્રવૃત્તિઓની યાદી અને તેનું ક્રમ મુજબ વર્ણન.

- ક્રિયાત્મક અને વિકાસાત્મક ક્રિયાઓ (Functional & Developmental Activity)ની યાદી અને તેનું વર્ણન :-

  (દા.ત. ગ્રામ પરિચય માટેના કાર્યો, વ્યક્તિ, જૂથ અને સમુદાયની જરૂરિયાતોની ચકાસણી, ગામની સમસ્યાઓની ઓળખ અને નિરાકરણના પગલાઓ. તેના માટેનું આયોજન અને અમલીકરણની પ્રક્રિયા કે પ્રવૃત્તિઓ. લોક સંપર્ક, કુટુંબ સંપર્ક, સંસ્થાઓની મુલાકાત અને તેનો પરિચય, વ્યક્તિ વિશેષ મુલાકાત. રમતનું આયોજન, આરોગ્ય શિબિર, વ્યસન મુક્તિશિબિર)

- સંશોધન કાર્યો (Research work)ની યાદી અને તેનું વર્ણન :-

  વિવિધ મુદ્દા કે સમસ્યાના અભ્યાસ માટેની માહિતી એકત્રીકરણ, જેવા કે આયોજિત નિરીક્,ણો અને તેનું પત્રક, સર્વે અને સર્વે પત્રક, મુલાકાત પત્રિકા, અનુસૂચિ અને પ્રશ્નાવલિ વગેરે ઉપકરણો વિકસાવવા.

- વહીવટી / દફતર કાર્યો (Admin work & office work)ની યાદી અને તેનું વર્ણન :-

  અરજી લખવી, આમંત્રણ આપવા, હિસાબો કરવા, અહેવાલો લખવા.

(5) ક્ષેત્રકાર્યમાં કરેલ કાર્યપ્રક્રિયા અને પ્રવૃત્તિઓનું મૂલ્યાંકન :

- સમાજકાર્ય જ્ઞાન (Social work knowledge) ક્ષેત્રકાર્ય કરવાથી વિકસેલ અને પ્રાપ્ત કરેલ માહિતી / જ્ઞાન :-
- સમાજકાર્યના મૂલ્યો અને વલણો (values & Attitudes of Social work) ક્ષેત્રકાર્ય કરવાથી કેળવાયેલા અને આત્મસાત કરેલ સમાજકાર્યના મૂલ્યો અને વલણો.
- સમાજકાર્યની કુશળતા (Skills of Social work) ક્ષેત્રકાર્ય કરવાથી વિકસેલ અને પ્રાપ્ત કરેલ સમાજકાર્યની કુશળતાઓ (પ્રથમ વર્ષમાં જે કુશળતાઓ વિસી હતી તેની યાદી આપવી અને ત્રીજા સત્રમાં જે કુશળતા વિકસી તેનાં વિશે લખો)

(6) ક્ષેત્રકાર્યનાં વિશિષ્ટ અનુભવો :

(7) માર્ગદર્શકનું માર્ગદર્શન

(8) આવતા સત્રનું આયોજન અથવા ભાવિ વિદ્યાર્થીઓએ કરવા જેવા કાર્યોની યાદી કે આયોજન.

(9) ઉપસંહાર

❖ **ત્રીજો ભાગ**

# સંદર્ભસૂચિ # પરિશિષ્ટ - સમય સારણી, પ્રશ્નાવલી

## 2.5 ઉપસંહાર :

સમાજની વાસ્તવિક સ્થિતિની જાણકારી માટે ફિલ્ડવર્ક વિવિધ ક્ષેત્રોમાં જરૂરી છે. કારણકે તે વાસ્તવિક પરિસ્થિતિઓમાંથી પ્રાથમિક માહિતી એકત્ર કરવામાં મદદ કરે છે, જે તપાસ સુધારણા અને નવી શોધોને પ્રોત્સાહન આપે છે. પ્રયુક્તિ માનવજીવનના દરેક ક્ષેત્ર માટે મહત્ત્વપૂર્ણ છે. કારણ કે તે વિચારોને વાસ્તવિક રીતે કાર્યરત બનાવી જીવનમાં સુધારા લાવે છે.

સમાજકાર્યના દષ્ટિકોણથી ક્ષેત્રકાર્યએ લોકોની સમસ્યાઓને સમજી, મજબૂત હસ્તક્ષેપની યોજના બનાવવા અને લોકોને તેમની ક્ષમતાઓમાં મજબૂત બનાવવાનું મહત્ત્વપૂર્ણ સાધન છે. અહીં વ્યાવહારિક અનુભવ, સંવાદ અને નીતિઓનું મિશ્રણ કરીને વાસ્તવિક જીવનમાં બદલાવ લાવવામાં મદદરૂપ થાય છે.

ફિલ્ડવર્ક સમાજકાર્યમાં સંશોધન, સેવાપ્રદાન અને સમાજ સાથે સંપર્ક ઊભો કરવા અને જાળવવા માટેનું આ એક મજબૂત સાધન છે. જે વ્યાવહારિક કૌશલ્યો સાથે વિકાસ અને સુખદ જીવનના ઉદ્દેશ્યને સાકાર કરવામાં મદદરૂપ થાય ચે. જીવતા જીવાતા જીવનના પ્રશ્નો અને તેના ઉકેલ માટે ફિલ્ડવર્ક એ ઘણું ઉપયોગી સાધન છે. આ સાધનનો આસરકારક ઉપયોગ સમસ્યા નિવારણના કાર્ય માટે ખૂબ ઉપયોગી બની શકે તેમ છે.

## 2.6 તમારી પ્રગતિ ચકાસો :

(1) પ્રયુક્તિ એ સંકલિત શબ્દ છે જેનું મૂળ ..............માં છે ?

A. ગુજરાતીમાં B. સંસ્કૃતમાં C. મરાઠીમાં D. ફારસીમાં

(2) પ્રયુક્તિ એટલે શું ?

A. પ્રયોગાત્મક કાર્ય B. વિશ્લેષણાત્મક કાર્ય

C. નવીન કાર્ય D. સુધારાત્મક કાર્ય

(3) અહેવાલ લેખનના મુખ્ય કેટલાક પ્રકાર છે ? તે જણાવો.

A. એક B. બે C. ત્રણ D. ચાર

(4) કેન્દ્રિત જૂથચર્ચા માટે કેટલા સભ્યોનું જૂથ આદર્શ ગણી શકાય.

A. 05 સભ્યો સુધી B. 07 સભ્યો સુધી

C. 08 થી 12 સભ્યો સુધી D. 30 થી 50 સભ્યો સુધી

(5) સત્રાંત અહેવાલને કેટલા ભાગમાં વિભાજીત કરવામાં આવેલ છે ?

A. એક B. બે C. ત્રણ D. ચાર

(6) સામાન્ય રીતે એક સત્ર દરમ્યાન ઓછામાં ઓછું કેટલા કલાકનું ફિલ્ડવર્ક કરવું જરૂરી છે છ?

A. 50 કલાક B. 100 કલાક C. 150 કલાક D. 200 કલાક

(7) વ્યક્તિગત કે પારિવારિક સમસ્યાઓનો ઊંડાણથી અભ્યાસ કરવા કઈ પદ્ધતિ ઉપયોગી છે ? તે જણાવો.

A. કેસ સ્ટડી B. સર્વે સંશોધન

C. ક્રિયાત્મક સંશોધન D. ઉપરોક્ત બધા

(8) દૈનિક અહેવાલ ક્યારે લખવો જોઈએ ?

A. ફિલ્ડમાંથી આવીને તરતજ    B. અઠવાડિયે

C. મહિને    D. ગમે ત્યારે

## 2.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબ :

(1) B- સંસ્કૃતમાં

(2) A- પ્રયોગાત્મક કાર્ય

(3) B- બે પ્રકાર

(4) C- 08 થી 12 સભ્યો

(5) C- ત્રણ

(6) A- 150 કલાક

(7) A- કેસ સ્ટડી

(8) A- ફિલ્ડમાંથી આવીને તરતજ

## 2.8 ચાવીરૂપ શબ્દોની સમજ :

**(1) ભૂમિકા :** કોઈ એક સામાજિક કે જૂથ પરિસ્થિતિમાં વ્યક્તિના સ્થાન સાથે સંકળાયેલા અધિકારો અને ફરજોની આસપાસ રચાયેલ વ્યક્તિના વર્તનની તરાહ. તે સ્થાન પરત્વેની વ્યક્તિની ભૂમિકાને બે રીતે જોવાય. વ્યક્તિ પોતાની ભૂમિકા જે રીતે ભજવી તેને ભૂમિકા ભજવણી (પરપોર્મન્સ) કહેવાય. જ્યારે સબંધિત લોકોને ભૂમિકા અંગે વ્યક્તિ પાસે જે અપેક્ષા રાખે તેને ભૂમિકા અપેક્ષા (એકસ્પેક્ટેશન) કહેવાય. જહોન્સન સામાજિક સ્થાનના બે ભાગ પાડે છે અધિકાર અથવા દરજ્જો અને ફરજો અથવા ભૂમિકા.

**(2) મૂલ્યાંકન :** કાળજીભરી તપાસ દ્વારા કોઈપણ વસ્તુ કે ક્રિયાના મૂલ્યનો નિર્ણય કરવાની કે ચકાસવાની પ્રક્રિયા.

- કોઈ ધોરણની સરખામણીમાં કોઈ ઘટનાની સાપેક્ષ સૂચકતા નક્કી કરવી તે.
- જે ધ્યેયો નક્કી કર્યા હોય તેમને પહોંચવામાં કેટલી સફળતા મળી તે પુરાવાઓને ધ્યાનમાં લઈ માપવાની પ્રક્રિયા.

**(3) કેસ સ્ટડી :** એકમ તપાસ એ ક્ષેત્ર સંશોધનનો એક પ્રકાર છે. એકમ અભ્યાસ એ કોઈપણ સામાજિક એકમ વ્યક્તિ, કુટુંબ, સંસ્થા, સાંસ્કૃતિક જૂથ અથવા સમુદાયના જીવનનું પૃથક્કરણ કરવું તે છે. એકમ તપાસનો મુખ્ય

હેતુ જટિલ સામાજિક સંગઠનનું પૃથક્કકરણાત્મક વર્ણન કરવું તે છે. એકમ તપાસમાં કોઈપણ સામાજિક એકમને વર્ગ તરીકે જોવામાં આવે છે, તે એકમનો વિકાસ જાણવાનો પ્રયત્ન પણ થાય છે.

**(4) શિક્ષણ :** ઔપચારિક અથવા અનૌપચારિક રીતે થતું જ્ઞાનનું પ્રસારણ સામાજિકીકરણ અને શીખવું (લર્નિંગ) આ બંને પર્યાય રૂપે પણ પ્રયોજાય છે. મોટેભાગે શિક્ષણને ઔપચારિક વ્યવસ્થાના સ્વરૂપમાં જોવામાં આવે છે.

શિક્ષણએ વ્યાપક સમાજ વ્યવસ્થાનો એક ભાગ હોવાથી શિક્ષણ - વ્યવસ્થાના પોતાના આંતર સબંધો તથા શિક્ષણના શિક્ષણોત્તર વ્યવસ્થાઓ સાથેના સબંધો શિક્ષણના સમાજશાસ્ત્રનું અભ્યાસ ક્ષેત્ર બને છે.

**(5) સમાજ :** મેકાઈવરના મત મુજબ સામાજિક સબંધોનું માળખું એટલે સમાજ.

- રોબર્ટ પાર્કના મત મૂજબ સમુદાય કરતો ઉપરનું, વધુ નિરપેક્ષ અને સંચાર તથા સંસ્કૃતિ પર આધારિત વ્યાપક માનવ સંગઠન.

**(6) સમુદાય :** (1) સ્થાનિક વિસ્તારના રહેવાસીઓ, જેમ કે, એક કસબાના કે ગામના લોકો.

- સામાન્ય પ્રજાના અર્તમાં વપરાતો શબ્દ
- લોકોનું જૂથ કે જેમના પાયાના રસો સરખા હોય. જેમ કે, વિજ્ઞાનીઓનું જૂથ, સમાજ શાસ્ત્રીઓનું જૂથ.

## 2.9 સ્વાધ્યાય લેખન કરો :

(1) ક્ષેત્રકાર્યની વિવિધ પ્રયુક્તિઓનો ટૂંકાણમાં પરિચય કરાવો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

(2) સહભાગી ગ્રામિણ ચકાસણી એટલે શું ? ક્ષેત્રકાર્યમાં સહભાગી ગ્રામિણ ચકાસણીની ઉપયોગિતા સમજાવો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

(3) સહભાગી ગ્રામિણ ચકાસણીની વિવિધ પ્રવૃત્તિઓ ટૂંકાણમાં સમજાવો.

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

(4) ક્ષેત્રકાર્યમાં અહેવાલલેખનની ઉપયોગિતા સમજાવો.

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

(5) સત્રાંત અહેવાલ લેખનનું માળખું સમજાવો.

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

## 2.10 પ્રવૃત્તિ કરો :

(1) તમારા ફિલ્ડવર્કના ગામનો નકશો તૈયાર કરો.

(2) તમારા ફિલ્ડવર્કના ગામનું DRA કરો.

(3) ક્ષેત્રકાર્ય માટે ઉપયોગી વિવિધ દસ્તાવેજી ફિલ્મો જોઈ તેની નોંધ તૈયાર કરો.

## 2.11 કેસસ્ટડી તૈયાર કરો :

(1) તમારી ફિલ્ડવર્કની કામગીરી દરમ્યાન તમારી દૃષ્ટિએ સફળ કહી શકાય તેવી કામગીરીનો એક સ્ટડી તૈયાર કરો.

(2) મહિલા સશક્તિકરણના સંદર્ભમાં કોઈ એક મહિલાની સફળ કામગીરી અંગેનો કેસસ્ટડી તૈયાર કરો.

(3) તમારા ફિલ્ડવર્કના ગામમાંથી કોઈ એક યુવાનની નોંધપાત્ર કામગીરીનો કેસસ્ટડી તૈયાર કરો.

## 2.12 સંદર્ભ ગ્રંથો :

(1) સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પધ્ધતિશાસ્ત્ર, ડૉ.ડી.એ. ઉચાટ, રાજકોટ.

(2) સ્થાનિક સ્વરાજ અને સામાજિક વિકાસ, ઉન્નતિ વિકાસ શિક્ષણ સંસ્થાન, અમદાવાદ.

(3) સહભાગી ગ્રામિણ ચકાસણી, પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર, અમદાવાદ.

(4) ગ્રામિણ ક્ષેત્રકાર્ય, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

(5) પારિભાષિક કોરા - સમાજશાસ્ત્ર, ડૉ.વિદ્યુતભાઈ જોષી, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ-06

****************

# એકમ-3 ગ્રામિણ સમુદાયમાં ક્ષેત્રકાર્ય -01 કુટુંબ, અર્થ વ્યવસ્થા અને શૈક્ષણિક વ્યવસ્થા.

રૂપરેખા :-


**3.0** ઉદ્દેશ્યો

**3.1** પ્રસ્તાવના

**3.2** ગ્રામિણ સમુદાયમાં ક્ષેત્રકાર્ય શા માટે ?

**3.3** ગ્રામિણ સમુદાયમાં કુટુંબ

**3.4** ગ્રામિણ સમુદાયની અર્થ વ્યવસ્થા

**3.5** ગ્રામિણ સમુદાયમાં શૈક્ષણિક વ્યવસ્થા

**3.6** ઉપસંહાર

**3.7** તમારી પ્રગતિ ચકાસો

**3.8** તમારી પ્રગતિ ચકાસોના જવાબ

**3.9** ચાવીરૂપ શબ્દોની સમજ

**3.10** સ્વાધ્યાય લેખન

**3.11** પ્રવૃત્તિ કરો

**3.12** કેસ સ્ટડી તૈયાર કરો

**3.13** સંદર્ભ ગ્રંથ


## 3.0 ઉદ્દેશ્યો :

વિદ્યાર્થીમિત્રો, આ એકમના અભ્યાસ બાદ તમે,

(1) ગ્રામિણ સમુદાયમાં ક્ષેત્રકાર્યની ઉપયોગિતા વિશે ખ્યાલ આવશે.

(2) ગ્રામિણ સમુદાયમાં કુટુંબ વિશેની સમજ વધારે સ્પષ્ટ થશે.

(3) ગ્રામિણ સમુદાયમાં કુટુંબ વ્યવસ્થામાં આવેલ પરિવર્તન વિશે જાણવા મળશે.

(4) ગ્રામિણ સમુદાયની અર્થ વ્યવસ્તા વિશેનો ખ્યાલ આવશે.

(5) ગ્રામિણ સમુદાયની શૈક્ષણિક વ્યવસ્થા વિશેની જાણકારી પ્રાપ્ત થશે.

(6) ગ્રામિણ સમુદાયમાં આવેલ પરિવર્તન અને તેના કારણે વિશે જાણવા મળશે.

## 3.1 પ્રસ્તાવના :

ભારત કૃષિ પ્રધાન દેશ છે. વસ્તીનો મોટોભાગ આજે પણ ગામડામાં વસવાટ કરે છે. ગામડું એ આપણા રાષ્ટ્રનું હૃદય છે. ગ્રામિણ સમુદાયએ સમાજનો એક એવો ભાગ છે જે ગામડાઓમાં વસે છે અને જ્યાં જીવનશૈલી મોટાભાગે કૃષિ, પશુપાલન અને પરંપરાગત વ્યવસાયો પર આધારિત હોય છે. આ સમુદાયોને સરળ જીવનશૈલી, પરંપરાગત ગ્રામિણ સમુદાયની મુખ્ય વિશેષતાઓ.

(1) **કૃષિ આધારિત જીવન :-** ગ્રામિણ વિસ્તારોમાં કૃષિ મુખ્ય વ્યવસાય છે. પૂરક વ્યવસાય તરીકે પશુપાલન કરવામાં આવે છે. આ ઉપરાંત અન્ય પરચુરણ વ્યવસાયોમાંથી રોજગારી પ્રાપ્ત કરવામાં આવે છે.

(2) **કૃષિ આધારિત જીવન :-** ગ્રામિણ સમુદાયમાં લોકો એકબીજાથી નજીકમાં વસવાટ કરે છે. જેથી આ સમુદાયમાં ‘‘અમેપણાની ભાવના’’ વિશેષ જોવા મળે છે. લોકો એકબીજાને મદદરૂપ અને પરસ્પર સહકાર પર આધાર રાખે છે.

(3) **પરંપરાગત સંસ્કૃતિ :-** ગ્રામિણ સમુદાયમાં પરંપરાગત સંસ્કૃતિ જોવા મળે ચે. જેમાં લોકોની જીવનશૈલી, હસ્તકલા અને રીતરિવાજો પરંપરાગત હોય છે.

(4) **મર્યાદિત વિકાસ :-** ગામડાઓમાં પ્રમાણમાં મર્યાદિત વિકાસ થયેલ છે. લોકોની જીવનશૈલીમાં બદલાવ જોવા મળે છે પરંતુ આજે પણ ઘણાં દૂરના અને અંતરિયાળ ગામોમાં પાકા રસ્તાઓ નથી. શૈક્ષણિક અને આરોગ્ય સેવાઓ જેવી આધુનિક સુવિધાઓનું પ્રમાણ ઓછું જોવા મળે છે.

(5) **પ્રકૃતિ સાથે નાતો :-** લોકો પ્રકૃતિની એકદમ નજીક જોવા મળે છે. લોકોનું જીવન પ્રકૃતિ પર આધારિત હોય છે. જેમકે, પાણીના સ્ત્રોતો, જમીન હવામાન સ્વચ્છ જોવા મળે છે. પરંતુ ઘણાં વિસ્તારોમાં આધુનિકીકરણ જોવા મળે છે. શહેરીની નજીકના ગામોમાં શહેરીકરણનો પ્રભાવ જોવા મળે છે.

ગ્રામિણ સમુદાયના વિકાસ માટે ગ્રામિણ સમુદાયને અવરોધક પરિબળો વિશે વિચારણા કરી ફિલ્ડવર્કના માધ્યમથી સમુદાયના વિકાસ માટેના કામો હાથ ધરી શકાય છે. ફિલ્ડવર્ક એ મજબૂત અને સંશોધન આધારિત એક મહત્ત્વની પદ્ધતિ છે. જેમાં સંશોધક અથવા કાર્યકરો સીધા જ ગ્રામિણ અથવા અન્ય સમુદાયના લોકો સાથે સંપર્ક કરે છે, તેમનું દૈનિક જીવન સમજે છે, અને સમુદાયના મુદ્દાઓ઼ અભ્યાસ કરે છે. આ અબ્યાસના આધારે ગ્રામિણ સમુદાયના વિકાસને માટે અવરોધક મુદ્દાઓને જુદા તારવી પ્રવર્તમાન સ્થિતિમાં બદલાવ કઈ રીતે લાવી શકાય તે દિશામાં વિચારણા થાય તે જરૂરી છે. સમાજકાર્યના અભ્યાસક્રમમાં વિદ્યાર્થી કાર્યકરો સમાજજીવનના વિવિધ પ્રશ્નોમાં કઈ રીતે દરમ્યાનગીરી તે દિશામાં વિચારણા કરવા માટે આ એકમ ખૂબ ઉપયોગી બની શકે તેમ છે.

## 3.2 ગ્રામિણ સમુદાયમાં ક્ષેત્રકાર્યની જરૂરિયાત શા માટે ? :

સામાજિક કાર્યકરોએ સમાજજીવનના વિવિધ મુદ્દાઓમાં દરમ્યાનગીરી કરવા માટે ફિલ્ડવર્ક ખૂબ જરૂરી અને પાયાની બાબત છે. સમાજકાર્યમાં ફિલ્ડવર્કની ઉપયોગિતા અને જરૂરિયાતના સંદર્ભમાં નીચેના મુદ્દાઓ ખૂબ અગત્યના છે.

**(1) સમાજને નજીકથી સમજવા :-** ગ્રામિણ જીવનની જટિલતાઓને સમજવા માટે ફિલ્ડવર્ક દ્વારા પ્રાપ્ત થયેલ માહિતી ખૂબ ઉપયોગી બની શકે છે.


**(2) કાર્યક્ષેત્ર વિકાસ :-** સામાજિક કાર્યકર્તાઓ કે સંશોધકોને વ્યવહાર, ઉકેલો શોધવામાં મદદ કરે છે.

**(3) દિશા આપવી :-** લોકોના જીવનમાં સારું પરિવર્તન લાવવા માટે પ્રાથમિક માહિતી મેળવવી, જેનાથી સામાજિક પ્રશ્નોના ઉકેલના સંદર્ભમાં દિશા નિર્દેશ મળી રહે છે.

**(4) નીચિઓના વિકાસ :-** ફિલ્ડવર્કથી પ્રાપ્ત માહિતીનો ઉપયોગ સરકાર દ્વારા નીતિ નિર્માણમાં ઉપયોગી બની શકે છે.


ગ્રામિણ સમુદાય અને ફિલ્ડવર્ક પર આધારિત અભ્યાસ માટે સમાજશાસ્ત્ર, માનવશાસ્ત્ર અને વિકાસ સબંધી અભ્યાસ માટે અત્યંત જરૂરી છે. સંશોધક ગ્રામિણ વિસ્તારોમાં જઈને લોકોના જીવન પરિબળોનું નિરીક્ષણ કરે છે, લોકો સાથે સીધી વાતચીત કરીને તેઓના મત, ઈચ્છા અને ૦ પડકારોને સમજે છે. આ પદ્ધતિ દ્વારા શૈક્ષણિક, સામાજિક અને લોકોની આર્તિક માહિતી એકત્રિત થાય છે. અને લોકોને મદદ કરવા માટે શ્રદ્ધા અને વિશ્વાસ સ્થાપિત કરવામાં આવે છે.

### 3.2.1 ગ્રામિણ સમુદાયમાં ક્ષેત્રકાર્યના ક્ષેત્રો :




## 3.3 ગ્રામિણ સમુદાયમાં કુટુંબ :

ગ્રામિણ સમુદાયમાં કુટુંબની મહત્ત્વની ભૂમિકા છે. તે વ્યક્તિ અને સમુદાય બંને માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે. કુટુંબ વ્યક્તિના જીવનમાં જ નહીં, પરંતુ સમગ્ર સમાજમાં સામાજિક, આર્થિક અને સંસ્કૃતિના વિકાસમાં પણ મહત્ત્વની બૂમિકા ભજવે છે. કુટુંબની મહત્ત્વની કામગીરી છે.



આમ, ઉપર જણાવ્યા મુજબ આપણી સામાજિક વ્યવસ્થામાં કુટુંબની ખૂબ મહત્ત્વની અને પાયાની કામગીરી છે. પ્રજનન અને પેઢીના સર્જનમાં કુટુંબની મહત્ત્વની ભૂમિકા છે. જીવન જરૂરિયાતો પૂર્ણ કરવા માટે આર્થિક સહકારની કામગીરી કુટુંબની છે. બાળકોને શિક્ષિત કરવા અને જીવનઉપયોગી મૂલ્યોનું સર્જન કરવા અને બાળકોમાં સમક્શીલતાનો વિકાસ કુટુંબ દ્વારા થાય છે. સંસ્કૃતિને ટકાવવાનું મહત્ત્વનું કાર્ય કુટુંબ કરે છે. પરંપરા, રિવાજો અને ધર્મનો વારસો જાળવવામાં કુટુંબની પાયાની કામગીરી છે. આ સિવાય, સૌથી મહત્ત્વની અને પાયાની કામગીરી ભાવનાત્મક કાર્યની છે. મુશ્કેલીમાં પ્રેમ, મમતા અને જરૂરી લાગણી પુરી પાડવાનું કામ કુટુંબનું છે. આજે માણસ સોશ્યલ મિડિયાનો સૌથી વધું ઉપયોગ કરે છે. માણસ વધુને વધુ સોશ્યલ મિડિયા ફ્રેન્ડલી બનતો જાય છે પરંતુ કુટુંબતી ધીરે-ધીરે અલિપ્ત થતો જાય છે. જેના પરિણામે માણસ આમ બધાથી નજીક છે પણ આમ બદાથી દૂર થતો જાય છે જેના પરિણામે પારિવારિક સમતુલા તૂટી છે. જેના લીધે માણસ નાની મુશ્કેલી પણ એકલતા અનુભવે છે જેના પરિણામે ચિંતા અને ડિપ્રેશન જેવી ગંભીર મુશ્કેલીઓનો ભોગ બનતો જાય છે. આ સમાજમાં ધીરે-ધીરે આત્મહત્યા જેવા બનાવોનું પ્રમાણ વધતું જાય છે જેના મૂળમાં કુટુંબની તૂટતી પારંપરિક વ્યવસ્થા જવાબદાર ગણાવી શકાય.

❖ **ગ્રામિણ સમુદાયમાં કુટુંબની ઉપયોગિતા :-**

**(1) આર્થિક ઉપયોગિતા :-**

- કુટુંબ એ ગ્રામિણ સમાજમાં મુખ્ય આર્થિક એકમ છે. ખાસ કરીને કૃષિ આધારિત જીવનમાં કુટુંબના સભ્યો ખેડૂતો તરીકે સાથે કામ કરે છે, પશુપાલન કરે છે અને રોજગારીનું સર્જન કરે છે.
- આર્થિક સહયોગ દ્વારા જીવન જરૂરિયાતો પૂરી થાય છે.

**(2) સામાજિક ઉપયોગિતા :-**

- કુટુંબ સંસ્કાર અને પરંપરાગત મૂલ્યોને પેઢીદર પેઢી સોંપે છે.
- તે વ્યક્તિને સામાજિક જીવન જીવવા માટે પ્રેરણા આપે છે અને સહકારી ભાવના અને વલણનો વિકાસ કરે છે.
- કુટુંબ સામાજિક સહકાર અને સંઘર્ષ નિવારણ માટેનો મહત્ત્વનો આધાર છે.

**(3) શૈક્ષણિક ઉપયોગિતા :-**

- બાળકોના પ્રાથમિક શિક્ષણ માટે કુટુંબ જવાબદાર છે.
- વડીલો દ્વારા જીવન કૌશલ્યો, કૃષિ પદ્ધતિઓ અને આધ્યાત્મિક સમજણનો વારસો આપવામાં આવે છે.

**(4) ભાવનાત્મક ઉપયોગિતા :-**

- કુટુંબ પ્રેમ અને સંવાદિતા અને સહકારી ભાવનાનો વિકાસ કરે છે.
- જીવનની મુશ્કેલી પરિસ્થિતિમાં વ્યક્તિને ભાવનાત્મક મજબૂતી મળી છે.
- ગ્રામિણ જીવનના પડકારો સામે લડવા માટે કુટુંબ વ્યક્તિને માનસિક શક્તિ આપે છે.

**(5) સંસ્કૃતિ અને પરંપરાને વારસો :-**

- કુટુંબ સ્થાનિક સંસ્કૃતિ, લોકોના તહેવાર અને પરંપરાગત હસ્ત કલાકારોનું રક્ષણ કરે છે.
- તે ગ્રામિણ સમુદાયના પરંપરાગત રિવાજોને જાળવી રાખે છે.

**(6) પ્રજનન અને જન સંખ્યા વિકાસ :-**

- કુટુંબ સમાજના પ્રજનન અને વિકાસ માટે મહત્ત્વનો આધાર ૦ છે.
- કુટુંબ એ પ્રજોત્પાદનનું મહત્ત્વનું કાર્ય કરે છે. જેનાથી વારસો જળવાઈ રહે છે.

**(7) નૈતિક મૂલ્યો અને શિસ્ત :-**

- કુટુંબ એ નૈતિક મૂલ્યોની સ્થાપનામાં મહત્ત્વની કામગીરી કરે છે.
- ગ્રામિણ સમુદાયમાં સમાજશાસ્ત્રીય શિસ્ત જાળવવામાં કુટું મુખ્ય ભૂમિકા ભજવે છે.

**(8) ગ્રામિણ સમુદાયની આર્થિક સુરક્ષા :-**

- કુટુંબ ગ્રામિણ લોકો માટે આર્થિક સહયોગનું પ્રાથમિક સ્ત્રોત છે.
- વૃદ્ધો, મહિલાઓ અને બાળકો માટે આર્થિક સુરક્ષા અને સહાય પૂરી પાડે છે.
- કુટુંબ દ્વારા જમીન, મજૂરી અને સંસાધનોનો સંયુક્ત ઉપયોગ થાય છે.

**(9) કૃષિ અને સંલગ્ન કાર્યોમાં સહયોગ :-**

- કુટુંબના તમામ સભ્યો કૃષિ કાર્યોમાં સહયોગ આપે છે. જેમાં ખેતી, પાકની માનવજત તતા કાપણીનો સમાવેશ થાય છે.
- વૃદ્ધો દ્વારા પરંપરાગત કૃષિ જ્ઞાન અને નવી પેઢી માટે માર્ગદર્શન પુરું પાડવામાં આવે છે.
- પશુપાલન અને ઘર આધારિત વ્યવસાયોનું સંચાલન કુટુંબ એકમના સહયોગથી સરળ બને છે.

**(10) વૈવિધ્યપૂર્ણ ભૂમિકા :-**

- પરિવારમાં વિવિધ સભ્યો અલગ-અલગ ભૂમિકા ભજવે છે. જેમકે પુરુષો ખેતી અને ખેત મજૂરી કરે છે, જ્યારે મહિલાઓ ઘરના કાર્યો અને કારીગરીના કામમાં સહયોગ કરે છે.
- કુટુંબના સભ્યો પરંપરાગત હસ્તકલા ઉદ્યોગો જેમકે વણાટ, ખેત ઉત્પાદન તેમજ ઢોર ઉછેરની મહત્ત્વની કામગીરી કરે છે.

**(11) પરંપરા અને ઉત્સવોનું જતન :-**

- કુટુંબ જ પરંપરાગત તહેવારો, વિધિઓ અને ધાર્મિક પ્રસંગોનું આયોજન કરે છે.
- આ તહેવારો દ્વારા ગ્રામિણ સમુદાયના સભ્યો સામાજિક જોડાણ અને એકતા મજબૂત થાય છે.

**(12) સામાજિક નિયંત્રણનું સાધન :-**

- કુટુંબ સભ્યોના વર્તન ઉપર નિયંત્રમ રાખે છે અને શિસ્ત જાળવવામાં મદદ કરે છે.
- તે સામાજિક સંઘર્ષોનું નિવારણ લાવવા માટે સંસ્કૃતિ અને સામાજિક નિયમોને આચારવા માટે પ્રેરિત કરે છે.

**(13) સ્વાસ્થ્ય અને કલ્યાણ :-**

- કુટુંબના સભ્યો બિમારી અને મુશ્કેલીના સમયે મેડિકલ સહાય પૂરી પાડે છે. આયુર્વેદ, પ્રાકૃતિક ઉપચાર પદ્ધતિઓ અને પરંપરાગત આરોગ્ય પદ્ધતિઓનું પ્રચારનું કામ કરે છે.

**(14) સમુદાયના જોડાણમાં સહયોગ :-**

- કુટુંબ દ્વારા સમુદાયના અન્ય કુટુંબ સાથે સબંધો ઉભા થાય છે. લગ્ન, જન્મ અને અન્ય વિધીઓ દ્વારા સામાજિક જોડાણ મજબૂત બને છે.

આમ, સમાજકાર્યના દષ્ટિકોણથી સામાજિક વિકાસના પ્રશ્નોના ખૂબ મહત્ત્વની કામગીરી છે.

## 3.4 ગ્રામિણ સમુદાયની આર્તિક વ્યવસ્થા :

ગ્રામિણ સમુદાયની આર્થિક વ્યવસ્થા મુખ્યત્ત્વે પ્રાકૃતિક સંસાધનો પર આધારિત છે અને પરંપરાગત પ્રવૃત્તિઓ દ્વારા ચાલે છે. આ વ્યવસ્થામાં કૃષિ મુખ્ય સાધન છે. અને તેની સાથે જોડાયેલી પ્રવૃત્તિઓ જેમકે પશુપાલન, હસ્તકલા અને નાના ઉદ્યોગો મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

### 3.4.1 આર્થિક વ્યવસ્થાની મુખ્ય વિશેષતાઓ :

**(1) કૃષિ આધારિત આર્થિક વ્યવસ્થા :-**

- જમીન મુખ્ય સંસાધન છે, અને ખેતી મુખ્ય વ્યવસાય છે.
- ખેડૂતો પરંપરાગત પદ્ધતિઓથી ખેતી કરે છે, જેમાં અદ્યતન ટેકનોલૉજીનો પ્રમાણમાં ઓછો ઉપયોગ થાય છે.

**(2) પુરક વ્યવસાય પશુપાલન :-**

- પશુપાલન ગ્રામિણ આર્થિક વ્યવસ્થાનો મહત્ત્વનો ભાગ છે.
- પશુપાલન દ્વારા દૂધ, માખણ અને ગોબર ગેસનું ઉત્પાદન થાય છે.
- પૂરક વ્યવસાય થકી લોકોનું આર્થિક સશક્તિકરણ થયું છે.

**(3) હસ્તકલા અને કારીગરી :-**

- લોકો સ્થાનિક સ્તરે હસ્તકલા, વણાટ, માટીના વાસણો અને પરંપરાગત કામગીરીમાં પ્રવૃત્ત થાય છે.

**(4) વિનિમય પર આધાર :-**

- ખાસ કરીને ગામડાઓમાં લોકો હજી પણ વિનિમય પ્રથા ઉપર આધારિત છે.
- આ ઉત્તમ પદ્ધતિ છે.

**(5) મર્યાદિત બજાર અવકાશ :-**

- ગ્રામિણ સમુદાયોમાં સ્થાનિક બજાર મર્યાદિત હોય છે, અને તેમાં માલસામાનનું વેચાણ અને ખરીદી થાય છે.

**(6) મજૂરી અને રોજગારી :-**

- મજૂરીના કામાં શારિરીક કામ વધું છે.
- મૌસમી રોજગારી વધું હોય છે અને બેરોજગારી એક મુખ્ય સમસ્યા છે.

**3.4.2 સમાજકાર્યના દષ્ટિકોણથી દરમ્યાનગીરી :**

ગ્રામિણ આર્થિક વ્યવસ્થાના સશક્તિકરણ માટે સામાજિક કાર્યકરોની ખૂબ મહત્ત્વની ભૂમિકા છે. તેઓ સમસ્યાનું નિરાકરણ લાવવા અને વિકાસ કરવા માટે મહત્ત્વની કામગીરી કરે છે.

**(1) આર્થિક વિકાસ માટે દરમ્યાનગીરી :-**

- સમાજ કાર્યકર્તાઓ અદ્યતન ખેતી પદ્ધતિઓ અને ટેકનોલૉજી ગ્રામિણ લોકોને અપનાવવામાં મદદ કરે છે.
- આ ઉપરાંત, ઉત્પાદનોને વૈશ્વિક બજારમાં પહોંચાડવા માટે સહકારી સંસ્થાઓ અને સાહસોની સ્થાપના.
- મહિલાઓને ઘેર બેઠા કારીગરી અને નાના ઉદ્યોગોને શરૂ કરવા માટે પ્રોત્સાહન આપવું.

**(2) શૈક્ષમિક અને તાલિમ સબંધી કામગીરી :-**

- લોકો માટે વિવિદ વિષયો જેવાં કે કૃષિ, પશુપાલન અને હસ્તકલા અંગે તાલિમનું આયોજન.
- બાળકોને શિક્ષણ માટે પ્રોત્સાહિત કરવા અને શિક્ષણમાં વ્યાવસાયિક અભિગમ લાવવો.

**(3) સામાજિક મશીનરીનો કાર્યક્ષમ ઉપયોગ :-**

- ગ્રામિણ આર્થિક વ્યવસ્થાને મજબૂત બનાવવા માટે દૂધ સહકારી સંસ્થાઓ, સ્વસહાય જૂથોની રચના કરવી. આ ઉપરાંત, લોકોની કુશળતા વધારવા માટે માનવ સંસાધન વિકાસને લગતા કાર્યક્રમોનું આયોજન કરવું.

**(4) આર્થિક સમાનતા :-**

- ગરીબ અને વંચિત વર્ગના લોકો માટે સરકરની સહાય અને યોજનાઓ સુધીની પહોંચ સુનિશ્ચિત કરવી.
- જમીન વિતરણ અને કૃષિ દેવાની માફી માટે લોકોની વચ્ચે જાગૃતિ લાવવી.

**(5) ગરીબી ઉકેલ માટે પ્રયાસ :-**

- ''મનરેગા'' જેવી રોજગારી માટેની યોજનાઓને અમલમાં મૂકવા માટે પ્રોત્સાહન.

- ➢ કૌશલ્ય વિકાસ સબંધી કાર્યક્રમો દ્વારા રોજગારીનું નિર્માણ
- ➢ લોકોને સરકારી યોજના વિશે માહિતી અને જાણકારી આપવી.

**(6) પ્રાકૃતિક સંસાધનોનું સંરક્ષણ :-**

- ➢ ગ્રામિણ વિસ્તારોમાં પાણીના સંચય માટે પાણી સબંધી યોજના
- ➢ પર્યાવરણ સબંધિત સમસ્યાઓ માટે માહિતી આપવી અને લોકભાગીદારી વધારવા માટે એક ચળવળના રૂપમાં પ્રયત્નો હાથ ધરવાની જરૂરિયાત છે.

## 3.5 ગ્રામિણ સમુદાયમાં શિક્ષણ વ્યવસ્થા :

ગ્રામિણ સમુદાયમાં શૈક્ષણિક વ્યવસ્થાનું માળખું શહેરી વિસ્તારથી અલગ હોય છે. અને તે પ્રાથમિક રીતે મર્યાદિત સંસાધનો અને તકો પર આધારિત છે. શૈક્ષણિક વ્યવસ્થામાં મુખ્યત્ત્વે પ્રાથમિક શાળાઓ આંગણવાડી કેન્દ્રો અને પ્રાથમિક શાળાનો સમાવેશ થાય છે.

### 3.5.1 ગ્રામિણ શિક્ષણ વ્યવસ્થાની નોંધપાત્ર બાબતો :

**(1) પ્રાથમિક શિક્ષણનો અભાવ :-**

- ➢ ગ્રામિણ વિસ્તારોમાં શિક્ષણનું પ્રમાણ મર્યાદિત છે. પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત હોવા છતાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે.

**(2) ડ્રોપ આઉટ બાળકોની સંખ્યામાં વધારો :-**

- ➢ બાળકો અધવચ્ચે શાળા છોડી દે છે. બાળકોમાં સ્કુલ છોડવાના પ્રમાણમાં વધારો જોવા મળે છે.

**(3) શિક્ષકોની અછત :-**

- ➢ શિક્ષકોની શાળામાં ઘટ છે, અછત છે. હજી, ઘણી સ્કૂલોમાં ઓરડા નથી. બાળકોને ખુલ્લામાં બેસીને ભણવું પડે તેવી સ્થિતિ છે.

**(4) મોટા અંતરે શાળાઓ :-**

- ➢ શાળાઓ ઘણીવાર દૂર હોય છે, જે બાળકોના નિયમિત શિક્ષણમાં અવરોધ પેદા કરે છે.

**(5) સાંસ્કૃતિક અને આર્થિક મુશ્કેલીઓ :-**

- ➢ બાળકોને ભણવાના સમયે બાળમજૂરી કરવી પડે ચે. આ આપણા સમાજનું કલંક છે. બાળકો એ કુટુંબને આર્થિક રીતે મદદ કરવા માટે મજૂરી કરવી પડે છે. જે શિક્ષણ માટે અવરોધક બને છે.


**(6) જાગૃતિનો અભાવ :-**

- ➢ ગ્રામિણ પરિવારોમાં પ્રાથમિક શિક્ષણના મહત્ત્વ વિશે જાગૃતતા ઓછી જોવા મળે છે.

**(7) લિંગ આધારિત અસમાનતા :-**

- ➢ આપણા પરંપરાગત સમાજમાં છોકરીઓના શિક્ષણમાં અવરોધ વધું હોય છે. છોકરા-છોકરી વચ્ચે આજે પણ ભેદભાવ રાખવામાં આવે છે.

છોકરીઓ કરતાં છોકરા છોકરીઓને વધારે મહત્ત્વ આપવામાં આવે છે. છોકરીઓ ભણવામાં હોશિયાર હોવા છતાં પ્રાતમિક શિક્ષણ માંડ માંડ પુરું કરાવવામાં આવે છે.




**3.5.2 શૈક્ષણિક પ્રશ્નોમાં સમાજકાર્યના દષ્ટિકોણથી દરમ્યાનગીરી :**

સમાજકાર્યકર્તા ગ્રમીણ સમુદાયમાં સુધારો અને જાગૃતિ લાવવા માટે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેઓ આ પ્રશ્નોના નિરાકરણ માટે ખાસ પ્રયાસો કરે છે.

(1) શૈક્ષણિક જાગૃતિ લાવવી

(2) શાળાઓની સુવિધામાં સુધારો લાવવો

(3) લિંગ સમાનતા - છોકરીઓના શિક્ષણ પ્રત્યે લોકોમાં જાગૃતિ લાવવી.

(4) સરકારી યોજનાઓની અમલવારી લોકજાગૃતિ વધે તેવા પ્રયત્નો હાથ ધરવા.

(5) બાળમજુરી અટકાવવી.

(6) જીવનકૌશલ્ય તાલિમ

(7) મહિલાઓ માટે તાલિમ

(8) સ્વૈચ્છિક સંગઠનો (NGO) સાથે જોડાણ

(9) માતાપિતાનું શિક્ષણ વધારવું.

(10) માતા પિતાને શિક્ષણની ગતિશીલતા માટે પ્રેરિત કરવા.

**3.5.3 પ્રાથમિક શાળાનું ચેકલિસ્ટ :**

- વિદ્યાર્થી કાર્યકરનું નામ
- મુલાકાત લીધા તારીખ
- ગામનું નામ
- પ્રાથમિક શાળા નંબર

- સ્થાપનાનું વર્ષ
- સરનામું

❖ **પ્રાથમિક શાળા**

(1) ગામમાં કુલ કેટલી પ્રાથમિક શાળાઓ આવેલી છે ?

(2) પ્રાથમિક શાળા ક્યા કેન્દ્રમાં આવલી છે ?

❖ **આચાર્યશ્રી**

(1) પ્રાથમિક શાળાના આચાર્યશ્રીના નામ, ઉંમર, અભ્યાસ તથા સંપર્ક અંગેની જાણકારી મેળવો.

(2) પ્રાથમિક શાળાનો ઈતિહાસ જાણો તથા શાળા કેટલાક વર્ષથી ચાલે છે તે જાણો.

(3) પ્રાથમિક શાળામાં એકથી આઠ ધોરણ સુધીનું શિક્ષણ અપાય છે કે એક થી સાત ધોરણ સુધીનું શિક્ષણ અપાય છે તે જાણો.

(4) પ્રાથમિક શાળાની એસ.એમ.સી. સમિતિ વિષે વિસ્તૃત માહિતી મેળવો.

(5) પ્રાતમિક શાળાની અન્ય સમિતિઓની જાણકારી મેળવો તથા શાળાના બી.એલ.ઓ. વિષે જાણો.

(6) પ્રાથમિક શાળામાં કેટલા આ પ્રકારના નોંધ પત્રકો આવેલા છે તે જાણો.

(7) પ્રાથમિક શાળાના શિક્ષકો ટ્રેનિંગમાં જાય છે કે નહીં તથા ટ્રેનિંગમાં શું શીખે છે તે જાણો.

(8) પ્રાથમિક શાળાના શિક્ષકોની હાજરીની પદ્ધતિ વિષે જાણો. (Ex. Online Or Offline)

(9) પ્રાથમિક શાળામાં બાળકોને શિષ્યવૃત્તિની કેવી સુવિધા છે તે ચકાસો.

(10)પ્રાથમિક શાળામાં વિકલાંગ બાળક છે કે નહીં તે જુઓ અને જો હોય તો તેને મળતી સરકારી સહાય વિષે જાણકારી મેળવો.

(11)પ્રાથમિક શાળામાં બાળકો માટે ઉજવાતા જાહેર તહેવારો તતા જાહેર કાર્યક્રમો જાણો.

❖ **બાળકો**

(1) પ્રાથમિક શાળામાં બાળકોની કુલ સંખ્યા કેટલી છે ?

(2) પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓ માટે કઈ કઈ યોજનાઓ ચાલે છે ?

(3) પ્રાથમિક શાળામાં શિક્ષણના વર્ગો ઉપરાંત બીજા અન્ય કરાટેના વર્ગો તતા કમ્પ્યુટરના વર્ગો લેવાય છે કે નહીં તે જાણો.

(4) પ્રાતમિક શાળામાં મંદબુદ્ધિના બાળકો છે કે નહીં તે જાણો જો હોય તો તેની સંખ્યા નોંધો.

(5) પ્રાથમિક શાળામાં ડ્રોપ આઉટ થઈ ગયેલ બાળકો વિષે માહિતી મેળવો તથા તેના કારમો જાણો.

(6) પ્રાથમિક શાળામાં બાળકો શિક્ષણ ક્યા ક્યા માધ્યમો દ્વારા આપવામાં આવે છે તે ચકાસો. (ઉદા. પ્રોજેક્ટર, કમ્પ્યુટર.)

❖ **વિદ્યાર્થીનીઓ**

(1) પ્રાથમિક શાળામાં વિદ્યાર્તિનીઓ માટે સેલ્ફ ડીફેન્સના વર્ગો ચાલે છે કે નહીં તે જાણો.

(2) પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીનીઓને મળતી સહાય અથવા યોજનાઓ વિ, જાણકારી મેળવો.

❖ **નિરીક્ષણ**

(1) પ્રાથમિક શાળાના બાળકોનું નિરીક્ષણ કરો તે બહારથી આવનાર વ્યક્તિઓ સાથે કેવું વર્તન કરે છે તે જાણો, તેમને આવકારે છે કે નહીં તે ચકાસો.

(2) પ્રાથમિક શાળામાં બાળકોને આપતું ભોજન જોવું તથા ચાંખવું તે સ્વચ્છ અને સ્વાદિષ્ટ છે કે નહીં તે ચકાસવું.

(3) શાળામાં ઉપયોગી થતાં વાસણો સ્વચ્છ છે કે નહીં તે ચકાસો.

(4) શાળામાં પાણી સ્વચ્છ મળે છે કે નહીં તે ચકાસો.

(5) શાળામાં બાળકો માટે બાથરૂમની વ્યવસ્થા છે કે નહીં તે જુઓ.

(6) શાળાની સ્વચ્છતા ઉપર ધ્યાન આપો.

(7) શાળામાં શિક્ષકો તથા બાળકો વચ્ચેના આંતર સબંધો ચકાસો.

❖ **જોખમો :**

(1) પ્રાથમિક શાળામાં કોઈ વર્ગમાં અથવા તો કોઈ જગ્યાએ કોઈ છૂટો પડી ગયેલો તાર કે વાયર હોય તે ચકાસો.

(2) પ્રાથમિક શાળાના બગીચામાં વિદ્યાર્થીઓ માટે રમવાના સાધનોમાં કોઈ જોખમકારક સાધન તો નથી ને તે જાણો.

(3) પ્રાથમિક શાલાની સ્વચ્છતા ચકાસો. જો શાળામાં માખી મચ્છરનો ઉપદ્રવ હોય તો બાળકોના આરોગ્ય માટે જોખમકારક છે.

(4) વિશેષ નોંધ

## 3.6 ઉપસંહાર :

ગ્રામિણ સમુદાયમાં કુટુંબ એક સર્વગ્રાહી અને શક્તિશાળી સંસ્થા છે જે વ્યક્તિગત અને સામુદાયિક જીવન બંને માટે આધારરૂપ છે તે ન માત્ર ગ્રામિણ લોકોના આર્થિ અને સામાજિક જીવનના આધારે છે, પરંતુ ગ્રામ્ય વિસ્તારની સંસ્કૃતિ અને પરંપરાને જાળવવા માટે અનિવાર્ય છે. કુટુંબ એ માત્ર વ્યક્તિગત જ નહીં પરંતુ સમુદાય અને સમાજના સાંતિપૂર્ણ વિકાસ માટે આ ખૂબ મહત્વની પાયાની બાબત છે. તે માનવ જીવન માટે મૌલિક આધાર પૂરો પાડે છે અને સંસ્કૃતિ, પરંપરા અને નૈતિક મૂલ્યોનું જતન કરે છે.

આ ઉપરાંત, ગ્રામિણ સમુદાયમાં આર્થિક વ્યવસ્થા અને શિક્ષણ સબંધી પ્રશ્નો પણ ખૂબ અગત્યના છે. ગ્રામિણ સમુદાયની આર્થિક વ્યવસ્થામાં તેના પરંપરાગત તત્ત્વોને નવીનતમ ટેકનોલૉજી અને પદ્ધતિઓ સાથે સંકલિત કરવા માટે સમાજ કાર્યકર્તાઓ વચ્ચેનું મહત્ત્વનું કામ કરે

છે. તેમના પ્રયત્નો ગરામિણ આર્થિક વ્યવસ્થાને વધુ મજબૂત સમાન અને સમૃદ્ધ બનાવી શકે છે.

## 3.7 તમારી પ્રગતિ ચકાસો :

(1) રાઈટ ટું એજ્યુકેશન એક્ટ ક્યા વર્ષમાં અમલી બન્યો હતો ?

A. 2003 B. 2005 C. 2007 D. 2009

(2) SMCની રચના ક્યા એક્ટ અન્વયે કરવામાં આવે છે ? તે જણાવો.

A. RTE-2009 B. RTI-2005

C. મનરેગા D. બાળ સુરક્ષા ધારો

(3) ગ્રામિ સમુદાયની આર્થિક વ્યવસ્તા મુખ્યત્ત્વે શેના ઉપર આધારિત છે ?

A. પ્રાકૃતિક સંસાધનો B. ઉદ્યોગો

C. વાહન વ્યવહાર D. નોકરી

(4) કુટુંબનું મુખ્ય કાર્ય શું છે ?

A. જૈવિક કાર્યો B. આર્થિક કાર્યો

C. સામાજિક કાર્યો D. ઉપરોક્ત બધા

(5) ક્ષેત્રકાર્યના મુખ્ય ક્ષેત્રો ક્યા છે ? તે જણાવો.

A. બાળકો B. મહિલાઓ

C. યુવાનો D. ઉપરોક્ત તમામ

(6) કુટુંબ એ સમાજનું પાયાનું એકમ છે જ્યાંથી તમામ આર્થિક વ્યવસ્તાનો પ્રારંભ થાય છે, કુટુંબની આ વ્યાખ્યા કોણે આપી છે ? તે જણાવો.

A. મેકાઈવર B. વિલિયમ

C. જહોડા D. ઓગસ્ટ કોમ્ટે.

(7) ગ્રામિણ સમુદાયમાં કુટુંબની ઉપયોગિતા શું છે ? તે જણાવો.

A. સામાજિક નિયંત્રણ B. સામાજિક સુરક્ષા

C. સામાજીકરણ D. ઉપરોક્ત બધા

(8) શિક્ષણના મુખ્ય પ્રશ્નો ક્યા છે તે જણાવો.

A. ગરીબી B. બાળ મજુરી

C. શિક્ષણમાં ગુમવત્તાનો અભાવ D. ઉપરોક્ત બધા

## 3.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો :

(1) D-2009

(2) A-RTE-2009

(3) A- પ્રાકૃતિક સંસાધનો

(4) D- ઉપરોક્ત તમામ

(5) D- ઉપરોક્ત તમામ

(6) D- ઓગસ્ટ કોમ્ટે

(7) D- ઉપરોક્ત તમામ

(8) D- ઉપરોક્ત બધા

## 3.9 ચાવીરૂપ શબ્દોની સમજ :

**(1) કુટુંબ :** જાણીતા સમાજશાસ્ત્રી ''ઓગસ્ટ કોમ્ટે''ના જણાવ્યા મુજબ કુટુંબ એ સમાજનું પાયાનું એકમ છે. જ્યાંથી તમામ સામાજિક વ્યવસ્તાનો આરંભ થાય છે.

કુટુંબ એ માનવ સમાજની સૌથી પ્રાથમિક અને સામાજિક સંસ્થા છે. કુટુંબ એ બે અથવા વધું વ્યક્તિઓનું બનેલું જૂથ છે. જે રક્ત સબંધો અને લગ્ન સબંધોથી જોડાયેલા હોય છે. જેમાં લોકો એક સાથે રહે છે.

**(2) સંયુક્ત કુટુંબ :** ઘણી પેઢીઓ સાથે રહેતી કુટુંબ વ્યવસ્થા, જેમાં દાદા-દાદી, માતા-પિતા, બાળકો અને અન્ય સબંધીઓનો સમાવેશ થાય છે. પહેલાં આપણાં સમાજમાં સંયુક્ત કુટુંબપ્રથા અમલમાં હતી. ધીરે ધીરે સમાજ વ્યવસ્થામાં પરિવર્તન આવતાં સંયુક્ત કુટુંબ પ્રતા તૂટતી જાય ચે. હાલ સમાજમાં વિભક્ત કુટુંબો વધારે જોવા મળે છે.

**(3) વિભક્ત કુટુંબ :** વિભક્ત કુટુંબ એટલે એવું કુટુંબ, જેમાં પતિ-પત્નિ અને તેમના સંતાનો સાથે રહે છે. અને જ્યાં એક સાથે રહેતી વિવિધ પેઢીઓનું પરંપરાગત સંયુક્ત માળખું તૂટી ગયું હોય છે. આ કુટુંબ માળખા માટે વ્યક્તિગતતાનું મહત્ત્વ વધું હોય છે. અને તેનો મહત્તમ પ્રભાવ શહેરી વિસ્તારોમાં જોવા મળે છે.

**(4) શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC) :** દરેક શાળામાં કાયદાનુંસાર શાળા વ્યવસ્થાપન સમિતિની રચના કરવી ફરજિયાત છે. શિક્ષણ મેળવવાનો અધિકાર (રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ 2009 RTE) અંતર્ગત શાળા વ્યવસ્થાપન સમિતિની રચના કરવામાં આવે છે. આ સમિતિની રચના કરવાનો મુખ્ય ઉદ્દેશ્ય શાળા વ્યવસ્થાપનમાં સ્થાનિક લોકોની ભાગીદારી વધારવાનો છે.

**(5) અર્થવ્યવસ્થા :** સામાજિક કાર્યકરો માટે અર્થ વ્યવસ્થા વિશેની સમજ જરૂરી છે. અર્થ વ્યવસ્થા દ્વારા ગામની આર્થિક સ્તિતિ વિશેનો ખ્યાલ આવી શકે છે. ગ્રામિણ વિસ્તારોમાં આજે કૃષિએ મુખ્ય વ્યવસાય છે. અને પુરક વ્યવસાય તરીકે પશુપાલન કરવામાં આવે છે.

**(6) ગામડું :** ગામડું એ એક સ્થળ છે. જ્યાં નાના પાયે વસાહત ધરાવતા લોકો સામુદાયિક જીવન જીવતા હોય છે અને તેમની આજીવિકા મુખ્યત્ત્વે કૃષિ પશુપાલન અને કારીગરી જેવી પ્રવૃત્તિઓ પર આધારિત હોય છે. આ સ્થળો સામાન્ય રીતે શહેરી વિસ્તારોની સરખામણીએ વધુ નિકટ મહત્તમ હોય છે અને સાદી જીવનશૈલી માટે જાણીતા હોય છે.

**(7) ઉદ્યોગ :** યંત્ર અથવા શક્તિ (Power) ઉપર આધારિત ઉત્પાદનના વિશિષ્ટ સ્વરૂપની યાંત્રિક ઉત્પાદન પ્રક્રિયા.

## 3.10 સ્વાધ્યાય લેખન કરો :

(1) પ્રસ્તુત એકમના અભ્યાસ ઉદ્દેશો અંગે વિગતે ચર્ચા કરો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(2) અસરકારક ફિલ્ડવર્ક માટે કુટુંબની ઉપયોગિતા વિશે વિગતે ચર્ચા કરો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(3) તમારા ગામની શાળાની મુલાકાત લઈને તેમાં તમે કઈ કઈ પ્રવૃત્તિઓ કરી શકો તેની યાદી તૈયાર કરો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(4) તમારા ફિલ્ડવર્કના ગામની અર્થવ્યવસ્થા અંગે જાણકારી મેળવી અર્થ વ્યવસ્થાને વધારે મજબૂત બનાવવા માટે સરકારી યોજનાઓ કઈ રીતે મદદરૂપ થઈ શકે તે જણાવો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(5) શાળા વ્યવસ્તાપન સમિતિ શું છે ? શાળા વ્યવસ્થાપન સમિતિના મુખ્ય કાર્યો ક્યા છે તે જણાવો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

(6) તમારાં ગામની કુટુંબ વ્યવસ્થામાં આવેલ પરિવર્તનો વિશે ચર્ચા કરો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

## 3.11 પ્રવૃત્તિ કરો :

(1) તમારાં ફિલ્ડવર્કના ગામમાં બે સંયુક્ત કુટુંબ અને બે વિભક્ત કુટુંબની મુલાકાત લઈ. તેનો મુલાકાત અહેવાલ તૈયાર કરો.

(2) સંયુક્ત કુટુંબની મુલાકાત લઈ સંયુક્ત કુટુંબ તૂટવાના કારણો વિશે નોંધ તૈયાર કરો.

(3) તમારા ગામની શાળામાં જઈને શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC)ની મુલાકાત લઈને SMCની કામગીરી સ્પષ્ટ કરો.

(4) કુટુંબની મુલાકાત માટે કુટુંબ મુલાકાત પત્રક તૈયાર કરો.

(5) તમારાં ફિલ્ડવર્કના ગામમાં એક કુટુંબની મુલાકાત લઈને તેની અર્થવ્યવસ્થા અંગે જાણકારી પ્રાપ્ત કરી તેનો અહેવાલ તૈયાર કરો.

## 3.12 કેસસ્ટડી તૈયાર કરો :

(1) તમારાં ગામમાં સફળ મહિલાની મુલાકાત લઈ તેનો કેસ સ્ટડી તૈયાર કરો.

(2) શાળામાં ડ્રોપઆઉટ બાળકો પૈકી કોઈ એક બાળક અંગે કેસ સ્ટડી તૈયાર કરો.

(3) સંયુક્ત કુટુંબની મુલાકાત લઈ તે કુટુંબ અંગે કેસ સ્ટડી તૈયાર કરો.

(4) તમારા ફિલ્ડવર્કના ગામમાં કોઈપણ એક સફળ ખેડૂતની સપળ ગાથા વિશે કેસ સ્ટડી તૈયાર કરો.

## 3.13 સંદર્ભ ગ્રંથો :

(1) પારિભાષિક કોશ સમાજશાસ્ત્ર, ડૉ.વિદ્યુતભાઈ જોષી, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ-06.

(2) ગ્રામિણ ક્ષેત્રકાર્ય ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

(3) સમાજકાર્યની સુત્રાવલિ, ડૉ.વિપિન મકવાણા, ફ્લેમિંગો પ્રકાશન, અમદાવાદ.

(4) સમાજિક સમસ્યાઓ, યુનિવર્સિટી, ગ્રંથ નિર્માણબોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

(5) સામાન્ય સમાજશાસ્ત્ર, પ્રો. એ.જી.શાહ, પ્રો.એ.જી. શાહ, પ્રો. જે.કે. દવે, અનડા પ્રકાશન, અમદાવાદ.

(6) સામાન્ય સમાજશાસ્ત્ર અને સમાજકાર્ય, જે.કે. દવે, અનડા પ્રકાશન, અમદાવાદ.

(7) સમાજકાર્ય, ડૉ.નેહલ ત્રિવેદી, ડૉ.પ્રિયંકા જાની, પ્રા.ખ્યાતી વાઘેલા, નવભારત સાહિત્ય મંદિર, ગાંધી રોડ, અમદાવાદ.

****************

# એકમ-4
# ગ્રામીણ સંસ્કૃતિ અને ધર્મ

રૂપરેખા :-

4.0 ઉદ્દેશ્યો
4.1 પ્રસ્તાવના
4.2 ગ્રામીણ સંસ્કૃતિ
4.3 ગ્રામીણ ધર્મ
4.4 તમારી પ્રગતિ ચકાસો
4.5 સારાંશ
4.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો
4.7 ચાવીરૂપ શબ્દો
4.8 સ્વાધ્યાય લેખન
4.9 સંદર્ભસૂચી

## 4.0 ઉદ્દેશ્યો :

વિદ્યાર્થીમિત્રો, આ એકમના અભ્યાસ બાદ તમે,

(1) ક્ષેત્રકાર્ય દરમ્યાન ગ્રામીણ સંસ્કૃતિને સમજી શકશો.

(2) ક્ષેત્રકાર્ય દરમ્યાન ગ્રામીણ ધર્મ વિશે જાણી શકશો.

## 4.1 પ્રસ્તાવના :

વિદ્યાર્થી મિત્રો તમે આ એકમના માધ્યમથી ગ્રામીણ સમુદાયની સંસ્કૃતિ અને ધર્મ વિશે પરિચય બનશો. ક્ષેત્રકાર્યની શરૂઆત કરતા પહેલા ગ્રામીણ સમુદાયની સંસ્કૃતિ અને ધર્મ વિશે સમજ મેળવવું જરૂરી બને છે. ગ્રામીણ સંસ્કૃતિ એ ભારતના ગ્રામ્ય વિસ્તારોની લોકજીવન શૈલી, પરંપરા, આચાર-વિચારો, અને કલા-સંસ્કૃતિઓનો સમૂહ છે. આ સંસ્કૃતિ ગ્રામીમ સમાજના લોકોના દૈનિક જીવનમાં ધીરે ધીરે વહેતી રહી છે અને આજ સુધી જીવંત છે. તેમાં ગામના લોકોના જીવનમૂલ્યો, ધાર્મિક માન્યતાઓ, સંગીત-નૃત્ય, લોકકલા, પરંપરાગત વ્યવસાય, અને સામાજિક સબંધોનો સમાવેશ થાય છે.

સંસ્કૃતિ દેશ, જાતિ અને સમુદાયનો આત્મા હોય છે. સંસ્કૃતિથી જ દેસના જાતી અને સમુદાયના સમસ્ત સંસ્કારની જાણકારી મળે છે. જેના આદારે તે પોતાના આદર્શો અને જીવન મૂલ્યો નક્કી કરે છે. આજના સમયમાં સંસ્કૃતિ અને સભ્યતાને પર્યાયવાચી શબ્દ સમજવામાં આવે છે. પરિણામે અનેક પ્રકારના ભ્રમ પેદા થાય છે. વાસ્તવમાં સંસ્કૃતિ અને સભ્યતા અલગ અલગ છે. સભ્યતા આપા બાહ્ય જીવનની સાથે જોડાયેલી છે અથવા આપણા ખાન-પાન, રહેણી-કરણી, બોલ-ચાલ જેવી બાબતો સભ્યતા સાથે જોડાયેલી છે. જ્યારે આપણી વિચારધારા આપણું ચિંતન અને સમજણ જે છે, તે સંસ્કૃતિ સાથે જોડાયેલી બાબતો છે.

## 4.2 ગ્રામીણ સંસ્કૃતિ :

ગામ્ડુ એ પ્રકૃતિની નીકટ વસ્તુ, મુખ્યત્વે ખેતી અને તેના સલગ્ન વ્યવસાયો પર આધાર રાખતું એકમ છે. વિશિષ્ટ જીવનશૈલી ધરાવતા લોકોનો બનેલો સમુદાય છે. જેમાં એકવિધતા અને ઐક્યહોય છે. આ સમુદાય કૃષિ અને જ્ઞાતિના અર્થ વ્યવસ્થાના પાયા પર સ્તરીકૃત થયેલા હોય ચે. સામાજિક ગતીશીલતાનું પ્રમાણ ઓચું હોય છે.

શ્રીનિવાસ ગામડાની વ્યાખ્યા આપતા જણાવે છે કે ''અમુક અપવાદો બાદ કરતા ભારતમાં ગામડું એટલે મધ્યમાં ઘરો અને ઝુંપડાનું ઝુમખું અને આસપાસ બધે ખેતરો. આ ઘરોની હાર વચ્ચે સાંકડી અને વાંકીચુકી શેરીઓ આવેલી હોય છે. છાપરા પર ગામના કુંભારે બનાવેલા નળિયા હોય છે. ગામમાં એકથી વધુ જ્ઞાતિઓ હોય છે અને તેને નજીકના ગામોની એકજ જ્ઞાતિ સાથે ગાઢ સબંધો હોય છે એટલે કે ગામ ઘણી બધી જ્ઞાતિઓનું બનેલું સંગઠન હોય છે. ગામની અંદર દરેક જ્ઞાતિનું આગવું જીવન હોય છે.

એસ.સી.દુબે ગામડાની વ્યાખ્યા આપતાં જણાવે છે કે ગામડું એક પ્રાદેશિક જૂથ છે. એ એક સામાજિક આર્થિક અને વિધિવિધાનનું એકમ છે તતા પોતાનું ભિન્ન તથા વિશિષ્ટ અસ્તિત્ત્વ છે.'' વધુમાં તેઓ નોધે છે તેમ, ગામને તેની પોતાની મહેસુલ અને જંગલ, ખેતીની જમીન અને ગૌચરની જમીન તથા સામુદાયિક કુવા, તળાવ અને ધર્મસ્થાનો તથા પંચાયત હોય છે.

❖ **સંસ્કૃતિ અર્થ :** સંસ્કૃતિ એક સામાજિક વારસો છે. સંસ્કૃતિમાં જ્ઞાન, ધાર્મિક બાબતો, માન્યતાઓ, કલા, કાયદો, નૈતિક નિયમો, રીતરિવાજો, રહેણીકરણી, સાહિત્ય, સંગીત, ભા,ા વગેરે બાબતોનો સમાવેશ થાય છે, જે સમાજમાં એક પેઢીથી બીજી પેઢીને આપવામાં આવે છે.

સંસ્કૃતિ : અંગ્રેજી શબ્દ 'કલ્ચર' મૂળમાં 'કૃષિ'ના અર્થમાં પ્રયોજાયો છે. તે પરથી વિલ ડ્યુરાન્ટે 'કલ્ચર' એટલે માનવમનનું ખેડાણ એવો અર્થ તારવ્યો છે. ભારતમાં 'કલ્ચર'ના પર્યાય રૂપે 'સંસ્કૃતિ' શબ્દ પ્રયોજવામાં આવે છે. નૃવંશવિદ્યાવિદો અને સંસ્કૃતિવિદ્યાવિદો તેનું તાત્પર્ય સમજાવતાં કહે ચે કે સંસ્કૃતિ એ કોઈ ભૂતકાળની બાબત નથી. તેનો સબંધ જિવાતા જીવન સાતે છે. તેના સર્જનની પાત્રતા કેવળ મનુષ્યમાં જ છે. જગતની અન્ય જીવસૃષ્ટિ સંસ્કૃતિ ખીલવી શકતી નથી, કેમ કે અન્ય જીવસૃષ્ટિ પ્રકૃતિજીવી છે, જ્યારે મનુ,ય કેટલીક વિશેષતાઓને લઈને પ્રકૃતિજીવી ન રહેતાં સંસ્કૃતિજીવી બન્યો છે. સૃષ્ટિની જીવયોનિઓમાં પ્રાણી તરીકે મનુષ્ય અનેક પ્રકારની કેટલીક ચોખ્ખી વિશેષતાઓ ધરાવે છે. તોં શરીર, ભાષા, રહેણીકરણી, નિર્વાહ, આહાર, સામાજિક વૃત્તિ વગેરે અનેક બાબતો તેની એ વિશેષતા બતાવે છે. મનુષ્ય તેનો સમાજ રચે છે, તેને સારું અમુક સુધારો એટલે કે જીવનનિર્વાહ કરવાને માટે અમુક શારીરિક-માનસિક શ્રમ, તે માટે આવશ્યક સાધનસામગ્રી, રાચરચીલું વગેરેથી માંડીને અમુક સંસ્થા કે પ્રથાઓ રચે છે. તેમાં એ સાહિત્ય, કલા અને ધર્મની છટા આણે છે. આ વસ્તુ મનુષ્ય રતત્ત્વે જ બને છે, બીજા કોઈ અંગે નહિ.

કોઈ પણ સંસ્કૃતિ તે તે પ્રદેશોના જાતિ, દેશકાળ, ભૂગોળ, ઈતિહાસ પરત્વે જુદી જુદી ઘડાય છે. તેથી શરીર અને તેના વર્ણને આધારે માનવજાતિઓ જુદી જુદી જોઈએ છીએ, તેમ એમની સંસ્કૃતિ વિશે પણ ભિન્ન વર્ગો પાડી બતાવાય છે. દરેક સંસ્કૃતિને પોતપોતાના મૌલિક તથ્યો કે મૂલ્યો હોય છે અને તેના સભ્યોની તેના તરફની વફાદારીથી તેનું જતન અને સંવર્ધન થાય છે.

❖ **ગ્રામીણ સંસ્કૃતિ :** ગ્રામીણ સંસ્કૃતિ એ ભારતના ગામડાઓમાં વસતા લોકોની જીવનશૈલી, માન્યતાઓ, રિવાજો, પરંપરાઓ, અને મૂલ્યોનો સમૂહ છે. આ સંસ્કૃતિ લોકલ પરંપરાઓ, વ્યવહારિક જ્ઞાન, અને સહિયારા જીવન પર આધારિત છે. ગ્રામીણ વિસ્તારોમાં લોકોની જીવનશૈલી ખૂબ જ સરળ અને પરંપરાગત છે. તેઓ ખેતી, પશુપાલન, અને હસ્તકલા જેવા કાર્યોમાં રોકાયેલા રહે છે. ગામડાઓમાં મેળા, તહેવારો અને લોકનૃત્યો જેવા સાંસ્કૃતિક કાર્યક્રમોનું વિશેષ મહત્ત્વ છે. ગ્રામ્ય કલા અને હસ્તકલા, જેમ કે પાટોની બનાવટ, માટીના વાસણો, અને પદ્દુમીની પેઈન્ટિંગ્સ, વગેરે લોકપ્રિય છે. ગામડાઓમાં બોલાતી ભાષાઓ, લોકકથાઓ, અને ફોકલોર, સ્થાનિક ભાષાઓમાં ખૂબ જ પ્રચલિત છે. આ લેખન અને કથાઓ પેઢી દર પેઢી એક વારસામાં આપવામાં આવે છે.

❖ **ગ્રામીણ સંસ્કૃતિના લક્ષણો :**

(1) પરંપરાગત જીવનશૈલી :-

- કૃષિ અને પશુપાલન : કૃષિ મુખ્ય વ્યવસાય છે, જેમાં લોકો ખેતી, પશુપાલન અને બીજી કૌશલ્ય આધારિત પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા છે.
- પરંપરાગત ઘરો : માટી અને ઘાસકૂસથી બનેલા ઘર, જે પર્યાવરણને અનુરૂપ અને સ્થાનોના હવામાન માટે યોગ્ય હોય છે.
- વસ્ત્રો : ગ્રામ્ય વિસ્તારના લોકો સામાન્ય રીતે પરંપરાગત વસ્ત્રો પહેરે છે. ઉદાહરણ તરીકે, ગુજરાતમાં પુરુષો ધાર્મિકપ્રસંગો અને તહેવારોમાં કાઠિયાવાડી પહેરવેશ, જેમ કે કેડિયા અને ધોતિયું, પહેરે છે.
- આહાર : ગ્રામ્ય આહાર મુખ્યત્ત્વે સ્તાનિક રીતે ઉપલબ્ધ ખેતીના પાક અને દૂધથી બનેલા પદાર્થો પર આધારિત હોય છે. રોટલી, શાક, કઢી, દાળ-ભાત, અને છાસ સામાન્ય આહાર છે.

(2) લોકકલા અને સંસ્કૃતિ :-

- લોકસંગીત અને લોકનૃત્ય : ગ્રામ્ય વિસ્તારોમાં લોકસંગીત અને લોકનૃત્યના વિવિધ પ્રકારો જોવા મળે છે. જેમ કે, ગરબા, ભવાઈ, રાસ, અને તરસુડી. આ લોકકલાક્ષેત્રમાં જીવંત પરંપરાઓ અને વારસો હોય છે.
- હસ્તકલા અને કૌશલ્ય : હસ્તકલા, કુંભારકામ, કઢાંકામ, અને વણાટ ગ્રામ્ય સંસ્કૃતિના મહત્ત્વપૂર્ણ ભાગ છે. ગામડાઓમાં આ કૌશલ્યોને પેઢીદરમાં સંભાળવામાં આવે છે.

(3) ધાર્મિક અને સાંસ્કૃતિક તહેવારો :-

- ધાર્મિક તહેવારો : ગ્રામ્ય વિસ્તારોમાં તહેવારોનો ખૂબ જ મહત્ત્વ હોય છે. હોળી, દવાળી, મકરસંક્રાંતિ, નવરાત્રિ જેવા તહેવારો ધૂમદામથી ઉજવવામાં આવે છે.
- લોકચરચારણ : ધાર્મિક કથાઓ અને પૌરાણિક વાર્તાઓનું આદર્શ પ્રસ્તુત

કરવું લોકોના જીવનમાં મહત્ત્વ ધરાવે છે. પૂજાપાઠ, ઉપવાસ, અને અન્ય ધાર્મિક ક્રિયાઓ ગ્રામ્ય જીવનનો અગત્યનો ભાગ છે.

(4) સામાજિક બંધન અને સમુદાય :-

➢ સહયોગ અને સહિયારા : ગ્રામ્ય વિસ્તારોમાં સહયોગ અને સહિયારા જીવન મહત્ત્વપૂર્ણ છે. લગ્ન, તહેવારો, અને અન્ય સામાજિક પ્રસંગોમાં સમાજના લોકો એકબીજાની મદદ કરે છે.

➢ જાતિ અને વર્ગ : ભારતીય ગ્રામ્ય સમાજમાં જાતિ અને વર્ગની રચના પણ મહત્ત્વ ધરાવે છે. પરંપરાગત રીતે, લોકોની સામાજિક ઓળખ અને વ્યવસાય તેમના જાતિપ્રધાન ધર્મ અને રિવાજોથી નિર્ધારિત થાય છે.

(5) ખેતી અને પ્રાકૃતિક સંસાધનોઃ-

➢ ખેતી : ગ્રામ્ય સંસ્કૃતિનું કેન્દ્ર ખેતી છે. જીવન વ્યાપન માટે મોટા ભાગના લોકો ખેતી પર આધાર રાખે છે, અને તહેવારો તથા વિધિઓ ખેતી સાથે જોડાયેલા હોય છે.

➢ પ્રકૃતિ સાથેનો સબંધ : પ્રકૃતિના તત્ત્વો, જેમ કે વરસાદ, નદી, ઝરણા, અને પવન, ગ્રામ્ય જીવન અને ધાર્મિક રિવાજોનો અભિન્ન ભાગ છે.

(6) પરિવર્તન અને આધુનિકીકરણ :-

➢ આધુનિકીકરણનો પ્રભાવ : આધુનિક ટેકનોલૉજી, શહેરીકરણ, ને શિક્ષણના પ્રભાવને કારણે ગામડાઓમાં પણ પરિવર્તન આવી રહ્યું છે. ગ્રામીણ યુવાનો અને વધુ આધુનિક વિચારો અપનાવી રહ્યા છે. પરંતુ મૂળભૂત પરંપરાઓ હજી પણ તેમની જીવનશૈલીમાં અનિવાર્ય છે.

(7) તહેવારો અને વિધિઓ :-

➢ પરંપરાગત તહેવારો : દિવાળી, હોળી, મકરસંક્રાંતિ, અને બીજા તહેવારો ઘણા ઉમંગ અને ઉત્સાહ સાથે ઉજવવામાં આવે છે. તહેવારો ગામના લોકો માટે સામાજિક જોડાણ અને આનંદના પ્રસંગો છે.

➢ વિધિઓ : લગ્ન, જન્મ, મૃત્યુ, અને વિવાહ વિધિઓમાં ખાસ માન્યતાઓ અને ધાર્મિક વિધિઓનું પાલન કરવામાં આવે છે.

(8) પ્રકૃતિ સાથે જોડાણ :-

➢ પ્રકૃતિ અને માન્યતાઓ : ગ્રામીણ સંસ્કૃતિમાં પ્રકૃતિની પૂજા અને તેનો માનવ જીવનમાં મહત્ત્વ છે. વરસાદ, જમીન, અને વૃક્ષોનું મહત્ત્વ ધાર્મિક અને સામાજિક જીવનમાં વિશેષ રીતે વર્ણવવામાં આવે છે. આ રીતે, ગ્રામીણ સંસ્કૃતિ એ ભારતની સંસ્કૃતિની આધારે મૂલ્યો, પરંપરાઓ, અને જીવનશૈલીનો ખજાનો છે, જે સમય સાથે પરિવર્તિત થાય ચે પણ પોતાના મૂલમાં અચળ રહે છે.

## 4.3 ગ્રામીણ ધર્મ :

ધર્મ, સંપ્રદાય, મઝહબ 'રિલિજિયન' (Religion) વગેરે શબ્દો સામાન્યતઃ સમાન અર્તમાં એકબીજાના પર્યાય તરીકે વપરાય છે. પરંતુ સૂક્ષ્મ વિચાર કરતાં જમાશે કે તે દરેક શબ્દનો અમુક ચોક્કસ અને વિશિષ્ટ અર્થ છે. આ વિવિધ શબ્દોમાંથી વ્યાપક અને સર્વગ્રાહી અર્ત ધરાવનાર શબ્દ 'ધર્મ' છે. 'ધર્મ' શબ્દ સંસ્કૃત ભાષાના 'ધૃ' ધાતુ ઉપરતી ઊતરી આવેલો છે. 'ધૃ' એટલે 'ધારણ કરવું', ટકાવી રાખવું. આ સંદર્ભમાં ધર્મ એ જીવ અને જગતને ધારણ કરનાર અને ટકાવનાર તત્ત્વ છે. મહર્ષિ વેદ વ્યાસ કહે છે. "જે તત્ત્વ, નિયમ કે સિદ્ધાંત સમાજને અને વ્યક્તિને, સમસ્ત જડ-ચેતન જગતને ધારણ કરે છે, ટકાવી રાખે છે, સમગ્ર વિશ્વનું નિયમન કરે છે, જે સમગ્ર વિસ્વનું રક્ષણ કરે છે તે ધર્મ છે."

ધર્મ માટે વપરાતો અંગ્રેજી શબ્દ 'Religion' લેટિન શબ્દો 'Re' અને 'Legere' માંથી આવેલો છે, જેનો અર્થ છે 'ફરી બાંધવું'. આનો અનુલક્ષીને ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણન કહે છે કે, "ધર્મનો શબ્દાર્થ જ એમ સૂચવે છે કે ધર્મ એ માનવસમાજની વ્યવસ્થાને સુદૃઢ બનાવનારું અને માનવસમાજની એકતાને જાળવી રાખનારું પરિબળ છે." આમ ધર્મ એ વ્યક્તિ, સમાજ, રાષ્ટ્ર અને સમગ્ર જીવનને ધારણ કરનાર શક્તિ છે.

જગતના બધા જ ધર્મોમાં સદાચરણને અનુસરવાનો અને દુરાચરણથી દૂર રહેવાનો ઉપદેશ છે. ધર્મના આ ઉપદેશ અંગેનો સુવર્ણ નિયમ એ છે કે "બીજા લોકો પાસેથી જેવા વર્તનની તમે અપેક્ષા રાખો છો, તેવું વર્તન તમે બીજા લોકો સાથે રાખો." કેટલાક ચિંતકો ધર્મને 'સત્યનું અનુશીલન' કે સદવર્તનના નિયમ તરીકે ઘટાવે છે. આચાર્ય આનંદશંકર ધ્રુવ તેમના આપણો ધર્મ પુસ્તકમાં લખે છે કે, "સમગ્ર જગતના સત્યસ્વરૂપને સમગ્ર આત્માથી અનુકૂળ થવું એનું નામ જ ધર્મ. ધર્મ એ આત્માની કોઈ એક જ વૃત્તિ કે ખંડ નથી પણ સમસ્ત આત્મામાં વ્યાપેલો છે. ધર્મ મનુષ્યને સહજ સ્વાભાવિક છે, તેમ ધર્મનો આવિર્ભાવ પણ એનામાં સ્વભાવ થકી જ થાય છે." પંડિતસુખલાલજી અનુસાર, "ધર્મ એટલે સત્યની તાલાવેલી અને વિવેકી સમભાવ તેમજ એ બે તત્ત્વોની દોરવણી નીચે ઘડાતો જીવનવ્યવહાર."

પાશ્ચાત્ય ધર્મમીમાંસક એડવર્ડ ધર્મને સમજાવતાં લખે છે : "ધર્મ એ માત્ર માન્યતાનો વિષય નથી. બધાં મૂલ્યોના અધિષ્ઠાનરૂપ એક અલૌકિક તત્વ છે. તેને એમ માનીને બેસી રહેવાનું અહીં શક્ય જ નથી. પૂજા, પ્રાર્થના દ્વારા આ તત્વની સાથે લાગણીગત સબંધ બાંધીને, સેવાભાવનાના કર્મો દ્વારા પ્રસન્ન કરીને, પોતાના સમગ્ર જીવનમાં આ અલૌકિક તત્ત્વ સાથેની એકતા અને સંવાદિતા સ્થાપવામાં ધર્મનું હાર્દ સમાયેલું છે." આ દૃષ્ટિએ ધર્મ વ્યક્તિના જીવનના કોઈ એકાદ પાસાને જ નહિ પરંતુ તેના સમગ્ર વ્યક્તિત્ત્વને આવરી લેનારું તત્ત્વ છે.

ધર્મની ઉપર્યુક્ત સમજણ પરથી એ સ્પષ્ટ થાય ચે કે ધર્મ મનુષ્યોને સાચા માણસ તરીકે જીવન જીવવાની સૂઝ આપનાર અંતરદષ્ટિ છે, ધર્મ વ્યક્તિ, સમાજ અને સમગ્ર વિશ્વનું નિયમન કરનાર તત્ત્વ છે, ધર્મના ઊંડા અભ્યાસ દ્વારા માનવીમાં અહિંસા, ઉદારતા, સત્ય, સહિષ્ણુતા, નિર્ભયતા, પ્રેમ, શાંતિ કરુણા વગેરે જેવા માનવતાના ગુણો સ્તાપિત થાય છે. અર્થાત ધર્મ માણસને સદાચારી બનાવે છે. આમ, જીવનના વ્યવહારને સરળ બનાવવા માટે, માનવ-માનવના પરસ્પરના સબંધો ટકાવી રાખવા માટે, સમાજમાં સાંતિ, નીતિ અને સદાચારનું સામ્રાજ્ય સ્થાપવા માટે ધર્મની વ્યાપક સૂઝ આવશ્યક છે. આથી જ, ધર્મ અને જીવનપંથ ઉજાળનાર પ્રદીપ છે.

❖ **ગ્રામીણ ધર્મના લક્ષણો :**

(1) લોકદેવતાઓ અને દેવી-દેવતાઓ :-

- લોકદેવતાઓ : દરેક ગામમાં લોકોની ખાસ આસ્થા હોય છે અને એ દેવસ્થાનને લગતા લોકદેવતાઓની પૂજા કરવામાં આવે છે. આ લોકદેવતાઓ સામાન્ય રીતે ગામના રક્ષણકર્તા તરીકે માનવામાં આવે છે.
- ગ્રામ દેવતા : લોકોની માન્યતા પ્રમાણે, દરેક ગામમાં એક મુખ્ય દેવ અથવા દેવી હોય છે, જેને 'ગ્રામ દેવતા' તરીકે પૂજવામાં આવે છે. આ દેવતાઓના મંદિર ગામના કેન્દ્રમાં અતવા મુખ્ય સ્થળે હોય છે.
- પ્રકૃતિ પૂજા : વૃક્ષો, નદીઓ, પર્વતો વગેરે પ્રકૃતિના તત્ત્વોને પણ દેવતત્ત્વ પ્રાપ્ત છે અને પ્રકૃતિની પૂજા માટે ખાસ વિધિઓ હોય છે.

(2) ધાર્મિક વિધિઓ અને આસ્થાઓ:-

- પૂજા અને યજ્ઞ : રોજિંદા જીવનમાં દેવતાઓની પૂજા અને યજ્ઞ કરવાનું મહત્ત્વ છે. ખેડૂતો નવા પાકની શરૂઆતમાં યજ્ઞ કરવાનું મહત્ત્વ આપે છે. નિયમિત પૂજા, હવન, યજ્ઞ અને ધાર્મિક વિધિઓનું પાલન કરવામાં આવે છે. લોકો કુટુંબના સુખ-સમૃદ્ધિ મટે ધાર્મિક વિધિઓ કરી દેવી-દેવતાઓનો આશીર્વાદ મેળવે છે.
- માન્યતાઓ : ઘણા લોકોની માન્યતાઓ છે કે ગામમાં કેટલીક સમસ્યાઓ દેવતા અથવા કુટુંબ દેવતા દુઃખી થવાને કારણે થાય છે. આ માટે વિસેષ પૂજા કે વિધિઓ કરવામાં આવે છે.

(3) ધાર્મિક તહેવારો :-

- ધાર્મિક તહેવારો : દિવાળી, હોળી, મકરસંક્રાંતિ, અને શિવરાત્રિ જેવા તહેવારો ભારે ઉત્સાહથી ઉજવવામાં આવે ચે. આ તહેવારો ગામના લોકોના સામૂહિક ધર્મને પ્રદર્શિત કરે છે.
- મેળાઓ : ધાર્મિક મેળાઓનું આયોજન ખાસ સ્થળોએ થાય છે, જ્યાં ગામના લોકો મોટા પ્રમાણમાં ભેગા થાય છે. આ મેળાઓ ધાર્મિક વિધિઓ, ભક્તિગીતો, નૃત્યો, અને બજારો માટે જાણીતાં છે.
- સ્થાનિક તહેવારો : દરેક ગ્રામ્ય વિસ્તારમાં ધાર્મિક તહેવારોને વિશેષ મહત્ત્વ આપવામાં આવે છે. તેવા તહેવારોમાં સ્થાનિક દેવી-દેવતાના ઉત્સવોનો સમાવેશ થાય છે, જેમ કે પોળા તહેવાર (મહારાષ્ટ્ર), હરીયાળી અમાવસ્યા (ઉત્તર પ્રદેશ), અને કમલાહારી પૂજા.

(4) ધર્મ અને સાામજિક જીવન

- મૂર્તિપૂજા : લોકો પોતાના ઘરોમાં નાના મંદિરો કે પૂજાના સ્થળોમાં મૂર્તિપૂજા કરે છે, જ્યાં તેઓ દૈનિક પૂજા અને આરતી કરે છે.

- આદર્શ જીવન : ગ્રામ્ય ધર્મ ગ્રામ્ય નૈતિક મૂલ્યો અને આદર્શોની રચના કરે છે, જેમ કે સત્યો, કરુણા, અને સહકાર, આ મૂલ્યો ગામના લોકોના સામાજિક સબંધોને મજબૂત બનાવે છે.

(5) ધાર્મિક નેતાઓ અને સંતો :

- સ્થાનિક સંતો અને સાધુઓ : કેટલાક ગામોમાં સંતો અથવા સાધુઓને આધ્યાત્મિક માર્ગદર્શક તરીકે માનવામાં આવે છે. તેઓ લોકોને ધાર્મિક જીવન જીવને આધ્યાત્મિક સાંતિ પ્રાપ્ત કરવા માટે માર્ગદર્શન આપે છે.
- પીર-ફકીરો : કેટલાક વિસ્તારોમાં પીર-ફકીરોની પૂજા પણ જોવા મળે છે, ખાસ કરીને તે વિસ્તારોમાં જ્યાં હિંદુ અને મુસ્લિમ સમુદાય એકસાથે વસે છે.

(6) ધર્મ પર આધુનિક પ્રભાવ :-

- જો કે આધુનિકીકરમ અને ટેકનોલૉજીનો પ્રવેશ વધી રહ્યો છે, ગ્રામ્ય ધર્મની આસ્થાઓ અને વિધિઓમાં હજુ પણ મોટાપાયે મજબૂતાઈ છે. લોકોને નવા શિખર તરફ દોરી જવા માટે ધાર્મિક નેતાઓ અને આધ્યાત્મિક માર્ગદર્શકોન્ભૂમિકા મહત્ત્વપૂર્ણ છે.
- ધર્મમાં પરિવર્તન : આધુનિક પ્રશિક્ષણ અને સંચાર સુવિધાઓ દ્વારા ગ્રામ્ય ધાર્મિક પરંપરાઓમાં થોડા બદલાવ જોવા મળે છે. લોકપ્રિય દેવતાઓ અને વિધિઓનો આબાદ પ્રવાહ ગણા ગ્રામ્ય વિસ્તારોમાં પ્રવેશી રહ્યો છે.
- ધર્મ અને આર્થિક જીવન : ધર્મગ્રંથો અને ધાર્મિક વિધિઓનું આર્થિક અને સામાજિક જીવન પર પણ અસર છે, જેમાં લોકોના રોજગાર, ખેતી અને સામાજિક પ્રથાઓને સંચાલિત કરે છે.

(7) આધ્યાત્મિક નૈતિકતા :-

- અહિંસા અને આદર : ધર્મથી પ્રેરિત ગ્રામીણ નૈતિકતા ભક્તિ, સહિષ્ણુતા, અને શાંતિને મહત્ત્વ આપે છે. લોકમૂલ્યોમાં દયાળુતા અને સહકારની ભાવના છે.
- પ્રકૃતિ પ્રત્યે આદર : ગ્રામીણ ધર્મ પ્રકૃતિ અને પર્યાવરણ પ્રત્યે આદર દર્શાવે છે. લોકો માનતા હોય છે કે પ્રકૃતિની સંભાળ અને પૂજા કરવી ધાર્મિક ફરજ છે.

આ રીતે, ગ્રામીણ ધર્મ એ લોકસંસ્કૃતિ સાથે ગાઢ રીતે જોડાયેલું છે અને ગામના લોકોના જીવન, આસ્થાઓ અને પરંપરાઓમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ગ્રામીણ ધર્મએ ગામડાઓમાં રહેતા લોકોની ધાર્મિક માન્યતાઓ, પરંપરાઓ, અને આસ્તાઓનો સરવાલો છે. આ ધર્મ ગામના લોકોના રોજિંદા જીવનનો મહત્ત્વનો ભાગ છે, જે પ્રકૃતિ, લોકદેવતાઓ, તહેવારો, અને સામુહિક વિધિઓ સાથે ગાઢ રીતે જોડાયેલા છે. ગ્રામીણ ધર્મ ગામના લોકોના જીવનમાં ઊંડું પ્રતીષ્ટિત છે, જે તેમને આશા, આસ્થા અને જીવનની મૌલિક દિશા આપે છે.

ગ્રામ્ય સમાજમાં ધર્મ અને ધાર્મિક ખૂબ જ મહત્ત્વ આપવામાં આવે છે. લોકો મંદિર, મસ્જિદ, અને અન્ય ધાર્મિક સ્થળોમાં જવું અને દરરોજ પૂજા અથવા નમાજ અદા કરવી તેમની આસ્થા અને ધાર્મિક જીવનનો મહત્ત્વપૂર્ણ ભાગ છે.

## 4.4 સારાંશ :

ગ્રામીણ ધર્મ એ માનવ જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં ધર્મના પ્રભાવને ઉજાગર કરે છે. તે માણસ અને પ્રકૃતિ વચ્ચેના સબંધને મજબૂત બનાવે છે, અને નૈતિક, આધ્યાત્મિક અને સામાજિક જીવન માટે માર્ગદર્શક બને છે. ગ્રામીણ ધર્મ એ ભારતના ગ્રામ્ય વિસ્તારોમાં સ્થાયી થયેલ ધાર્મિક માન્યતાઓ, આચાર-વિચારો અને વિધિઓનો સમૂહ છે. આ ધર્મ પરંપરાગત ધર્મગ્રંથો પર આધારિત હોવા છતાં, લોકોના દૈનિક જીવન અને આસ્તાઓમાં લોકલ મર્યાદાઓ અને પરંપરાઓ સાથે મિશ્રિત છે. આ એકમવિદ્યાર્થી મિત્રોને ગ્રામીણ સંસ્કૃતિ અને ધર્મને સમજવા માટે ઉપયોગી બનશે.

## 4.5 તમારી પ્રગતિ ચકાસો :

(1) ગ્રામીણ સંસ્કૃતિનામાં ક્યા ક્યા લક્ષણો જોવા મળે છે.

A. પરંપરાગત જીવનશૈલી B. લોકકલા અને સંસ્કૃતિ

C. ખેતી અને પ્રાકૃતિક સંસાધનો D. ઉપરોક્ત તમામ

(2) ગામડું એક પ્રાદેશિક જૂથ છે. એ એક સામાજિક આર્થિક અને વિધિવિધાનનું એકમ છે તથા પોતાનું ભિન્ન તથા વિશિષ્ટ અસ્તિત્ત્વ છે. આ વ્યાખ્યા કોણે આપી છે.

A. એસ.સી.દુબે B. શ્રીનિવાસ

C. દુર્ખિમ D. કાર્લ માર્કશ

## 4.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો :

(1) D-ઉપરોક્ત તમામ

(2) A-એસ.સી.દુબે

## 4.7 ચાવીરૂપ શબ્દોની સમજ :

**(1) ક્ષેત્રકાર્ય :** વિદ્યાર્થી પ્રત્યક્ષ મુલાકાત દ્વારા જે તે ક્ષેત્રનો વાસ્તવિક અને જીવંત અનુભવ મેળવે છે.

**(2) સંસ્કૃતિ :** સંસ્કૃતિ એક સામાજિક વારસો છે. સંસ્કૃતિમાં જ્ઞાન, ધાર્મિક બાબતો, માન્યતાઓ, કલા, કાયદો, નૈતિક નિયમો, રીતરિવાજો, રહેણીકરણી, સાહિત્ય, સંગીત, ભાષા વગેરે બાબતોનો સમાવેશ થાય છે. જે સમાજમાં એક પેઢીતી બીજી પેઢીને આપવામાં આવે ચે.

**(3) ધર્મ :** ધર્મ એ માનવસમાજની વ્યવસ્થાને સુદઢ બનાવનારું અને માનવસમાજની એકતાને જાળવી રાખનારું પરિબળ છે.

**(4) ગામડું :** ગામડું એ પ્રકૃતિની નીકટ વસ્તુ, મુખ્યત્ત્વે ખેતી અને તેના સંલગ્ન વ્યવસાયો પર આદાર રાખતું એકમ છે.

## 4.8 સ્વાધ્યાય લેખન કરો :

(1) સંસ્કૃતિનો અર્થ સમજાવો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(2) ગ્રામીણ સંસ્કૃતિના લક્ષણો જણાવો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(3) ધર્મનો અર્થનો અર્થ સમજાવો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(4) ગ્રામીણ ધર્મની લાક્ષણીકતાઓ જણાવો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## 4.9 સંદર્ભગ્રંથ :

(1) https://gujarativishwakosh.org/ ભારતીય સંસ્કૃતિ.

(2) https://brainly.in/texbook-solutions/q-rilijiyan-shbdno-arth-shun-thaaya-che-a-1\

(3) ગ્રામીણ સમાજશાસ્ત્ર - ડૉ.બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી અમદાવાદ.

(4) htps://gu.wikipedia.org/wiki- સંસ્કૃતિ

(5) ભારતમાં સમાજ - ડૉ.બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી અમદાવાદ.

(6) htps://sameshbhabhor.blogspot.com/2018/09/field-work.html

****************

# એકમ-5
# ગ્રામીણ જીવનની વર્તમાન સ્થિતિ

રૂપરેખા :-

**5.0 ઉદ્દેશ્યો**

**5.1 પ્રસ્તાવના**

**5.2 ગ્રામીણ જીવનનો અર્થ**

**5.3 ક્ષેત્રકાર્ય દરમિયાન ગ્રામીણ ક્ષેત્રે જોવા માટેની મુખ્ય ખાસિયતો**

**5.4 ગ્રામીણ ક્ષેત્રના ક્ષેત્રકાર્ય દરમિયાન ઉભા થતા પડકારો**

**5.5 ગ્રામીણ જીવનની વર્તમાન સ્થિતિ**

**5.6 ગ્રામીણ ક્ષેત્રમાં ક્ષેત્રકાર્ય કરતી વખતે ધ્યાનમાં રાખવાની મહત્ત્વની બાબતો**

**5.7 ગ્રામીણ જીવનશૈલી ટકાવી રાખવામાં સમાજકાર્યકરની ભૂમિકા**

**5.8 ગ્રામીણ વિકાસના અવરોધો, ઉકેલો અને ભાવિ દિશાઓ**

**5.9 સારાંશ**

**5.10 તમારી પ્રગતિ ચકાસો**

**5.11 ચાવીરૂપ શબ્દો**

**5.12 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**5.13 કેટલાક ઉપયોગી પુસ્તકો/સંદર્ભ**

## 5.0 ઉદ્દેશ્યો :

વિદ્યાર્થીમિત્રો, આ એકમના અભ્યાસ બાદ તમે,

- ગ્રામીણ જીવનનો અર્થ સમજી શકશો.
- ક્ષેત્રકાર્ય દરમિયાન ગ્રામીણ ક્ષેત્રે જોવા માટેની મુખ્ય ખાસિયતો વિશે માહિતી મેળવી શકશો.
- ગ્રામીણ ક્ષેત્રના ક્ષેત્રકાર્ય દરમિયાન ઉભા થતા પડકારોની સમજૂતી મેળવશો.
- ગ્રામીણ જીવનની વર્તમાન સ્થિતિ – ક્ષેત્રકાર્યકરની દ્રષ્ટિએ સમજી શકશો.
- ગ્રામીણ ક્ષેત્રમાં ક્ષેત્રકાર્ય કરતી વખતે ધ્યાનમાં રાખવાની મહત્વની બાબતો જાણશો.
- ગ્રામીણ જીવનશૈલી ટકાવી રાખવામાં સમાજકાર્યકરની ભૂમિકા વિશે ચર્ચા કરી શકશો.
- ગ્રામીણ વિકાસ માટેના શક્ય ઉકેલો અને ભાવિ દિશાઓનું વર્ણન કરી શકશો.

## 5.1 પ્રસ્તાવના :

ગ્રામીણ જીવન એટલે ભારતના સાંસ્કૃતિક વારસાનું મૂળ. આજે આ જીવન પોતાના પરિવર્તનના એક નવા તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે. વૈશ્વિકીકરણ, ટેક્નોલોજી અને શહેરીકરણના પ્રવાહોએ ગ્રામીણ જીવનને નવી દિશાઓ આપી છે. આધુનિકતાના સ્પર્શે ગ્રામીણ વિસ્તારોને પણ ઘેરી લીધા છે. પરંતુ આ પરિવર્તન સરળ નથી. તેમાં પડકારો અને તકો બંને સમાવિષ્ટ છે. એક તરફ, ગ્રામીણ વિસ્તારોમાં શિક્ષણ, આરોગ્ય અને સંદેશાવ્યવહાર જેવી સુવિધાઓમાં નોંધપાત્ર વધારો થયો છે. સરકારી યોજનાઓ અને ખાનગી ક્ષેત્રની પહેલોના પરિણામે ગ્રામીણ લોકોને આધુનિક જીવનશૈલીનો અનુભવ થઈ રહ્યો છે. સ્માર્ટફોન, ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયા જેવી તકનીકો ગ્રામીણ યુવાનોને વિશ્વ સાથે જોડી રહી છે. પરંતુ, આ બધા વચ્ચે ગ્રામીણ જીવનમાં અનેક પડકારો પણ ઉભા થયા છે. ખેતીની કટોકટી, આબોહવા પરિવર્તન, રોજગારીની અછત, શહેરીકરણ અને પરંપરાગત જીવનશૈલીમાં આવેલા ફેરફારો જેવા મુદ્દાઓ ગ્રામીણ લોકોને ચિંતિત કરી રહ્યા છે. ખાસ કરીને, યુવા પેઢી શહેરો તરફ સ્થળાંતર કરી રહી છે, જેના કારણે ગ્રામીણ વિસ્તારોમાં વૃદ્ધ વસ્તીનું પ્રમાણ વધી રહ્યું છે. ગ્રામીણ જીવનની આ જટિલ સ્થિતિ સમાજ કાર્યકરો સમક્ષ અનેક પડકારો અને અવસરો રજૂ કરે છે. ગ્રામીણ વિકાસ, ગરીબી નાબૂદી, સ્ત્રી સશક્તિકરણ, આરોગ્ય અને શિક્ષણ જેવા ક્ષેત્રોમાં સમાજ કાર્યકરોએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવાની છે.

## 5.2 ગ્રામીણ જીવનનો અર્થ :

ગ્રામીણ જીવન, માત્ર એક ભૌગોલિક સ્થાન નથી, પરંતુ એક સંપૂર્ણ જીવનશૈલી છે. એક એવી જીવનશૈલી જે પ્રકૃતિ સાથેના નજીકના સંબંધ, સરળતા અને સહકારની ભાવનાથી ભરપૂર છે.

"ગ્રામીણ જીવન" શબ્દ વ્યાપકપણે બિનનગરીય વિસ્તારોના રહેવાસીઓની જીવનશૈલીનું વર્ણન કરે છે, જેને યુએસ સેન્સસ બ્યુરો દ્વારા ૨,૫૦૦ થી ઓછી વસ્તી ધરાવતા નાના શહેરો અને દેશના વિસ્તારો તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે.

ગ્રામીણ જીવન એટલે કુદરતની નજીક રહીને જીવવું. ખેતરો, નદીઓ, જંગલો અને પર્વતો આ બધા જ ગ્રામીણ જીવનના અભિન્ન અંગ છે. ગ્રામીણ લોકો કુદરત પર આધારિત હોય છે અને તેઓ કુદરત સાથે સુમેળમાં રહેવાનું શીખ્યા હોય છે. ખેતી, પશુપાલન અને હસ્તકલા જેવા પરંપરાગત વ્યવસાયો ગ્રામીણ જીવનનો આધાર છે.

ગ્રામીણ જીવન એટલે સરળતા અને સાદગીનું જીવન. ગ્રામીણ લોકો સંતોષી હોય છે અને તેમની જરૂરિયાતો ઓછી હોય છે. તેઓ પરિવાર અને સમાજ સાથેના સંબંધોને મહત્વ આપે છે. ગ્રામીણ સમાજમાં એકબીજા પ્રત્યેનો પ્રેમ, સહકાર અને ભાઈચારો જોવા મળે છે.

ગ્રામીણ જીવન એટલે પરંપરાઓ અને રીતિ-રિવાજોનું પાલન કરવું. તહેવારો, મેળા અને ઉત્સવો ગ્રામીણ જીવનનો અભિન્ન ભાગ છે. આ તહેવારો લોકોને એકબીજા સાથે જોડે છે અને તેમની સંસ્કૃતિને જીવંત રાખે છે.

ગ્રામીણ જીવન એટલે કુદરતી સંસાધનોનું સંરક્ષણ કરવું. ગ્રામીણ લોકો જંગલો, નદીઓ અને પર્વતોનું રક્ષણ કરે છે. તેઓ પર્યાવરણને સ્વચ્છ રાખવા માટે પ્રયત્ન કરે છે.

## 5.3 ક્ષેત્રકાર્ય દરમિયાન ગ્રામીણ ક્ષેત્રે જોવા માટેની મુખ્ય ખાસિયતો :

ક્ષેત્રકાર્ય એ સામાજિક કાર્યકરો માટે એક અતિ મહત્વપૂર્ણ સાધન છે જેના દ્વારા તેઓ સીધા જ લોકોના જીવનમાં ઉતરીને તેમની સમસ્યાઓને સમજી શકે છે અને તેના ઉકેલો શોધી શકે છે. ખાસ કરીને ગ્રામીણ ક્ષેત્રમાં ક્ષેત્રકાર્ય કરતી વખતે કેટલીક મહત્વની બાબતો પર ધ્યાન આપવું ખૂબ જ જરૂરી છે.

**(1) આર્થિક પરિસ્થિતિ :**

- કૃષિ : ગ્રામીણ ક્ષેત્રમાં મોટાભાગે લોકોની આજીવિકાનો મુખ્ય સ્ત્રોત કૃષિ છે. ક્ષેત્રકાર્ય દરમિયાન ખેડૂતોની આવક, પાકની પસંદગી, સિંચાઈની સુવિધાઓ, ખાતરનો ઉપયોગ, બજારમાં પાકની કિંમત જેવી બાબતો પર ધ્યાન આપવું જરૂરી છે.
- ગરીબી અને બેરોજગારી : ગામડાઓમાં ગરીબી અને બેરોજગારી એ એક મોટી સમસ્યા છે. આ સમસ્યાઓના કારણો અને તેના પરિણામોને સમજવા માટે ક્ષેત્રકાર્યમાં ઘર-ઘરની મુલાકાત લેવી અને લોકો સાથે વાતચીત કરવી જરૂરી છે.
- સ્વરોજગાર અને ઉદ્યોગ : ગ્રામીણ ક્ષેત્રમાં સ્વરોજગાર અને નાના ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે કઈ કઈ યોજનાઓ ચાલી રહી છે તે જાણવું જરૂરી છે.

**(2) સામાજિક પરિસ્થિતિ :**

- જાતિ, વર્ગ અને લિંગ : ગામડાઓમાં જાતિ, વર્ગ અને લિંગ આધારિત અસમાનતાઓ જોવા મળે છે. આ અસમાનતાઓ કઈ રીતે લોકોના જીવનને પ્રભાવિત કરે છે તે સમજવું જરૂરી છે.
- સામાજિક સંસ્થાઓ : ગામડાઓમાં પરિવાર, સમાજ અને પંચાયત જેવી સામાજિક સંસ્થાઓનું મહત્વનું સ્થાન હોય છે. આ સંસ્થાઓ કેવી રીતે કામ કરે છે અને સમાજમાં તેમની ભૂમિકા શું છે તે સમજવું જરૂરી છે.
- સામાજિક રિવાજો અને પરંપરાઓ : ગામડાઓમાં વિવિધ પ્રકારના સામાજિક રિવાજો અને પરંપરાઓ પ્રચલિત છે. આ રિવાજો અને પરંપરાઓ કેવી રીતે લોકોના જીવનને પ્રભાવિત કરે છે તે સમજવું જરૂરી છે.

**(3) શૈક્ષણિક અને આરોગ્ય પરિસ્થિતિ :**

- શિક્ષણ : ગામડાઓમાં શિક્ષણનું સ્તર શહેરોની તુલનામાં ઓછું હોય છે. શાળાઓની સુવિધાઓ, બાળકોનું શાળામાં જવાનું પ્રમાણ, બાળ લગ્ન અને બાળ મજૂરી જેવી સમસ્યાઓ પર ધ્યાન આપવું જરૂરી છે.
- આરોગ્ય : ગામડાઓમાં આરોગ્ય સુવિધાઓનો અભાવ હોય છે. લોકો બીમાર પડવા પર ક્યાં જાય છે, કઈ બીમારીઓ સામાન્ય છે, સ્વચ્છતાની સ્થિતિ વગેરે બાબતો પર ધ્યાન આપવું જરૂરી છે.

**(4) પાયાની સુવિધાઓ :**

- પાણીઃ પીવાનું પાણી, સિંચાઈ માટે પાણી, સ્નાન માટે પાણી જેવી બાબતો પર ધ્યાન આપવું જરૂરી છે.

- વિજળીઃ વિજળીની સુવિધાઓ, વિજળીનો ઉપયોગ વગેરે બાબતો પર ધ્યાન આપવું જરૂરી છે.
- રસ્તાઓઃ રસ્તાઓની સ્થિતિ, પરિવહનની સુવિધાઓ વગેરે બાબતો પર ધ્યાન આપવું જરૂરી છે.

**(5) સરકારી યોજનાઓ અને કાર્યક્રમો :**

- સરકારી યોજનાઓ : ગામડાઓમાં સરકાર દ્વારા ચાલતી વિવિધ યોજનાઓ જેવી કે, મનરેગા, પંચાયત રાજ જેવી યોજનાઓ કેવી રીતે અમલમાં આવી રહી છે તે જાણવું જરૂરી છે.
- લોકોની જાગૃતિ : લોકોને સરકારી યોજનાઓ વિશે કેટલી જાણકારી છે અને તેઓ તેનો લાભ કેવી રીતે લઈ રહ્યા છે તે જાણવું જરૂરી છે.

ગ્રામીણ ક્ષેત્રમાં ક્ષેત્રકાર્ય કરતી વખતે ઉપર જણાવેલ બાબતો પર ધ્યાન આપીને સામાજિક કાર્યકરો ગ્રામીણ વિસ્તારોમાં રહેતા લોકોની સમસ્યાઓને સમજી શકે છે અને તેના ઉકેલો શોધી શકે છે. આ માટે ક્ષેત્રકાર્ય દરમિયાન લોકો સાથે ખુલ્લા મને વાતચીત કરવી, તેમના વિચારોને સાંભળવા અને તેમની ભાગીદારીથી કાર્યક્રમોનું આયોજન કરવું ખૂબ જ જરૂરી છે.

## 5.4 ગ્રામીણ ક્ષેત્રના ક્ષેત્રકાર્ય દરમિયાન ઉભા થતા પડકારો :

ગ્રામીણ ક્ષેત્રમાં ક્ષેત્રકાર્ય એ એક ઉમદા કાર્ય છે. પરંતુ આ કાર્ય દરમિયાન અનેક પડકારોનો સામનો કરવો પડે છે. આ પડકારોને સમજીને અને તેનો સામનો કરવાની રીતો શીખીને જ આપણે ગ્રામીણ વિકાસમાં સફળ થઈ શકીએ છીએ.

**(1) સામાજિક પડકારો :**

- રૂઢિચુસ્ત વિચારધારા : ગ્રામીણ સમાજમાં હજુ પણ રૂઢિચુસ્ત વિચારધારા પ્રબળ હોય છે. નવીન વિચારો અને પદ્ધતિઓ સ્વીકારવામાં લોકો અચકાતા હોય છે.
- જાતિવાદ : જાતિવાદ એ ગ્રામીણ સમાજની એક મોટી સમસ્યા છે. જાતિના આધારે લોકોને ભેદભાવ કરવામાં આવે છે. આના કારણે સમાજમાં વિભાજન આવે છે અને વિકાસના કાર્યોમાં અડચણો ઉભી થાય છે. જાતિવાદની સમસ્યાને કારણે ક્ષેત્રકાર્યકરને સ્થાનિક લોકો સાથે સરળતાથી મિત્રતા બાંધવામાં મુશ્કેલી પડી શકે છે.
- લિંગ ભેદભાવ : સ્ત્રીઓને પુરુષો કરતાં ઓછી ગણવામાં આવે છે. તેમને શિક્ષણ, સ્વાસ્થ્ય અને અન્ય સુવિધાઓથી વંચિત રાખવામાં આવે છે. મહિલા ક્ષેત્રકાર્યકર અથવા પુરુષ ક્ષેત્રકાર્યકરને ગ્રામીણ મહિલાઓ સાથે વાત કરવામાં મુશ્કેલી પડી શકે છે.
- ગરીબી : ગરીબી એ ગ્રામીણ સમાજની સૌથી મોટી સમસ્યા છે. ગરીબીના કારણે લોકો પાસે પોતાના અને પોતાના પરિવારના જીવનનિર્વાહ માટે પૂરતા પૈસા નથી હોતા.
- અશિક્ષણ : ગ્રામીણ વિસ્તારોમાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે. લોકોને શિક્ષણનું મહત્વ સમજાવવું એ એક મોટો પડકાર છે.

**(2) સામાજિક રૂઢિચુસ્તતા :**

- પરંપરાઓ : ગ્રામીણ વિસ્તારોમાં લોકો પરંપરાઓને વળગી રહે છે. આથી નવીન વિચારોને સ્વીકારવામાં મુશ્કેલી પડે છે.
- અંધશ્રદ્ધા : કેટલાક ગ્રામીણ વિસ્તારોમાં અંધશ્રદ્ધા પ્રચલિત હોય છે. આથી લોકો વૈજ્ઞાનિક પદ્ધતિઓને સ્વીકારવામાં ધીમા હોય છે.

**(3) આર્થિક પડકારો :**

- કૃષિ પર આધારિત અર્થતંત્ર : ગ્રામીણ અર્થતંત્ર મુખ્યત્વે કૃષિ પર આધારિત હોય છે. પરંતુ અનાવૃષ્ટિ, પિયતની સુવિધાનો અભાવ જેવી સમસ્યાઓના કારણે ખેડૂતોને મુશ્કેલી પડે છે.
- રોજગારની અછત : ગ્રામીણ વિસ્તારોમાં રોજગારની અછત એ એક મોટી સમસ્યા છે. યુવાનોને શહેરો તરફ સ્થળાંતર કરવાની ફરજ પડે છે.
- ગરીબી : ગામડામાં ગરીબીનું પ્રમાણ વધુ હોય છે, જેના કારણે લોકો પાસે પોતાની અને તેમના પરિવારની જરૂરિયાતો પૂરી કરવા માટે ઘણીવાર પૂરતી આવક નથી હોતી.
- બજારની સુવિધાઓનો અભાવ : ગ્રામીણ વિસ્તારોમાં બજારની સુવિધાઓનો અભાવ હોય છે. ખેડૂતોને પોતાના ઉત્પાદનને યોગ્ય ભાવે વેચવામાં મુશ્કેલી પડે છે.

**(4) સંસાધનોની અછત :**

- પાણી : ગામડામાં પીવાનું પાણી અને સિંચાઈ માટેનું પાણી મર્યાદિત હોય છે.
- વીજળી : કેટલાક ગામડાઓમાં વીજળીની સુવિધા પણ ન હોય અથવા અનિયમિત હોય છે.
- આરોગ્ય સુવિધાઓ : ગામડામાં આરોગ્ય સુવિધાઓનો અભાવ હોય છે.
- શિક્ષણ સુવિધાઓ : ગામડામાં શિક્ષણ સુવિધાઓનો અભાવ હોય છે.

**(5) ભૌગોલિક પડકારો :**

- દુર્ગમ વિસ્તારો : ગ્રામીણ વિસ્તારોમાં ઘણા દુર્ગમ વિસ્તારો છે. આવા વિસ્તારોમાં પહોંચવું અને વિકાસના કાર્યો કરવા મુશ્કેલ હોય છે.
- અંતર : ગામડાઓ વચ્ચેનું અંતર ઘણું હોય છે, જેના કારણે એક ગામથી બીજા ગામે જવામાં સમય અને ખર્ચ વધુ થાય છે.
- પરિવહન અને સંચારની સુવિધાઓનો અભાવ : ગ્રામીણ વિસ્તારોમાં પરિવહન અને સંચારની સુવિધાઓનો અભાવ હોય છે. આના કારણે લોકો બહારની દુનિયાથી અલગ તરી આવે છે.
- સંદેશાવ્યવહાર : ગામડામાં નેટવર્ક સિગ્નલ નબળું હોવાથી સંદેશાવ્યવહારમાં વિક્ષેપ પડી શકે છે.

**(6) વ્યક્તિગત પડકારો :**

- ભાષાની સમસ્યા : જો ક્ષેત્રકાર્ય કરનાર વ્યક્તિ સ્થાનિક ભાષા ન જાણતી હોય તો લોકો સાથે વાતચીત કરવામાં મુશ્કેલી પડે છે.

- સાંસ્કૃતિક તફાવત : શહેરી અને ગ્રામીણ સંસ્કૃતિમાં ઘણો તફાવત હોય છે. આ તફાવતને સમજવામાં અને સ્વીકારવામાં સમય લાગે છે.
- સુરક્ષાની સમસ્યા : કેટલાક ગ્રામીણ વિસ્તારોમાં સુરક્ષાની સમસ્યા હોય છે. ખાસ કરીને સ્ત્રીઓ માટે ક્ષેત્રકાર્ય કરવું જોખમી હોઈ શકે છે.

**(7) સુરક્ષાની સમસ્યા :**

- જંગલી પ્રાણીઓઃ કેટલાક ગ્રામીણ વિસ્તારોમાં વાઘ, સિંહ જેવા જંગલી પ્રાણીઓનો ખતરો રહે છે.
- સામાજિક સમસ્યાઓઃ કેટલાક ગ્રામીણ વિસ્તારોમાં ચોરી, લૂંટ જેવી સામાજિક સમસ્યાઓ હોય છે.

**(8) રાજકીય પડકારો :**

- રાજકીય દખલગીરીઃ ગ્રામીણ વિસ્તારોમાં રાજકીય દખલગીરી થતી હોય છે. આના કારણે વિકાસ કાર્યોમાં વિલંબ થાય છે.
- લોકશાહી પ્રક્રિયામાં ભાગીદારીનો અભાવઃ ગ્રામીણ વિસ્તારોમાં લોકો લોકશાહી પ્રક્રિયામાં ભાગ લેવા માટે અનિચ્છા દાખવે છે.

**(9) સમય અને સંસાધનોની મર્યાદા :**

- સમયની મર્યાદાઃ કાર્યકરો પાસે સમયની મર્યાદા હોય છે. આટલા ઓછા સમયમાં બધા કામ પૂરા કરવા મુશ્કલ બને છે.
- સંસાધનોની મર્યાદાઃ કાર્યકરો પાસે પૂરતા સંસાધનો ન હોવાથી તેઓ પોતાના કામને અસરકારક રીતે પૂર્ણ કરી શકતા નથી.

ગ્રામીણ ક્ષેત્રમાં ક્ષેત્રકાર્ય કરવું એ એક પડકારજનક કાર્ય છે. પરંતુ આ પડકારોને સમજીને અને તેનો સામનો કરવાની તૈયારી કરીને જ ગ્રામીણ વિકાસમાં અસરકારક ફાળો આપી શકાય છે.

## 5.5 ગ્રામીણ જીવનની વર્તમાન સ્થિતિ :

ગ્રામીણ જીવનશૈલીમાં ઝડપથી પરિવર્તન આવી રહ્યાં છે. શહેરીકરણ, ટેકનોલોજીનો વ્યાપક ઉપયોગ અને આર્થિક વિકાસ જેવા પરિબળો ગ્રામીણ જીવનને નવી દિશા આપી રહ્યા છે. ગ્રામીણ જીવનની વર્તમાન સ્થિતિને સકારાત્મક પરિવર્તનો અને નકારાત્મક પરિબળોના સંદર્ભે જોઈ શકાય.

**(1) સકારાત્મક પરિવર્તનો :**

- શિક્ષણ અને જાગૃતિ : ગ્રામીણ વિસ્તારોમાં શિક્ષણનું પ્રમાણ વધ્યું છે. લોકો સરકારી યોજનાઓ અને સમાજસેવી સંસ્થાઓના પ્રયાસોથી શિક્ષિત બની રહ્યા છે. આનાથી લોકોમાં જાગૃતિ આવી છે અને તેઓ પોતાના અધિકારો વિશે સભાન બન્યા છે.
- ટેકનોલોજીનો ઉપયોગ : સ્માર્ટફોન અને ઇન્ટરનેટની પહોંચ ગામડાઓ સુધી પહોંચી છે. ખેડૂતો હવામાનની આગાહી, ખેતીની નવી પદ્ધતિઓ અને બજાર ભાવો વિશે માહિતી મેળવી શકે છે.

- ➢ આરોગ્ય સુવિધાઓ : ગ્રામીણ વિસ્તારોમાં આરોગ્ય કેન્દ્રો અને હોસ્પિટલોની સંખ્યા વધી છે. આનાથી લોકોને સસ્તી અને સરળતાથી આરોગ્ય સુવિધાઓ મળી રહે છે.
- ➢ સરકારી યોજનાઓ : સરકાર દ્વારા ગરીબી નાબૂદી અને ગ્રામીણ વિકાસ માટે અનેક યોજનાઓ ચલાવવામાં આવી રહી છે. આ યોજનાઓથી ગ્રામીણ લોકોને આર્થિક મદદ અને રોજગારની તકો મળી રહી છે.

**(2) નકારાત્મક પરિબળો :**

- ➢ પ્રવાસ : શહેરો તરફ પ્રવાસ વધવાને કારણે ગામડાઓમાં યુવાનોની સંખ્યા ઘટી રહી છે. આનાથી ગામડાઓમાં કામ કરવા માટે લોકો ઉપલબ્ધ નથી રહેતા.
- ➢ ખેતીની કટોકટી : આબોહવા પરિવર્તન, પાણીની અછત અને બજાર ભાવોમાં અસ્થિરતાને કારણે ખેડૂતો મુશ્કેલીમાં છે. આનાથી ખેતીની ઉત્પાદકતા ઘટી રહી છે અને ખેડૂતો દેવાદાર બની રહ્યા છે.
- ➢ સમાજિક સમસ્યાઓ : દહેજ પ્રથા, બાળ લગ્ન અને છોકરીઓનું શિક્ષણમાં ઓછું પ્રમાણ જેવી સમાજિક સમસ્યાઓ ગ્રામીણ વિસ્તારોમાં હજુ પણ જોવા મળે છે.
- ➢ પર્યાવરણ સમસ્યાઓ : ગ્રામીણ વિસ્તારોમાં પાણીની અછત, જમીનનું ક્ષારીયકરણ અને પ્રદૂષણ જેવી પર્યાવરણ સમસ્યાઓ વધી રહી છે.
- ➢ આરોગ્ય : ગ્રામીણ વિસ્તારોમાં હજુ પણ ઘણા લોકો પૂરતી આરોગ્ય સુવિધાઓથી વંચિત છે.

**❖ ગ્રામીણ જીવનની વર્તમાન સ્થિતિ અને ક્ષેત્રકાર્ય :**

1. કુટુંબ જીવન અને સમાજ : આધુનિકીકરણની પ્રક્રિયાએ ગ્રામીણ કુટુંબ અને સમાજમાં નોંધપાત્ર ફેરફારો કર્યા છે. આ ફેરફારોએ કુટુંબ સંબંધો, સામાજિક રચનાઓ અને જીવનશૈલીમાં પરિવર્તન લાવ્યા છે. આ પરિપ્રેક્ષ્યમાં, ગ્રામીણ ક્ષેત્રમાં ક્ષેત્રકાર્ય એક અત્યંત મહત્વપૂર્ણ સામાજિક કાર્ય બની જાય છે. ક્ષેત્રકાર્યનો મુખ્ય હેતુ ગ્રામીણ કુટુંબો અને સમાજને સમજવાનો, તેમની જરૂરિયાતોને ઓળખવાનો અને તેમને સશક્ત બનાવવાનો છે. આજના સમયમાં, ગ્રામીણ કુટુંબો અને સમાજ વિવિધ પ્રકારની સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે, જેમ કે ગરીબી, બેરોજગારી, અશિક્ષણ, સ્વાસ્થ્ય સમસ્યાઓ, લૈંગિક ભેદભાવ અને પર્યાવરણીય સમસ્યાઓ. ક્ષેત્રકાર્યકર્તાઓ આ સમસ્યાઓનું મૂળ કારણ શોધવાનો પ્રયાસ કરે છે અને તેના ઉકેલ માટે કામ કરે છે. ગ્રામીણ ક્ષેત્રકાર્યમાં કુટુંબ કલ્યાણ, સ્ત્રી સશક્તિકરણ, બાળ વિકાસ, આરોગ્ય અને સ્વચ્છતા, કૃષિ અને ગ્રામીણ વિકાસ જેવા વિવિધ ક્ષેત્રોમાં કામ કરવામાં આવે છે. ક્ષેત્રકાર્યકર્તાઓ ગ્રામીણ સમાજમાં જાગૃતિ ફેલાવવાનું કામ કરે છે, જેથી લોકો પોતાના અધિકારો વિશે જાગૃત બને અને સમાજમાં સક્રિય ભાગીદારી નિભાવે.
2. આરોગ્ય અને સ્વચ્છતા : ગ્રામીણ ભારત આજે ઝડપથી બદલાઈ રહ્યું છે. એક તરફ જ્યાં શહેરીકરણ અને આધુનિકીકરણની અસરો જોવા મળે છે, ત્યાં બીજી તરફ ગ્રામીણ જીવનના મૂળભૂત પડકારો જેવા કે સ્વાસ્થ્ય અને સ્વચ્છતા અકબંધ

રહે છે. ગ્રામીણ વિસ્તારોમાં આરોગ્ય અને સ્વચ્છતા સંબંધિત સમસ્યાઓ જટિલ અને બહુપરિમાણીય છે. અપૂરતી પાણી પુરવઠા, ખુલ્લામાં શૌચ, અપૂરતી સ્વચ્છતા સુવિધાઓ, કુપોષણ, અને રોગચાળા જેવી સમસ્યાઓ ગ્રામીણ જીવનની ગુણવત્તાને નોંધપાત્ર અસર કરે છે. આરોગ્ય અને સ્વચ્છતા ક્ષેત્રકાર્યનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રામીણ લોકોને સ્વચ્છતા અને આરોગ્ય સંબંધિત જાગૃતિ ફેલાવવાનો છે. આ માટે શૌચાલયોના નિર્માણ, પાણી પુરવઠાની સુવિધાઓમાં વધારો, સ્વચ્છતા અભિયાનોનું આયોજન, અને આરોગ્ય શિક્ષણ જેવા પગલાં લેવામાં આવે છે.

❖ **આરોગ્ય અને સ્વચ્છતા ક્ષેત્રકાર્યના ઉદ્દેશ્યો :**

(I) ગ્રામીણ લોકોને સ્વચ્છતા અને આરોગ્ય સંબંધિત જાગૃતિ ફેલાવવી.

(II) શૌચાલયોનું નિર્માણ અને તેનો ઉપયોગ પ્રોત્સાહિત કરવો.

(IIII) પાણી પુરવઠાની સુવિધાઓમાં વધારો કરવો.

(IV) કુપોષણની સમસ્યાને દૂર કરવા માટે પોષણ શિક્ષણ આપવું.

(V) રોગચાળાને રોકવા માટે પ્રયત્નો કરવા.

(VI) આરોગ્ય સુવિધાઓની સુલભતા વધારવી.

❖ **ગ્રામીણ જીવનમાં આરોગ્ય અને સ્વચ્છતાના મુખ્ય પડકારો :**

(I) પાણીની અછત : ઘણા ગામોમાં પૂરતો અને શુદ્ધ પીવાનું પાણી ઉપલબ્ધ નથી. આના કારણે પાણીજન્ય રોગો ફેલાવાનું જોખમ રહે છે.

(II) ખુલ્લામાં શૌચ : ઘણા લોકો ખુલ્લામાં શૌચ કરે છે, જેના કારણે પર્યાવરણ પ્રદૂષિત થાય છે અને અનેક રોગો ફેલાય છે.

(III) અપૂરતી સ્વચ્છતા સુવિધાઓ : ઘણા ગામોમાં શૌચાલયોની સંખ્યા અપૂરતી છે અને તેની સ્વચ્છતાનું પણ ધ્યાન રાખવામાં આવતું નથી.

(IV) કુપોષણ : ખાસ કરીને બાળકોમાં કુપોષણની સમસ્યા ગંભીર છે. આના કારણે બાળકોનું શારીરિક અને માનસિક વિકાસ અટકી જાય છે.

(V) રોગચાળા : મેલેરિયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયા જેવા રોગચાળા ગ્રામીણ વિસ્તારોમાં વારંવાર ફાટી નીકળે છે.

(VI) આરોગ્ય સુવિધાઓનો અભાવ : ઘણા ગામોમાં સારી ગુણવત્તાવાળી આરોગ્ય સુવિધાઓ ઉપલબ્ધ નથી.

(VII) જાગૃતિનો અભાવ : સ્વચ્છતા અને આરોગ્ય સંબંધિત જાગૃતિનો અભાવ એ એક મોટો પડકાર છે.

❖ **આરોગ્ય અને સ્વચ્છતા સંદર્ભે ક્ષેત્રકાર્યના ફાયદાઃ :**

(I) રોગોનું પ્રમાણ ઘટાડવું.

(II) બાળ મૃત્યુદર ઘટાડવો.

(III) સ્ત્રીઓની સ્વાસ્થ્ય સુધારવું.

(IV) શૈક્ષણિક સ્તરમાં સુધારો કરવો.

(V) આર્થિક વિકાસમાં ફાળો આપવો.

આરોગ્ય અને સ્વચ્છતા ક્ષેત્રકાર્ય એ એક લાંબા ગાળાનું કાર્ય છે. સરકાર, સંસ્થાઓ અને સમાજના તમામ વર્ગોએ મળીને આ કાર્યને સફળ બનાવવા માટે પ્રયત્નો કરવા પડશે.

3. શિક્ષણ અને સક્ષમતા : ખેતીની કટોકટી, રોજગારીની અછત, મૂળભૂત સુવિધાઓનો અભાવ અને શિક્ષણમાં અસમાનતા જેવા મુદ્દાઓ ગ્રામીણ જીવનને પ્રભાવિત કરી રહ્યા છે. આ સંદર્ભમાં, શિક્ષણ અને સક્ષમતા ક્ષેત્રકાર્ય એ ગ્રામીણ વિકાસનો એક મહત્વપૂર્ણ પાસું બની ગયો છે. ગ્રામીણ વિસ્તારોમાં શિક્ષણની ગુણવત્તામાં સુધારો કરવા માટે વિવિધ પ્રકારના કાર્યક્રમો હાથ ધરવામાં આવી રહ્યા છે. શાળાઓમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ, શિક્ષકોની તાલીમ, નવા શિક્ષણ પદ્ધતિઓનો અમલ અને વિદ્યાર્થીઓને વધુ સારી શૈક્ષણિક સુવિધાઓ પૂરી પાડવી જેવાં પગલાં લેવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત, સક્ષમતા વિકાસ પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે. વિદ્યાર્થીઓને વિવિધ કુશળતા જેવી કે વાચન, લેખન, ગણિત અને કમ્પ્યુટરનો ઉપયોગ કરવા માટે તાલીમ આપવામાં આવી રહી છે. ગ્રામીણ વિસ્તારોમાં સક્ષમતા વિકાસ માટેના કાર્યક્રમોમાં વ્યવસાયિક તાલીમ, કૌશલ્ય વિકાસ અને સ્વરોજગારને પ્રોત્સાહન આપવા પર ભાર મૂકવામાં આવે છે. આનાથી ગ્રામીણ યુવાનોને સ્વનિર્ભર બનવામાં અને ગ્રામીણ અર્થતંત્રને મજબૂત કરવામાં મદદ મળે છે. આ ઉપરાંત, મહિલા સશક્તિકરણ પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. મહિલાઓને શિક્ષિત બનાવીને અને તેમને વિવિધ કુશળતા શીખવીને તેમને સ્વતંત્ર બનાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આમ, ગ્રામીણ જીવનની વર્તમાન સ્થિતિને ધ્યાનમાં રાખીને શિક્ષણ અને સક્ષમતા ક્ષેત્રમાં સતત પ્રયત્નો કરવાથી ગ્રામીણ ભારતને વધુ વિકસિત અને સમૃદ્ધ બનાવી શકાય છે.

4. આર્થિક સ્થિતિ અને રોજગાર : ગ્રામીણ વિસ્તારોમાં આર્થિક અને રોજગારની સ્થિતિ અત્યંત જટિલ અને વિવિધ પરિબળોથી પ્રભાવિત છે. ખેતી, જે પરંપરાગત રીતે ગ્રામીણ જીવનનો મુખ્ય આધાર રહી છે, તે આજે અનેક પડકારોનો સામનો કરી રહી છે. આધુનિક ખેતીની પદ્ધતિઓ, આબોહવા પરિવર્તન, બજારમાં અસ્થિરતા અને પાકની કિંમતોમાં ઘટાડો જેવા પરિબળોએ ખેડૂતોની આર્થિક સ્થિતિને નબળી બનાવી છે. બીજી તરફ, ગ્રામીણ વિસ્તારોમાં રોજગારની તકો પણ મર્યાદિત છે. યુવા પેઢી ખેતીને છોડીને શહેરો તરફ સ્થળાંતર કરી રહી છે. પરિણામે, ગામડાઓમાં વૃદ્ધો અને મહિલાઓ જ ખેતી કામ કરતા જોવા મળે છે. આવી સ્થિતિમાં ગ્રામીણ વિસ્તારોનો સર્વાંગી વિકાસ કરવા માટે નવીન અને સર્જનાત્મક પહેલો કરવાની જરૂર છે.

ક્ષેત્રકાર્યના દૃષ્ટિકોણથી જોઈએ તો, ગ્રામીણ વિસ્તારોમાં આર્થિક સ્થિતિ અને રોજગાર સંબંધિત ક્ષેત્રકાર્યમાં નીચેના પાસાઓને ધ્યાનમાં રાખી શકાય :

(I) ખેતીની ઉત્પાદકતા વધારવી : આધુનિક ખેતીની પદ્ધતિઓ, સિંચાઈ સુવિધાઓ, પાક વિવિધતા અને બજાર જોડાણ જેવા પાસાઓ પર કામ કરીને ખેતીની ઉત્પાદકતા વધારવી.

(II) ગ્રામીણ ઉદ્યોગોને પ્રોત્સાહન આપવું : હસ્તકલા, કૃષિ આધારિત ઉદ્યોગો અને પ્રવાસન જેવા ક્ષેત્રોમાં ગ્રામીણ ઉદ્યોગોને પ્રોત્સાહન આપીને રોજગારની નવી તકો ઉભી કરવી.

(III) શિક્ષણ અને કૌશલ્ય વિકાસ : ગ્રામીણ યુવાનોને શિક્ષણ અને કૌશલ્ય વિકાસની તકો પૂરી પાડીને તેમને રોજગારયોગ્ય બનાવવા.

(IV) મહિલા સશક્તિકરણ : ગ્રામીણ મહિલાઓને આર્થિક રીતે સ્વતંત્ર બનાવવા માટે સહકારી મંડળો, સ્વ-સહાય જૂથો અને કુશળતા વિકાસના કાર્યક્રમોનું આયોજન કરવું.

(V) બજાર જોડાણ : ખેડૂતો અને ગ્રામીણ ઉત્પાદકોને બજાર સાથે જોડવા માટે માર્કેટિંગની વ્યવસ્થા કરવી.

આ ઉપરાંત, ગ્રામીણ વિસ્તારોમાં સંસ્થાગત વિકાસ, સુશાસન અને લોકશાહી મૂલ્યોને પ્રોત્સાહન આપવું પણ અત્યંત જરૂરી છે. આમ, ગ્રામીણ વિસ્તારોનો સર્વાંગી વિકાસ એ એક જટિલ અને લાંબા ગાળાની પ્રક્રિયા છે, જેમાં સરકાર, સમાજસેવી સંસ્થાઓ અને સ્થાનિક લોકોની સંયુક્ત ભાગીદારી જરૂરી છે.

5. માનસિક આરોગ્ય અને સામાજિક તાલમેલ : ગ્રામીણ વિસ્તારોમાં માનસિક આરોગ્ય અને સામાજિક તાલમેલને મજબૂત કરવા માટે ક્ષેત્રકાર્યનું મહત્વ વધી ગયું છે. આ ક્ષેત્રકાર્યમાં માનસિક સ્વાસ્થ્ય સંબંધિત જાગૃતિ ફેલાવવી, માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓથી પીડિત લોકોને સહાય પૂરી પાડવી, સમાજમાં સહકાર અને સંવાદિતા વધારવા માટે કાર્યક્રમો યોજવા અને સરકારી અને બિનસરકારી સંસ્થાઓ સાથે મળીને કામ કરવું વગેરેનો સમાવેશ થઈ શકે છે.

❖ **ક્ષેત્રકાર્ય દ્વારા આપણે નીચેના પરિણામો મેળવી શકીએ છીએ :**

(I) ગ્રામીણ લોકોમાં માનસિક સ્વાસ્થ્ય સંબંધિત જાગૃતિ વધશે.

(II) માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓથી પીડિત લોકોને સમયસર સારવાર મળશે.

(III) ગ્રામીણ સમાજમાં સામાજિક તાલમેલ વધશે.

(IV) ગ્રામીણ લોકોની જીવન ગુણવત્તામાં સુધારો થશે.

(V) ગ્રામીણ વિસ્તારોનો સર્વાંગી વિકાસ થશે.

આમ, ગ્રામીણ જીવનની વર્તમાન સ્થિતિને ધ્યાનમાં રાખીને માનસિક આરોગ્ય અને સામાજિક તાલમેલ ક્ષેત્રકાર્ય એ એક અત્યંત જરૂરી અને સમયની માંગ છે.

6. મહિલાઓની સ્થિતિ : ગ્રામીણ ભારતમાં મહિલાઓની સ્થિતિ જટિલ અને બહુપરિમાણીય છે. એક તરફ, તેઓ પરંપરાગત રીતે કુટુંબ અને સમાજના આધારસ્તંભ છે, તો બીજી તરફ, તેઓ સામાજિક, આર્થિક અને રાજકીય અસમાનતાઓનો સામનો કરે છે. ગામડાઓમાં મહિલાઓ મુખ્યત્વે કૃષિ કાર્યો,

ઘરકામ અને બાળકોની સંભાળમાં વ્યસ્ત રહે છે. આર્થિક રીતે તેઓ પુરુષો કરતાં ઓછા સશક્ત છે અને તેમની પાસે સ્વતંત્ર નિર્ણય લેવાની મર્યાદિત તકો હોય છે. સમાજના પરંપરાગત રૂઢિચુસ્ત વિચારો અને લિંગ ભેદભાવ મહિલાઓની પ્રગતિમાં મુખ્ય અવરોધ છે. ગામડાઓમાં છોકરીઓના લગ્નની ઉંમર ઓછી હોય છે અને તેમને શિક્ષણથી વંચિત રાખવામાં આવે છે. આ સિવાય, ઘરેલુ હિંસા, દહેજ અને જાતીય સતામણી જેવી સમસ્યાઓ પણ ગ્રામીણ મહિલાઓને સતત ત્રાસ આપે છે. આ પરિસ્થિતિમાં, ગ્રામીણ મહિલાઓના સશક્તિકરણ માટે સરકાર, સમાજ સેવાના સંસ્થાઓ અને સ્વૈચ્છિક સંસ્થાઓએ સંયુક્ત પ્રયાસો કરવા જરૂરી છે.

❖ **મહિલા સશક્તિકરણ માટેના સૂચનો :**

(I) શિક્ષણ : ગ્રામીણ મહિલાઓને શિક્ષણ મેળવવા માટે પ્રોત્સાહિત કરવા અને તેમના માટે શિક્ષણ સંસ્થાઓની સુલભતા વધારવી.

(II) આરોગ્ય : મહિલાઓના સ્વાસ્થ્યની કાળજી લેવા માટે સ્વાસ્થ્ય સેવાઓની પહોંચ વધારવી અને જાગૃતિ ફેલાવવી.

(III) આર્થિક સશક્તિકરણ : મહિલાઓને આર્થિક રીતે સ્વતંત્ર બનાવવા માટે તેમને કૌશલ્ય વિકાસ અને રોજગારની તકો પૂરી પાડવી.

(IV) સામાજિક સુધારણા : સમાજમાં પ્રવર્તતા લિંગ ભેદભાવ અને રૂઢિચુસ્ત વિચારો સામે લડવા માટે જાગૃતિ ફેલાવવી.

(V) કાયદાનો અમલ : મહિલાઓ સામે થતા અત્યાચારો સામે કડક કાયદાનો અમલ કરવો અને પોલીસ તંત્રને સુદ્રઢ બનાવવું.

આ ઉપરાંત, મહિલા સંગઠનોને મજબૂત બનાવીને તેમને સશક્તિકરણના પ્રયાસોમાં સામેલ કરવા જરૂરી છે. આમ, સંકલિત પ્રયાસો દ્વારા જ ગ્રામીણ મહિલાઓને સશક્ત બનાવીને તેમનું જીવનધોરણ સુધારી શકાશે.

7. યુવા વર્ગ અને પ્રજ્ઞા વિકાસ : ગ્રામીણ યુવાનો આજે શિક્ષિત અને જાગૃત છે. તેઓ નવી તકનીકોનો ઉપયોગ કરીને જગત સાથે જોડાયેલા છે. પરંતુ, ગ્રામીણ વિસ્તારોમાં મર્યાદિત સુવિધાઓ, રોજગારની અછત અને શહેરી વિસ્તારો તરફ વધતું સ્થળાંતર જેવી પરિસ્થિતિઓએ યુવાનોના પ્રજ્ઞા વિકાસને અવરોધ્યો છે. આ પરિપ્રેક્ષ્યમાં, પ્રજ્ઞા વિકાસ માટેના ક્ષેત્રકાર્યમાં નવા અભિગમો અપનાવવાની તાતી જરૂર છે. ડિજિટલ સાધનોનો ઉપયોગ કરીને ગ્રામીણ યુવાનોને શિક્ષણ અને કૌશલ્ય વિકાસની તકો પૂરી પાડવી જોઈએ. સ્થાનિક સંસાધનોનો ઉપયોગ કરીને સ્વરોજગારની તકો ઉભી કરવી જોઈએ. આ ઉપરાંત, સહકારી મંચો અને સમૂહો બનાવીને યુવાનોને સશક્ત બનાવવા જોઈએ. ક્ષેત્રકાર્યમાં સ્વયંસેવકો અને સરકારી એજન્સીઓની ભાગીદારી અત્યંત મહત્વપૂર્ણ છે. સ્વયંસેવકો ગ્રામીણ વિસ્તારોમાં જઈને યુવાનોને માર્ગદર્શન આપી શકે છે અને સરકારી એજન્સીઓ જરૂરી સંસાધનો અને નીતિગત સમર્થન પૂરું પાડી શકે છે.

8. આપત્તિઓ અને પ્રાકૃતિક સંકટ : ગ્રામીણ ભારત આજે આધુનિકતાના પ્રવાહમાં સતત બદલાઈ રહ્યું છે. પરંતુ આ બદલાવ સાથે ગ્રામીણ જીવનના પોતાના અનન્ય પડકારો પણ છે. આ પડકારોમાં આપત્તિઓ અને પ્રાકૃતિક સંકટો એક મહત્વનું સ્થાન ધરાવે છે. આપણે જોઈએ છીએ કે ગામડાઓમાં દુષ્કાળ, પૂર, ભૂકંપ જેવી આફતો વારંવાર બનતી રહે છે. આવી પરિસ્થિતિમાં ગ્રામીણ વિસ્તારોમાં ક્ષેત્રકાર્ય એક અત્યંત મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ક્ષેત્રકાર્ય દ્વારા આપણે ગ્રામીણ લોકોને આપત્તિઓ સામે લડવા માટે સશક્ત બનાવી શકીએ છીએ. આપત્તિ પહેલાં લોકોને જાગૃત કરવા, આપત્તિ દરમિયાન રાહત અને બચાવ કાર્ય કરવા અને આપત્તિ બાદ પુનર્વસન કાર્ય કરવામાં ક્ષેત્રકાર્ય ખૂબ ઉપયોગી સાબિત થાય છે. આ ઉપરાંત, ક્ષેત્રકાર્ય દ્વારા આપણે ગ્રામીણ લોકોની સામાજિક, આર્થિક અને શૈક્ષણિક સ્થિતિમાં સુધારો લાવી શકીએ છીએ.

❖ **આપત્તિ સમયે ક્ષેત્રકાર્યના મુખ્ય પાસાઓ :**

(I) આપત્તિ પૂર્વેની તૈયારી : આપત્તિ આવતા પહેલા લોકોને જાગૃત કરવા, આપત્તિ સંબંધિત માહિતી આપવી, આપત્તિ સમયે શું કરવું તેની તાલીમ આપવી વગેરે.

(II) આપત્તિ દરમિયાન રાહત અને બચાવ કાર્ય : આપત્તિ આવ્યા બાદ લોકોને ખોરાક, પાણી, દવા વગેરે જેવી જરૂરી વસ્તુઓ પૂરી પાડવી, ઘાયલોને હોસ્પિટલ પહોંચાડવા વગેરે.

(III) આપત્તિ બાદ પુનર્વસન કાર્ય : આપત્તિ બાદ લોકોને ફરીથી સ્થાયી થવામાં મદદ કરવી, તેમના ઘરો બનાવવામાં મદદ કરવી, તેમની આજીવિકા પુનઃસ્થાપિત કરવામાં મદદ કરવી વગેરે.

(IV) સામાજિક, આર્થિક અને શૈક્ષણિક વિકાસ : ગ્રામીણ લોકોની સામાજિક, આર્થિક અને શૈક્ષણિક સ્થિતિમાં સુધારો લાવવા માટે વિવિધ પ્રકારના કાર્યક્રમો હાથ ધરવા.

આમ, ગ્રામીણ જીવનમાં આજે અનેક પરિવર્તનો આવી રહ્યા છે. આ પરિવર્તનોમાં કેટલાક સકારાત્મક છે તો કેટલાક નકારાત્મક. ગ્રામીણ વિકાસ માટે સરકાર અને સમાજ બંનેએ મળીને પ્રયત્નો કરવા જરૂરી છે.

## 5.6 ગ્રામીણ ક્ષેત્રમાં ક્ષેત્રકાર્ય કરતી વખતે ધ્યાનમાં રાખવાની મહત્વની બાબતો :

ગ્રામીણ ક્ષેત્રમાં ક્ષેત્રકાર્ય એ એક જવાબદારીભર્યું અને સંતોષકારક કાર્ય છે પરંતુ, ગ્રામીણ ક્ષેત્રમાં કામ કરતી વખતે કેટલીક મહત્વની બાબતોને ધ્યાનમાં રાખવી ખૂબ જ જરૂરી છે.

1. **ગ્રામીણ સમાજની સાંસ્કૃતિક વિવિધતાને સમજવી, :** ગ્રામીણ સમાજમાં વિવિધ જાતિ, ધર્મ અને સંસ્કૃતિના લોકો રહે છે. દરેક સમુદાયની પોતાની અલગ ઓળખ અને પરંપરાઓ હોય છે. ક્ષેત્રકાર્ય કરતી વખતે આ વિવિધતાને સમજવી અને તેનો આદર કરવો ખૂબ જ મહત્વપૂર્ણ છે. આપણે લોકોના રિવાજો, વિશ્વાસો અને મૂલ્યોને સમજવાનો પ્રયાસ કરવો જોઈએ.

2. **સ્થાનિક લોકો સાથે વિશ્વાસપૂર્ણ સંબંધો સ્થાપિત કરવા :** ગ્રામીણ સમાજમાં કામ કરવા માટે સ્થાનિક લોકો સાથે વિશ્વાસપૂર્ણ સંબંધો સ્થાપિત કરવા ખૂબ જ જરૂરી છે. લોકોને સાંભળવા, તેમની સાથે વાતચીત કરવા અને તેમની મદદ માટે હંમેશા તૈયાર રહેવાથી વિશ્વાસ વધે છે.

3. **સમુદાય આધારિત પહેલો શરૂ કરવા :** સમુદાય આધારિત પહેલો એટલે કે સ્થાનિક લોકોને સમસ્યાઓના નિરાકરણ માટે સક્રિય રીતે સામેલ કરવા. આનાથી લોકોમાં માલિકીની ભાવના જાગે છે અને તેઓ પોતાના વિકાસમાં વધુ સક્રિય ભાગ લે છે.

4. **સ્થાનિક સંસાધનોનો ઉપયોગ કરવો. :** ગ્રામીણ વિસ્તારોમાં ઘણા બધા સ્થાનિક સંસાધનો હોય છે. જેમ કે, માનવ સંસાધન, કુદરતી સંસાધન અને સ્થાનિક જ્ઞાન. આ સંસાધનોનો ઉપયોગ કરીને આપણે સમુદાયના વિકાસ માટે ઘણું બધું કરી શકીએ છીએ.

5. **સમસ્યાઓનું નિદાન અને ઉકેલ :** ગ્રામીણ વિસ્તારોમાં વિવિધ પ્રકારની સમસ્યાઓ હોય છે જેમ કે ગરીબી, બેરોજગારી, અશિક્ષણ, આરોગ્ય સંબંધી સમસ્યાઓ, પાણીની અછત વગેરે. આ સમસ્યાઓનું નિદાન કરવા માટે સમાજસેવકોએ ગ્રામીણ લોકો સાથે વાતચીત કરવી જોઈએ, તેમની જરૂરિયાતો સમજવી જોઈએ અને તેમના દૃષ્ટિકોણને સમજવાનો પ્રયાસ કરવો જોઈએ. ઉકેલ માટે યોગ્ય યોજનાઓમાં સ્થાનિક લોકોની સહભાગિતા ખૂબ જ મહત્વપૂર્ણ છે. સ્થાનિક લોકોને યોજનાઓ બનાવવા અને તેને અમલમાં મૂકવામાં સામેલ કરવાથી તેઓ તે યોજનાઓ પ્રત્યે વધુ જવાબદાર બનશે અને તે યોજનાઓ સફળ થવાની શક્યતા વધી જશે.

6. **સહભાગી અભિગમ :** સહભાગી અભિગમ એટલે ગ્રામજનોને સમસ્યાના નિરાકરણમાં સક્રિય રીતે સામેલ કરવા. આ માટે નીચેની બાબતો કરી શકાય :

   - ગ્રામ પંચાયત સાથે સહયોગ : ગ્રામ પંચાયત સાથે મળીને સમસ્યાના ઉકેલ માટે કાર્યયોજના બનાવવી.
   - સ્વસહાય જૂથોનું નિર્માણ : સ્વસહાય જૂથોનું નિર્માણ કરીને લોકોને સંગઠિત કરવા.
   - જાગૃતિ કાર્યક્રમોનું આયોજન : ગ્રામજનોને સમસ્યાઓ વિશે જાગૃત કરવા માટે કાર્યક્રમોનું આયોજન કરવું.
   - શિક્ષણ અને તાલીમ : ગ્રામજનોને કુશળતા વિકસાવવા માટે શિક્ષણ અને તાલીમ આપવી.

૭. **અન્ય મહત્વની બાબતો :** ગ્રામીણ ક્ષેત્રમાં ક્ષેત્રકાર્ય કરતી વખતે ઉપર જણાવેલી બાબતો ઉપરાંત નીચેની બાબતો પણ ધ્યાનમાં રાખવી જરૂરી છે :

   - ધીરજ અને સહનશીલતા : ગ્રામીણ ક્ષેત્રમાં કામ કરતી વખતે ધીરજ અને સહનશીલતા રાખવી ખૂબ જ જરૂરી છે.
   - સંચાર કુશળતા : અસરકારક સંચાર કુશળતા હોવી જરૂરી છે જેથી ગામના લોકો સાથે સરળતાથી વાતચીત કરી શકાય.
   - દસ્તાવેજીકરણ : કામ કરેલા કાર્યોનું યોગ્ય દસ્તાવેજીકરણ કરવું જરૂરી છે.

➢ સમય અને ધૈર્ય : ગ્રામીણ વિકાસ એ ધીમી પ્રક્રિયા છે, તેથી ધીરજ રાખવી અને સતત પ્રયત્ન કરતા રહેવું.

➢ સંકલન : વિવિધ સંસ્થાઓ સાથે સંકલન કરીને કામ કરવું.

➢ મૂલ્યાંકન : સમયાંતરે કાર્યક્રમનું મૂલ્યાંકન કરીને જરૂરી ફેરફારો કરવા.

## 5.7 ગ્રામીણ જીવનશૈલી ટકાવી રાખવામાં સમાજકાર્યકરની ભૂમિકા :

સમાજકાર્યકરો ગ્રામીણ જીવનશૈલીને ટકાવી રાખવા માટે અનેક પ્રકારના પ્રયાસો કરી શકે છે :

1. **જાગૃતિ ફેલાવવી :** સમાજકાર્યકરોએ ગ્રામીણ લોકોમાં ગ્રામીણ જીવનશૈલીના મહત્વ વિશે જાગૃતિ ફેલાવવી જોઈએ. પર્યાવરણ સંરક્ષણ, સ્થાનિક ઉત્પાદનોનો ઉપયોગ અને પરંપરાઓનું જતન કરવા જેવા મુદ્દાઓ પર લોકોને જાગૃત કરવા જોઈએ.

2. **સહકારી મંડળોની સ્થાપના :** સમાજકાર્યકરોએ સ્થાનિક ઉત્પાદનોની બજાર પેઠા વધારવા માટે સહકારી મંડળોની સ્થાપના કરવી જોઈએ.

3. **શિક્ષણ :** ગ્રામીણ વિસ્તારોમાં શિક્ષણનું સ્તર વધારવા માટે સમાજકાર્યકરોએ પ્રયાસો કરવા જોઈએ. શિક્ષિત લોકો ગ્રામીણ જીવનશૈલીના મહત્વને વધુ સારી રીતે સમજી શકે છે.

4. **પરંપરાગત કલા અને કારીગરીનું સંવર્ધન :** સમાજકાર્યકરોએ પરંપરાગત કલા અને કારીગરીને પ્રોત્સાહન આપવું જોઈએ. આ માટે તાલીમ કાર્યક્રમોનું આયોજન કરી શકાય છે.

5. **પર્યાવરણ સંરક્ષણ :** સમાજકાર્યકરોએ વૃક્ષારોપણ, પાણી બચાવવા અને કચરાના નિકાલ જેવા પર્યાવરણ સંરક્ષણના કાર્યક્રમોનું આયોજન કરવું જોઈએ.

6. **સ્વાસ્થ્ય સુવિધાઓ:** ગ્રામીણ વિસ્તારોમાં સ્વાસ્થ્ય સુવિધાઓ વધારવા માટે સમાજકાર્યકરોએ પ્રયાસો કરવા જોઈએ. આરોગ્ય જાગૃતિના કાર્યક્રમોનું આયોજન કરી શકાય છે.

## 5.8 ગ્રામીણ વિકાસના અવરોધો, ઉકેલો અને ભાવિ દિશાઓ :

ગ્રામીણ વિકાસ એ કોઈપણ દેશ માટે મહત્વપૂર્ણ વિષય છે. ગ્રામીણ વિસ્તારોમાં રહેતી વસ્તીની આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક પરિસ્થિતિઓમાં સુધારો કરવા માટે અસંખ્ય પહેલો કરવામાં આવી છે. પરંતુ હજુ પણ ઘણા પાસાઓમાં સુધારાની જરૂર છે.

❖ **ગ્રામીણ વિકાસના અવરોધો :**

(I) કૃષિ ઉત્પાદનમાં ઘટાડો : પરંપરાગત કૃષિ પદ્ધતિઓ, જળાશયોની અછત, માર્કેટિંગ સુવિધાઓનો અભાવ વગેરે કારણોસર કૃષિ ઉત્પાદનમાં ઘટાડો થયો છે.

(II) રોજગારની અછત : કૃષિ ઉપરાંત અન્ય રોજગારની તકોનો અભાવ ગ્રામીણ વિસ્તારોમાં યુવાનોને શહેરો તરફ સ્થળાંતર કરવા મજબૂર કરે છે.

(III) શિક્ષણ અને આરોગ્ય સુવિધાઓનો અભાવ : ગુણવત્તાયુક્ત શાળાઓ અને હોસ્પિટલોની અછતને કારણે ગ્રામીણ લોકો પાસે સારી શિક્ષણ અને આરોગ્ય સુવિધાઓ મેળવવાની તક ઓછી છે.

(IV) બંધારણીય સુવિધાઓનો અભાવ : પીવાનું પાણી, વીજળી, સડકો જેવી મૂળભૂત સુવિધાઓનો અભાવ ગ્રામીણ જીવનધોરણને પ્રભાવિત કરે છે.

(V) મહિલા સશક્તિકરણનો અભાવ : ગ્રામીણ મહિલાઓને શિક્ષણ, આરોગ્ય અને આર્થિક સ્વતંત્રતા મેળવવામાં ઘણી અડચણોનો સામનો કરવો પડે છે.

❖ **ગ્રામીણ વિકાસ માટેના શક્ય ઉકેલો :**

(I) સંકલિત કૃષિ વિકાસ : આધુનિક કૃષિ પદ્ધતિઓ, સિંચાઈ સુવિધાઓ, માર્કેટિંગ સુવિધાઓ અને કૃષિ ઉત્પાદનોના મૂલ્ય વર્ધન પર ભાર મૂકીને કૃષિ ઉત્પાદન વધારવું.

(II) ગ્રામીણ ઉદ્યોગોનું વિકાસ : હસ્તકલા, હાથવણાટ, ખાદ્ય પ્રક્રિયા જેવા ગ્રામીણ ઉદ્યોગોને પ્રોત્સાહન આપીને રોજગારની તકો સર્જવી.

(III) શિક્ષણ અને આરોગ્ય સુવિધાઓમાં સુધારો : ગ્રામીણ વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત શાળાઓ અને હોસ્પિટલોની સ્થાપના કરીને શિક્ષણ અને આરોગ્ય સુવિધાઓ સુધારવી.

(IV) બંધારણીય સુવિધાઓ પૂરી પાડવી : પીવાનું પાણી, વીજળી, સડકો જેવી મૂળભૂત સુવિધાઓ પૂરી પાડીને ગ્રામીણ જીવનધોરણ સુધારવું.

(V) મહિલા સશક્તિકરણ : મહિલાઓને શિક્ષણ, આરોગ્ય અને આર્થિક સ્વતંત્રતા મેળવવા માટે પ્રોત્સાહિત કરવી.

(VI) ટેકનોલોજીનો ઉપયોગ : ટેકનોલોજીનો ઉપયોગ કરીને કૃષિ, શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે નવીન ઉકેલો શોધવા.

(VII) સહકારી સંસ્થાઓનું મજબૂતીકરણ : સહકારી સંસ્થાઓને મજબૂત બનાવીને ખેડૂતોને વધુ સારા ભાવ મળે તેની ખાતરી કરવી.

❖ **ભાવિ દિશાઓ :**

(I) સસ્તન પાણી વ્યવસ્થાપન : પાણીની અછતને દૂર કરવા માટે સસ્તન પાણી વ્યવસ્થાપન પદ્ધતિઓ અપનાવવી.

(II) પર્યાવરણ સંરક્ષણ : પર્યાવરણને નુકસાન પહોંચાડ્યા વિના વિકાસ કરવા પર ભાર મૂકવો.

(III) ગ્રામીણ યુવાનોને રોજગારીની તકો પૂરી પાડવી : ગ્રામીણ યુવાનોને સ્થાનિક સ્તરે રોજગારીની તકો પૂરી પાડવા માટે નવીન ઉદ્યોગો શરૂ કરવા.

(IV) સમાજમાં સમાનતા લાવવી : ગ્રામીણ વિસ્તારોમાં સમાજમાં સમાનતા લાવવા માટે દલિતો, આદિવાસીઓ અને અન્ય વંચિત વર્ગોના વિકાસ પર ખાસ ધ્યાન આપવું.

આમ, ગ્રામીણ વિકાસ માટે ઉપર જણાવેલ ઉકેલો અને ભાવિ દિશાઓને અમલમાં મૂકીને ગ્રામીણ વિસ્તારોમાં રહેતી વસ્તીનું જીવનધોરણ સુધારી શકાય છે. જો કે, આ માટે સરકાર, સમાજ સંગઠનો અને ગ્રામીણ લોકોના સહકારની જરૂર છે.

## 5.9 સારાંશ :

ગ્રામીણ જીવન, ભારતના સાંસ્કૃતિક વારસાનું મુખ્ય અંગ રહ્યું છે. પરંતુ આજના યુગમાં, શહેરીકરણ અને આધુનિકીકરણની અસરોએ ગ્રામીણ જીવનને નોંધપાત્ર રીતે બદલી નાખ્યું છે. એક તરફ, ગ્રામીણ વિસ્તારોમાં સુધારાની ઘણી બાબતો જોવા મળે છે. સરકારી યોજનાઓ અને ખાનગી ક્ષેત્રની પહેલોના પરિણામે, ગ્રામીણ વિસ્તારોમાં પાણી, વીજળી, સડકો અને શિક્ષણ જેવી મૂળભૂત સુવિધાઓમાં સુધારો થયો છે. આ ઉપરાંત, સંચારના સાધનોની વધતી પહોંચને કારણે ગ્રામીણ લોકો હવે વિશ્વ સાથે સીધો સંપર્કમાં છે. પરંતુ, બીજી તરફ, ગ્રામીણ જીવનમાં કેટલીક ગંભીર સમસ્યાઓ પણ છે. ખેતીમાં આધુનિક ટેકનોલોજીનો અભાવ, બેરોજગારી, આરોગ્ય સુવિધાઓનો અભાવ, અને શહેરો તરફ સ્થળાંતર જેવી સમસ્યાઓ ગ્રામીણ વિસ્તારોને હજુ પણ પરેશાન કરે છે. ખેડૂતો દેવાદારીના બોજ હેઠળ દબાયેલા છે અને કુદરતી આફતો તેમના જીવનને વધુ જટિલ બનાવે છે. ગ્રામીણ મહિલાઓની સ્થિતિમાં પણ નોંધપાત્ર સુધારો થયો છે. તેઓ હવે શિક્ષિત થઈ રહી છે અને સમાજમાં સક્રિય ભાગ લઈ રહી છે. પરંતુ, ગરીબી અને અશિક્ષણ જેવી સમસ્યાઓ હજુ પણ તેમને પાછળ રાખે છે. ટૂંકમાં, ગ્રામીણ જીવન એક જટિલ ચિત્ર રજૂ કરે છે. એક તરફ, વિકાસની નવી તકો ઉભી થઈ છે, જ્યારે બીજી તરફ, જૂની સમસ્યાઓ હજુ પણ અકબંધ છે. ગ્રામીણ વિકાસ માટે, સરકાર, ખાનગી ક્ષેત્ર અને સમાજના તમામ વર્ગોએ સંયુક્ત પ્રયાસ કરવાની જરૂર છે.

## 5.10 તમારી પ્રગતિ ચકાસો :

❖ **વિસ્તારપૂર્વક ઉત્તર લખો.**

1. ગ્રામીણ જીવનનો અર્થ આપી, ક્ષેત્રકાર્ય દરમિયાન ગ્રામીણ ક્ષેત્રે જોવા માટેની મુખ્ય ખાસિયતો વિશે માહિતી આપો.

૨. ગ્રામીણ ક્ષેત્રના ક્ષેત્રકાર્ય દરમિયાન ઉભા થતા પડકારોની સમજૂતી દર્શાવો.

૩. ગ્રામીણ જીવનની વર્તમાન સ્થિતિ – ક્ષેત્રકાર્યકરની દ્રષ્ટિએ સમજાવો.

૪. ગ્રામીણ જીવનશૈલી ટકાવી રાખવામાં સમાજકાર્યકરની ભૂમિકા વિશે ચર્ચા કરો.

૫. ગ્રામીણ વિકાસના અવરોધો, ઉકેલો અને ભાવિ દિશાઓનું વર્ણન કરો.

❖ **યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તરો આપો.**

(1) યુએસ સેન્સસ બ્યુરો દ્વારાથી ઓછી વસ્તી ધરાવતા નાના શહેરો અને દેશના વિસ્તારો તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે.

(A) 5,000 (B) 2,500 (C) 4,000

(2) ક્ષેત્રકાર્ય દરમિયાન ગ્રામીણ ક્ષેત્રે જોવા માટેની મુખ્ય ખાસિયતો જણાવો.

(A) આર્થિક પરિસ્થિતિ (B) પાયાની સુવિધાઓ

(C) ઉપર્યુક્ત બંને

(3) ગ્રામીણ ક્ષેત્રકાર્યના ભૌગોલિક પડકારો કયા છે?

(A) દુર્ગમ વિસ્તારો (B) આરોગ્ય સુવિધાઓ:

(C) વીજળી

(4) ગ્રામીણ જીવનમાં આરોગ્ય અને સ્વચ્છતાના મુખ્ય પડકારો કયા છે?

(A) પાણીની અછત (B) કુપોષણ (C) ઉપર્યુક્ત બંને

(5) મહિલા સશક્તિકરણ માટેના સૂચનો દર્શાવો.

(A) રૂઢીવાદ (B) આર્થિક સશક્તિકરણ

(C) પરંપરાગત સત્તા

## 5.11 ચાવીરૂપ શબ્દોની સમજ :

**(1) ગ્રામીણ વિકાસ :** ગ્રામીણ વિસ્તારોમાં આર્થિક, સામાજિક અને રાજકીય પરિવર્તનોની એક સતત પ્રક્રિયા જેનાથી ગ્રામજનોના જીવનધોરણમાં સુધારો થાય છે.

**(2) કૃષિ :** ગ્રામીણ જીવનનો મુખ્ય આધાર, ખેતીવાડી અને પશુપાલન જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.

**(3) સ્થળાંતર :** ગ્રામીણ વિસ્તારોમાંથી શહેરી વિસ્તારો તરફ લોકોનું સ્થળાંતર, જેના કારણે ગ્રામીણ વિસ્તારોમાં મજૂરોની અછત અને વિકાસની ગતિ ધીમી પડે છે.

**(4) શિક્ષણ :** ગ્રામીણ વિસ્તારોમાં શિક્ષણનો પ્રસાર અને ગુણવત્તા એ ગ્રામીણ વિકાસનું એક મહત્વનું પરિમાણ છે.

**(5) સ્વાસ્થ્ય :** ગ્રામીણ વિસ્તારોમાં સ્વાસ્થ્ય સુવિધાઓની ઉપલબ્ધતા અને તેની ગુણવત્તા, જે ગ્રામજનોના સ્વાસ્થ્ય અને સુખાકારી માટે મહત્વપૂર્ણ છે.

**(6) પાણી અને સ્વચ્છતા :** ગ્રામીણ વિસ્તારોમાં પીવાના પાણીની ઉપલબ્ધતા અને સ્વચ્છતાની સ્થિતિ, જે ગ્રામજનોના સ્વાસ્થ્ય માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે.

**(7) સંપર્ક માધ્યમો :** ગ્રામીણ વિસ્તારોમાં સંપર્ક માધ્યમોની ઉપલબ્ધતા, જે ગ્રામજનોને બાહ્ય વિશ્વ સાથે જોડવામાં મદદ કરે છે.

**(8) સામાજિક સુરક્ષા :** ગ્રામીણ વિસ્તારોમાં વૃદ્ધો, બાળકો અને દિવ્યાંગો માટે સમાજિક સુરક્ષા યોજનાઓની ઉપલબ્ધતા.

**(9) સંસાધનોનું સંચાલન :** ગ્રામીણ વિસ્તારોમાં કુદરતી સંસાધનો જેવા કે જમીન, પાણી અને જંગલોનું સંચાલન.

**(10) સામાજિક સુધારણા :** ગ્રામીણ સમાજમાં પ્રવર્તતી કુપ્રથાઓ, અંધશ્રદ્ધા અને અસમાનતા દૂર કરવાના પ્રયાસો.

## 5.12 તમારી પ્રગતિ ચકાસોના જવાબો :

1. (B) 2,500
2. (C) ઉપર્યુક્ત બંને
3. (A) દુર્ગમ વિસ્તારો

4. (C) ઉપર્યુક્ત બંને

5. (B) આર્થિક સશક્તિકરણ

## 5.13 કેટલાક ઉપયોગી પુસ્તકો/સંદર્ભ :

1. Desai, A.I. (1978) 'Rural Sociology in India'; Bombay : Popular Prakashan

2. Desai, Akshaya R. (1953) 'Introduction to Rural Sociology In India'

3. Encyclopedia History (2018) United States and Canada; U.S. History Rural life https://www.encyclopedia.com/history/united-states-and-canada/us-history/rural-life

4. Singh, Ravinder (January 2023). "Rural Soci[a]y and Development in India: Through a Sociological Lens" (PDF). International Journal of Creative and Innovative Research in All Studies. 5 (8).

*****************

# એકમ-6
# ગ્રામીણ ક્ષેત્રકાર્ય અને અહેવાલ લેખન - 1

રૂપરેખા :-


6.1 પ્રસ્તાવના

6.2 ક્ષેત્રકાર્ય એટલે શું ?

6.3 ગ્રામીણ ક્ષેત્રકાર્યના હેતુઓ

6.4 ગ્રામીણ ક્ષેત્રકાર્યના હેતુઓ

6.5 ગ્રામીણ ક્ષેત્રકાર્યના પ્રથમ સત્રની પ્રવૃત્તિઓ

6.6 દૈનિક અહેવાલ લેખનનું માળખું

6.7 વીલેજ પ્રોફાઈલ અને સમય સારણી

6.8 ઉપસંહાર

6.9 તમારી પ્રગતિ ચકાસો

6.10 ચાવીરૂપ શબ્દો

6.11 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

6.12 સ્વાધ્યાય

6.13 સંદર્ભગ્રંથો


## 6.1 પ્રસ્તાવના :

સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્ય એ ખુબ જ પાયાની બાબત છે. ક્ષેત્રકાર્ય વગર સમાજકાર્ય શિક્ષણ અધૂરું છે. જેમ તબીબી વિદ્યાશાખામાં ડોક્ટરની પદવી મેળવનાર વિદ્યાર્થીએ જો માત્ર પુસ્તકો વાંચીને પદવી મેળવી હોય તો તે વ્યક્તિ તબીબી પ્રેક્ટીસ યોગ્ય રીતે કરી શકે નહિ, કારણ કે માત્ર પુસ્તકોના અભ્યાસથી માહિતી અને જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. પરંતુ કૂશળતાઓના વિકાસ માટે તેમજ જે તે વિષયનું પ્રાયોગિક જ્ઞાન અને અનુભવ ખુબ જ મહત્વના બની રહે છે. સમાજકાર્ય શિક્ષણમાં પણ MSW કે BSW ની પદવી મેળવનાર વિદ્યાર્થી જો માત્ર સમાજકાર્યને લગતા થીયરીના પુસ્તકો વાંચીને ફિલ્ડમાં પ્રેક્ટીસ (નોકરી) કરવા જશે તો તે સફળ નહિ થઇ શકે. આ ઉપરાંત અધરું જ્ઞાન અને થીયરીને પ્રેક્ટીસ સાથે સાંકળવાની કુશળતા ના હોવાને કારણે પોતાના સેવાર્થીને યોગ્ય ન્યાય નહિ આપી શકે. ટૂંકમાં સફળતાપૂર્વક પોતાની સમાજકાર્યની પ્રેક્ટીસ નહિ કરી શકે.

સમાજકાર્યના વિવિધ ક્ષેત્રો છે. જેમાં આરોગ્ય, મહિલા અને બાળવિકાસ, સુધારાત્મક સમાજકાર્ય, પર્યાવરણ અને ડીઝાસ્ટર મેનેજમેન્ટ, વગેરે જેવા વિવિધ ક્ષેત્રોમાં સમાજ કાર્યકરો પોતાની સેવા આપતા હોય છે, આ દરેક ક્ષેત્રમાં કામ કરતી વખતે ક્ષેત્રકાર્યની કુશળતાઓ ખુબ જ જરૂરી બની રહે છે.

ભૌગોલિક રીતે વિચાર કરીએ તો મુખ્યત્વે ગ્રામીણ, શહેરી અને આદિવાસી વિસ્તારોમાં સામાજિક કાર્યકરો પોતાની સેવાઓ પ્રદાન કરે છે. આ ત્રણેય વિસ્તારોની સામાજિક, આથિક અને ભૌગોલિક સ્થિતિ વિશિષ્ટ હોય છે. તેથી સ્થાનિક પરિસ્થિતિને સમજીને ક્ષેત્રકાર્ય કઈ રીતે કરવું તેની સૂઝ સમાજ કાર્યકર પાસે હોવી જરૂરી બની રહે છે. આ બધી જ સમજ વિદ્યાર્થીઓમાં પોતાના બી.એસ.ડબ્લ્યુ (BSW) અને એમ.એસ.ડબલ્યુ (MSW)ના પ્રાયોગિક કાર્યના દિવસો દરમ્યાન કરેળ ક્ષેત્રકાર્ય પ્રવૃત્તિ દ્વારા વિકસે છે.

બી.એસ.ડબ્લ્યુ (BSW) અને એમ.એસ.ડબલ્યુ (MSW)ના અભ્યાસક્રમ દરમ્યાન વિદ્યાર્થી વિવિધ થીયરીના પેપરોનો અભ્યાસ કરે છે. આ બધાજ પેપરમાં ભણાવવામાં આવેલ થીયરી ઓછાવત્તા અંશે ફિલ્ડવર્ક પ્રેક્ટીસમાં ઉપયોગી બની રહે છે. એમાય, સમાજકાર્યની વિચારધારા તેમજ સમાજકાર્યની વિવિધ પદ્ધતિઓ પ્રત્યક્ષરીતે ફિલ્ડવર્ક દરમ્યાન ઉપયોગી બની રહે છે.

ગુજરાતમાં મોટાભાગની સમાજકાર્યની કોલેજો સમાજકાર્ય શિક્ષણ દરમ્યાન ગ્રામીણ ક્ષેત્રકાર્યને પ્રાયોગિક પેપર તરીકે ભણાવે છે, ગ્રામીણ ક્ષેત્રકાર્ય વિદ્યાર્થીમાં સમાજકાર્યનું વ્યવસાયિક વલણ વિકસાવવામાં મદદરૂપ બને છે. વિદ્યાર્થી ક્ષેત્રકાર્યના માધ્યમથી સમાજકાર્યના મૂલ્યો, સિદ્ધાંતો, તેમજ વ્યવસાયિક વિચારધારાને આત્મસાત કરવા લાગે છે, જે તેના વાણી અને વર્તનમાં આજીવન જોવા મળે છે. આમ ગ્રામીણ સમાજકાર્ય દ્વારા શીખવા મળેલ વ્યવસાયિક સમાજકાર્યમાં પ્રત્યક્ષ પાઠ તેને વ્યવસાયિક કારકિર્દી ઘરવામાં ઉપયોગી બને છે. અહી અભ્યાસને કેન્દ્રમાં રાખીને આપણે સમાજકાર્યમાં ગ્રામીણ ક્ષેત્રકાર્યને સમજવાનો પ્રયાસ કરીશું.

## 6.2 ક્ષેત્રકાર્ય એટલે શું ?

ક્ષેત્રકાર્ય એક એવી પ્રક્રિયા છે જેના દ્વારા વિદ્યાર્થીના જ્ઞાન, કુશળતા, મૂલ્યો અને વલણોમાં પરિવર્તન આવે છે. ક્ષેત્રકાર્ય દ્વારા સમાજકાર્યનો અભ્યાસ કરનાર વિદ્યાર્થી હોય કે સામાજિક સંસ્થામાં કાર્યરત કર્મચારી તેના અનુભવનું ફલક વિકસે છે. સમસ્યાને જુદી રીતે જોવાનો દ્રષ્ટિકોણ વિકસે છે. સમાજકાર્યના મુલ્યો પ્રમાણે "દરેક સમસ્યાનું કોઈને કોઈ નિવારણ છે, તેને શોધી કાઢવું એ સમાજ કાર્યકરનું કામ છે" — એ પ્રમાણે સમસ્યા નિવારણ માટેનો આત્મવિશ્વાસ વધે છે.

ક્ષેત્રકાર્ય વ્યાવસાયિક પ્રેક્ટિસ અને કૌશલ્યો વિકસાવવા અને વધારવા માટે વિવિધ તકો પ્રદાન કરે છે. ક્ષેત્રકાર્ય દ્વારા અવલોકન, સામાજિક વાસ્તવિકતાઓનું વિશ્લેષણ અને સામાજિક કાર્યમાં હસ્તક્ષેપ કરવાની પ્રક્રિયા તેમજ સહભાગિતા કેળવવામાં મદદરૂપ બની રહે છે.

ફિલ્ડવર્ક, જેને પ્રેક્ટિકમ, ઈન્ટર્નશિપ અથવા ક્લિનિકલ પ્લેસમેન્ટ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે સામાજિક કાર્ય શિક્ષણનો એક આવશ્યક ભાગ છે જે વિદ્યાર્થીઓને વાસ્તવિક દુનિયાની પરિસ્થિતિઓમાં વર્ગખંડના શિક્ષણને લાગુ કરવાની મંજૂરી આપે છે. ફિલ્ડવર્ક દ્વારા, વિદ્યાર્થીઓ સામાજિક કાર્ય કૌશલ્યો વિકસાવી શકે છે અને તેનું પ્રદર્શન કરી શકે છે, સિદ્ધાંતો અને પ્રથાઓને એકીકૃત કરી શકે છે અને વ્યવસાય પ્રત્યે પ્રતિબદ્ધતાની ભાવના મેળવી શકે છે. તેઓ સેવાર્થી સાથે કામ કરી શકે છે, વ્યાવસાયિકો સાથે વાર્તાલાપ કરી શકે છે અને આંતરવ્યક્તિત્વ કુશળતા વિકસાવવાનું શીખી શકે છે.

શાળાઓ, હોસ્પિટલો, જેલો, પુનર્વસવાટ કેન્દ્રો, સામુદાયિક માનસિક આરોગ્ય કેન્દ્રો, પુસ્તકાલયો, તબીબી પ્રેક્ટિસ, કાનૂની સહાય કચેરીઓ, પ્રોબેશન/પેરોલ ઓફિસો, ધર્મશાળાઓ, પાલક સંભાળ સુવિધાઓ, વરિષ્ઠ રહેવાની સુવિધાઓ, બાળ સંભાળ સહિતની વિવિધ સેટિંગ્સમાં ફિલ્ડવર્ક થઈ શકે છે.

ફિલ્ડ પ્રેક્ટિકમનો હેતુ વિદ્યાર્થીઓને સામાજિક કાર્યમાં કૌશલ્યો વિકસાવવા અને દર્શાવવા માટે, વર્ગખંડમાં અને બહાર શીખેલા સિદ્ધાંતો અને પ્રથાઓને એકીકૃત કરવા, સામાજિક પ્રત્યે પ્રતિબદ્ધતાની ભાવના વિકસાવવા માટે વ્યાવસાયિક સેટિંગમાં કામ કરવાની તક પૂરી પાડવાનો છે. ફીલ્ડ પ્રેક્ટિકમ એ સામાજિક કાર્ય સેટિંગમાં અભ્યાસ સાથે વર્ગખંડના અભ્યાસને એકીકૃત કરવા માટે રચાયેલ ક્ષેત્ર શિક્ષણ કાર્યક્રમ છે. કોલેજમાં પ્રાધ્યાપકોના માર્ગદર્શન હેઠળ તેમજ સામાજિક સંસ્થાઓના કુશળ સ્ટાફના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓ ક્ષેત્રકાર્ય કરે છે જે તેમની વ્યવસાયિક કુશળતાઓ વિકસાવવામાં મદદરૂપ બની રહે છે.

## 6.3 ગ્રામીણ ક્ષેત્રકાર્ય એટલે શું ?

ક્ષેત્રકાર્ય ને આપણે જુદી જુદી રીતે વહેંચી શકીએ જેમકે ગ્રામીણ ક્ષેત્રકાર્ય, શહેરી ક્ષેત્રકાર્ય, સંસ્થાકીય ક્ષેત્રકાર્ય, સંશોધન આધારિત ક્ષેત્રકાર્ય વગેરે.. આમ જયારે વિદ્યાર્થી કે અભ્યાસ કરનાર કોઈપણ વ્યક્તિ ક્ષેત્રકાર્ય કઈ જરૂરિયાત પ્રમાણે કરે છે. તે બાબત અગત્યની બની રહે છે.

ગ્રામીણ સમાજના પ્રશ્નોને સમજવાના હોય ત્યારે સામાજિક કાર્યકર્તા ગામડામાં જઈને પોતાની વ્યવસાયિક કુશળતાઓનો ઉપયોગ કરીને ગ્રામીણ સમાજના વિકાસ માટેના અથવા તેમના જીવનના પ્રશ્નોના નિવારણ માટેના પ્રયાસ કરે છે, ત્યારે તે સમગ્ર પ્રક્રિયાને ગ્રામીણ ક્ષેત્રકાર્ય કહી શકાય. ગ્રામીણ ક્ષેત્રકાર્યની વધુ સ્પષ્ટતા ગ્રામીણ સમાજકાર્યના હેતુઓ દ્વારા મેળવી શકાશે,

## 6.4 ગ્રામીણ ક્ષેત્રકાર્યના હેતુઓ :

ભારતમાં સમાજકાર્ય શિક્ષણ અંગેની રીવ્યુ કમિટી (૧૯૭૮) દ્વારા ક્ષેત્રકાર્ય તાલીમ અંગેના ચોક્કસ હેતુઓ જણાવવામાં આવ્યા છે, જે નીચે મુજબ છે.

(1) સમાજકાર્યનું વ્યવસાયિક શિક્ષણ પ્રસ્તુત ક્ષેત્રની હકીકતોનો અભ્યાસ કરવા માટે મેળવેલ જ્ઞાનનો અમલ કરવા માટે. સમસ્યાઓનું પૃથકરણ અને સમસ્યાઓના ઉચિત ઉકેલની પસંદગી માટે વ્યાવસાયિક કુશળતાઓનો વિકાસ કરે છે.

(2) વ્યક્તિ. કુટુંબ, જૂથ અને સમુદાયની સમસ્યાઓના ઉકેલ માટે કાર્ય કરવાની, અને સામાજિક સંસ્થાઓ તેમજ તેની પ્રક્રિયાઓમાં સુક્ષ્મ સ્તરે પરિવર્તન લાવવા માટેની કુશળતાઓની વિકાસ કરવો

(3) વર્ગખંડ શિક્ષણ અને લેખકાર્ય વચ્ચે જોડાણ ઊભું કરવાની તક પૂરી પાડવી.

(4) ચોક્કસ તાલીમના સ્તરે વ્યાવસાયિક પ્રક્ટિસ માટે જરૂરી કુશળતાઓનો વિકાસ કરવો,

(5) કોઈપણ પરિસ્થિતિમાં વ્યવસાયિક નિર્ણયાત્મકતા, નિષ્પક્ષપાત અને વસ્તુલક્ષીતાના વલણોનો વિકાસ કરવો

(6) વ્યવસાયિક મુલ્યો અને પ્રતિબદ્ધતા વિકસિત કરવા, જેવા કે માનવ ગૌરવને આદર આપવો, સહભાગીતાના અધિકારનું મૂલ્ય જાળવવું

(7) સ્વ અને વ્યવસાયિક વિચારધારાના સંદર્ભમાં જાગૃતતા લાવવી

## 6.5 ગ્રામીણ ક્ષેત્રકાર્યના પ્રથમ સત્ર દરમ્યાન કરવાની પ્રવૃત્તિ :

❖ **ક્ષેત્રકાર્ય માટેના ગામની પસંદગી કરવી. :** ક્ષેત્રકાર્ય માટેના ગામની પસંદગી કરવી એ પણ ખુબ જ અગત્યનો મુદ્દો છે કારણ કે હાલ શહેરીકરણની અસરને કારણે ગામડાઓમાં પરિવર્તનની અસરો જોવા મળે છે. તેથી અમદાવાદ, વડોદરા કે સુરત જેવા મહાનગરોના વિદ્યાર્થીઓ માટે શક્ય હોય તો શહેરથી ૨૦-૨૫ કિલોમીટર અંતરે આવેલ ગામની પસંદગી કરવી. વિદ્યાર્થીઓ ગ્રામીણ સમાજની લાક્ષણિકતાઓની સમાજ મેળવી શકે તે માટે શહેરથી દુરના ગામની પસંદગી કરવાની ભલામણ કરવામાં આવે છે. દરેક વિદ્યાર્થીને તેના પોતાના(વતન કે પરિચિત) ગામ સિવાયના ગામમાં મુકવું જોઈએ. આ ઉપરાંત વિદ્યાર્થીઓને તેના ઘર કે કોલેજ થી ક્ષેત્રકાર્યમાં જવામાં સરળતા રહે, વાહન વ્યવહારની વ્યવસ્થા મળી રહે તેવા ગામમાં વિદ્યાર્થીઓને મુકવા જોઈએ. ક્ષેત્રકાર્યના ગામ સાથે સમાજકાર્ય વિભાગ/કોલેજે અગાઉથી સબંધ સ્થાપન કરેલ હોય તે ઇચ્છનીય છે.

❖ **ગ્રામ પંચાયત સાથે પત્ર વ્યવહાર કરવો. :** ક્ષેત્રકાર્ય માટેનું ગામ નક્કી થયા પછી ગામમાં ક્ષેત્રકાર્ય કરવા માટે મંજૂરી મેળવવાના હેતુથી પંચાયતની મુલાકાત કરીને સરપંચશ્રી સાથે મૌખિક ચર્ચા કરીને પોતાના ક્ષેત્રકાર્ય માટેના ઉદ્દેશ્યોની સમજ આપવી. આ મુલાકાત સમયે વિદ્યાર્થીના માર્ગદર્શક સાથે હોવું જરૂરી નથી. કોલેજ કક્ષાના વિદ્યાર્થીઓ પોતે પુખ્ત હોય છે, તેથી તેઓ જાતે જ પંચાયતમાં જઈને પોતાની વાત મુકતા શીખે તેમજ પંચાયત પાસેથી મંજૂરી મેળવે તે જરૂરી અને ઇચ્છનીય બાબત છે. કોલેજ તરફથી આપવામાં આવેલ પત્રને પંચાયતના આવક રજીસ્ટરમાં નોંધ કરીને તેની કોપી મેળવી લેવી જેથી કોલેજના રેકોર્ડમાં ઉપયોગી બની શકે. આમ વહીવટી કુશળતાનો પ્રથમ પાઠ ક્ષેત્રકાર્યના પ્રથમ દિવસથી જ શીખવા મળે છે.

❖ **વિદ્યાર્થીના માર્ગદર્શકની ફાળવણી કરવી. :** સમાજકાર્યના અભ્યાસક્રમ દરમ્યાન વિદ્યાર્થીની કામગીરી મદદરૂપ થવા તેમજ તેને યોગ્ય દિશાસુચન આપવા માટે ક્ષેત્રકાર્ય માર્ગદર્શકની ભૂમિકા મહત્વની બની રહે છે. વિદ્યાર્થીઓએ ક્ષેત્રકાર્ય દરમ્યાન કરેલ કામગીરી માટે સતત પોતાના માર્ગદર્શકના સંપર્કમાં રહેવાનું હોય છે. ગામમાં ગયા પછી વિદ્યાર્થીએ કરેલ કામગીરી, ગામમાં થયેલ અનુભવો, ગામમાં જોવા મળેલ સમસ્યાઓ, વગેરે બાબત વિદ્યાર્થી કાર્યકર્તા અને માર્ગદર્શક વચ્ચે સતત વર્ષ દરયાન ચર્ચાઓ થતી રહે છે, જે વિદ્યાર્થીના વ્યવસાયિક વિકાસ માટે મહત્વપૂર્ણ બની રહે છે. વર્ગખંડમાં શીખવા મળેલ સમાજકાર્યના સૈદ્ધાંતિક જ્ઞાનને વ્યવહારમાં કઈ રીતે ઉપયોગ કરવો તેની સ્પષ્ટતા કરવામાં માર્ગદર્શકની ભૂમિકા મહત્વપૂર્ણ બની રહે છે. ગ્રામીણ સમુદાયમાં વ્યક્તિ, જૂથ કે સમુદાયના પ્રશ્નો સંદર્ભે કામ કરતી વખતે ઘણીવાર આર્થિક સહયોગની જરૂર પડે છે. આ આર્થીક સહયોગ ક્યાંથી અને કઈ રીતે મેળવવો તેની સમજણ કેળવવામાં માર્ગદર્શકની ભૂમિકા અગત્યની બની રહે છે.મોટેભાગે સમાજકાર્યની કોલેજોમાં અઠવાડિયામાં બે કે ત્રણ દિવસ ક્ષેત્ર માટે ફાળવવામાં આવે છે. તેમછતાં અભ્યાસ દરમ્યાન જયારે પણ જરૂર પડે ત્યારે પોતાના માર્ગદર્શકને મળીને વિદ્યાર્થીએ પોતાના માર્ગદર્શકની અનુકૂળતાને ધ્યાનમાં લઈને પોતાના ક્ષેત્રકાર્ય સંદર્ભે સ્પષ્ટતા મેળવી લેવી જોઈએ. આમ ગ્રામીણ ક્ષેત્રકાર્યના દરેક તબક્કે વિદ્યાર્થી કાર્યકર્તાએ પોતાના માર્ગદર્શક સાથે સંપર્કમાં રહીને કાર્ય કરવું જોઈએ.

સમાજકાર્યની કેટલીક કોલેજો / વિભાગોમાં ક્ષેત્રકાર્ય અધિકારી (કૈૹંર્દ કકૈષ્ઠી)ની જગ્યા માટેની જોગવાઈ કરવામાં આવેલ હોય છે. ફિલ્ડ ઓફિસરનું મુખ્ય કાર્ય વિદ્યાર્થીઓના ક્ષેત્રકાર્ય માટે દેખરેખ રાખવાનું તેમજ સમગ્ર અભ્યાસક્રમ દરમ્યાન વિદ્યાર્થીના ક્ષેત્રકાર્ય સબંધિત કાર્યમાં વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પડવાનું હોય છે. ઘણીવાર કામની વ્યસ્તતાને કારણે માર્ગદર્શક તરીકે રહેલ અધ્યાપક વિદ્યાર્થીઓના ક્ષેત્રકાર્યના ગામની નિયમિત મુલાકાત લઇ શકતા નથી તેવા સંજોગોમાં ફિલ્ડ ઓફિસર ક્ષેત્રકાર્યની નિયમિતતા જાળવવામાં ખુબ મહત્વની ભૂમિકા ભજવે છે. જે સમાજકાર્યની કોલેજો/યુનિવર્સિટીના વિભાગોમાં ફિલ્ડ ઓફિસરની જગ્યા રાખવામાં આવે છે ત્યાં અધ્યાપકો માત્ર સમાજકાર્યનું શિક્ષણકાર્ય કરે તેમજ ફિલ્ડ ઓફિસર ક્ષેત્રકાર્યનું બધું જ કામ સંભાળે છે, ત્યાં થીયરી અને પ્રેક્ટીસ વચ્ચે મોટો ગેપ રહી જવાની સંભાવના રહે છે. તેથી શક્ય હોય ત્યાં સુધી વર્ગખંડમાં અધ્યાપન કરાવતા અધ્યાપક જ ક્ષેત્રકાર્ય માર્ગદર્શક હોય તે ઇચ્છનીય બાબત છે.

❖ **વિદ્યાર્થીઓએ ગામની અભિમુખતા  મુલાકાત કરવી** : પ્રથમ સત્રમાં જયારે ગ્રામીણ ક્ષેત્રકાર્યની શરૂઆત થાય છે ત્યારે ક્ષેત્રકાર્યનું પહેલો દિવસ નવા વિદ્યાર્થીઓ માટે ખુબ જ મહત્વનો બની રહે છે. કારણ કે નાનપણ થી શહેરી વિસ્તારમાં રહેતા વિદ્યાર્થીઓ માટે ગામડામાં જવું અને તેનો અભ્યાસ કરવો એ એક નવો અનુભવ બની રહે છે. આ ઉપરાંત ગ્રામીણ પરિવેશ માંથી આવતા વિદ્યાર્થી માટે પણ ક્ષેત્રકાર્યનું ગામ તેનું પરિચિત ગામ નથી, એટલે વિદ્યાર્થીઓ ક્ષેત્રકાર્યના પ્રથમ દિવસે કોને મળવું ? શું  વાત કરવી ? અપરિચિત વ્યક્તિઓ સાથે કઈ રીતે સબંધ સ્થાપન કરવો ? વગેરે બાબતે મૂંઝવણ અનુભવે છે. આ મુશ્કેલીને દુર કરવા માટે સમાજકાર્યની શિક્ષણ આપતી સંસ્થાઓ વિદ્યાર્થીઓ માટે અભિમુખતા મુલાકાત ગોઠવે છે.

અભિમુખતા મુલાકાત દરમ્યાન પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ સાથે બીજા વર્ષના સીનીયર વિદ્યાર્થીઓ જોડાય છે. ઉદાહરણ તરીકે રામપુર ગામમાં ગયા સત્ર/વર્ષમાં  જે વિદ્યાર્થીઓએ ક્ષેત્રકાર્ય કર્યું છે, તે જ વિદ્યાર્થીઓ આ વર્ષે રામપુર ગામના નવા વિદ્યાર્થીઓ સાથે ગામ અભિમુખતા મુલાકાત માટે જોડાશે. આમ એક સત્ર/ વર્ષ સુધી કામગીરી કરનાર વિદ્યાર્થીઓ ગામથી પરિચિત છે. તે ગામની જાહેર સંસ્થાઓ તેમજ તેના વડાઓ સાથે સંપર્ક ધરાવે છે. આ ઉપરાંત ગામની સામાજિક આર્થિક રાજકીય તેમજ સાંસ્કૃતિક સ્થિતિ કેવી છે તેનો પાયાનો ક્યાલ નવા આવનાર વિદ્યાર્થીઓને તેના સીનીયર વિદ્યાર્થી મિત્રો પાસેથી મળી  રહે છે.

❖ **લોક સંપર્ક અને ઉદેશ્યપૂર્ણ સબંધ સ્થાપન :** લોક સંપર્ક એટલે સ્થાનિક લોકો સાથે સંપર્ક કેળવવો એવો સંકુચિત અર્થ ન કરવો જોઈએ. વિદ્યાર્થી કાર્યકર્તા જ્યાં સુધી જે તે ગામમાં ક્ષેત્રકાર્ય કરે છે ત્યાં સુધી લોક સંપર્ક સતત ચાલતી પ્રક્રિયા છે. કારણ કે કોઈ એક દિવસની મુલાકાતથી ગામના લોકો વિદ્યાર્થી કાર્યકર્તાને ઓળખતા થઇ જશે તે શક્ય નથી. પ્રથમ ચાર-પાંચ મુલાકાત પછી લોકો વિદ્યાર્થી કાર્યકરના નામ તેનો ગામમાં આવવાનો હેતુ વગેરે બાબતે સ્પષ્ટ થશે પણ વિદ્યાર્થી કાર્યકર્તાને તેના કાર્યમાં મદદરૂપ બનશે કે નહિ

તેની કોઈ ખાતરી મળતી નથી. તેથી વિદ્યાર્થી કાર્યકર્તા જયારે પણ ક્ષેત્રકાર્ય માટે ગામમાં જાય છે ત્યારે તેણે સ્થાનિક આગેવાનો, જાહેર સંસ્થાઓના વડાઓ, અગેરે સાથે સતત સંપર્કમાં રહેવું જોઈએ. આ ઉપરાંત ગામના વિવિધ ફળિયામાં જઈને જયશ્રી કૃષ્ણ, રામ-રામ, કે જય માતાજી જેવા સંબોધનો દ્વારા સાથે સ્મિત આપીને લોકોની અભિવાદન કરવું જોઈએ. સ્થાનિક સમુદાયના સામાજિક માળખાને સમજીને જો મુસ્લિમ સમુદાય હોય તો સલામ-આલેકુમ કહેવું જોઈએ અથવા કોઈ ચોક્કસ સંપ્રદાયના લોકો વસવાટ કરતા હોય તો તેમની લાગણીને અનુરૂપ સંબોધન કરવું જોઈએ જેમકે સ્વામિનારાયણ સંપ્રદાયમાં આસ્થા ધરાવતા લોકો વસવાટ કરતા હોય ત્યાં "જય સ્વામિનારાયણ" કહીને સંબોધન કરવું જોઈએ.

બીજો મહત્વનો મુદ્દો છે ઉદેશ્યપૂર્ણ સબંધ સ્થાપન. વિદ્યાર્થી કાર્યકર્તા પોતે વિદ્યાર્થી છે અને પોતાના અભ્યાસના સંદર્ભમાં તે ગામમાં ક્ષેત્રકાર્યની પ્રેક્ટીસ માટે આવે છે. અહી વિદ્યાર્થી કાર્યકર્તાને પોતાનો ઉદેશ્ય સ્પષ્ટ હોવો જોઈએ. વિદ્યાર્થી કાર્યકર્તાના ઉદેશ્ય બાબતે લોકોમાં સ્પષ્ટતા ના હોય તો ગામના લોકોમાં ગેરસમજ ઉભી થવાની શક્યતા રહે છે, જેના કારણે ક્ષેત્રકાર્ય કરવામાં મુશ્કેલી ઉભી થઇ શકે છે. તેથી સામાજિક કાર્યકર્તાએ પોતાના ઉદેશ્ય બાબત ગામ લોકોને વાકેફ કરવા ખુબ જરૂરી બની રહે છે.

આ ઉપરાંત ઘણીવાર ક્ષેત્રકાર્ય દરમ્યાન ગામ લોકો સાથે ઘનિષ્ટ સબંધ ઉભા થવાને કારણે વિદ્યાર્થી કાર્યકર્તા પોતાના ઉદેશ્ય ભૂલીને ગામલોકોના અંગત જીવનમાં રસ લેતા થાય, એવું ના બને તેની કાળજી વિદ્યાર્થી કાર્યકર્તાએ લેવાની રહે છે. આમ વિદ્યાર્થીકાળ દરમ્યાન ગામમાં તેમજ અભ્યાસપૂર્ણ કર્યા પછી વ્યવસાયિક જીવનમાં પણ ઉદેશ્યપૂર્ણ સબંધ જાળવવાની કુશળતા વિદ્યાર્થીએ ક્ષેત્રકાર્યના પ્રથમ વર્ષમાં જ કેળવી લેવાની રહે છે.

❖ **ગામની જાહેર સંસ્થાઓ ઓળખ કરવી. :** સમાજકાર્ય અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં ક્ષેત્રકાર્ય દરમ્યાન ગામની જાહેર સંસ્થાઓની ઓળખ કરવી,એ એક મહત્વની કામગીરી બની રહે છે. આવી જાહેર સંસ્થાઓ પંચાયત, આંગણવાડી, શાળા, આરોગ્ય કેન્દ્ર, દૂધ મંડળી બેંક. પોસ્ટ ઓફીસ વગેરેનો સમાવેશ કરી શકાય. વિદ્યાર્થી કાર્યકર્તાએ ક્ષેત્રકાર્ય દરમિયાન આ જાહેર સંસ્થાઓના વડાઓ/ મુખ્ય આધિકારીઓ તેમજ તેના વહીવટી સ્ટાફ સાથે સબંધ સ્થાપન કરવો જોઈએ.

અહી સબંધ સ્થાપન કરવાનો મુખ્ય હેતુ એ છે કે, ભવિષ્યમાં જયારે વિદ્યાર્થી કાર્યકર્તા ગામમાં કોઈ કાર્યક્રમ કરશે અથવા વ્યક્તિ , જૂથ કે સમુદાયના વિકાસ અને પુનઃસ્થાપનના કાર્યો હાથ ધરશે ત્યારે ગામની આ જાહેર સંસ્થાઓ પાસેથી સામાજિક કાર્યકર્તાને ઘણી મદદ મળી રહેશે.

આમ પોતાના ક્ષેત્રકાર્યની સફળતા માટે આવી જાહેર સંસ્થાઓ ખુબ જ અગત્યની હોવાથી વિદ્યાર્થી કાર્યકર્તાએ માત્ર શરૂઆતના દિવસોમાં જ નહિ પરંતુ વારંવાર સમયાંતરે આ જાહેર સંસ્થાઓની મુલકાત કરવી તેમજ તેમની સાથે ઉદેશ્યપૂર્ણ સબંધનો સેતુ ઉભો કરવી જરૂરી બાબત બની રહે છે.

❖ **ગામના સ્થાનિક સંસાધનોની ઓળખ કરવી. :** સામાજિક કાર્યકર્તા જયારે વ્યવસાયિક પ્રેક્ટીસ કરે છે, ત્યારે તેને આર્થિક અનુદાન અને સાધન સહાયની જરૂર પડતી હોય છે. આવી વિવિધ પ્રકારની મદદ કઈ રીતે મેળવવી તેની સમજ વિદ્યાર્થીઓમાં કેળવાય તે હેતુથી સમાજકાર્યના પ્રથમ સત્ર દરમ્યાન ગ્રામીણ ક્ષેત્રકાર્ય કરતી વખતે વિદ્યાર્થી કાર્યકર્તા સ્થાનિક સમુદાય માંથી સંશાધનો મેળવવાની કુશળતા કેળવવાના હેતુથી સ્થાનિક સંસાધનોની ઓળખ કરે છે

સંસાધનો એટલે કે પોતાના કાર્યને સફળ બનાવવામાં ઉપયોગી બની રહે એવી દરેક બાબત ને સંસાધન કહી શકાય જેમકે નાણા, સાધનસામગ્રી વગેરે. શાળામાં રહેલ ટેબલ ખુરશી સામાજિક કાર્યકર્તા માટે સંસાધન (રિસોર્સ) છે. કારણકે ગામમાં કોઈ કાર્યક્રમ ગોઠવતી વખતે ટેબલ ખુરશીઓ મંડપ સર્વિસ વાળા પાસેથી મંગાવીએ તો તેનું ઘણું ભાડું થઇ શકે છે પરંતુ જો કાર્યક્રમના સમય પૂરતા આપણે શાળા માંથી ખુરશી ટેબલ મંગાવી લઈએ અને કાર્યક્રમ પૂર્ણ થતા પરત આપી દઈએ તો આપણો કાર્યક્રમ પણ પૂર્ણ થઇ જાય અને ટેબલ ખુરશી માટે ભાડું પણ ના ચુકવવું પડે. અહી કહેવાનો અર્થ એ છે કે કોઈપણ કાર્યક્રમ માટેના વધુમાં વધુ પૈસા સમુદાયની સેવા માટે વપરાવવા જોઈએ. સામાન્ય વ્યવસ્થાઓ માટે લોકોના પૈસા નાં વાપરવા જોઈએ. તેમછતાં દરેક કાર્યક્રમ માટે કેટલીક વ્યવસ્થાઓ ફરજિયાત સ્વરૂપે જરૂરી હોય છે, જે આપણે સંસાધન સ્વરૂપે મેળવી શકીએ. જ્યાં કામ કરવા માટે માણસોની જરૂર હોય ત્યાં શાળાના વિદ્યાર્થીઓ કે દ્રજીજી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા કોલેજના યુવાનોની મદદ લઇ શકાય. આમ અહી વ્યક્તિનો શ્રમ પણ આપણા માટે સંસાધન ગણી શકાય. આમ આપણા ફિલ્ડવર્કને સફળ બનવવામાં ઉપયોગી દરેક વ્યક્તિ સાધનો કે પૈસા આપણા માટે સંસાધન છે. સામાજિક કાર્યકર્તા એ પ્રથમ સત્રમાં વિવિધ જાહેર સંસ્થાઓની મુલાકાત દરમ્યાન આવા સંસાધનો ક્યાંથી મળી શકે? તેના માટે કોને મળવું પડે ? તેના માટે શું પ્રક્રિયા અનુસરવી પડે વગરે બાબતે સમજૂતી કેળવી લેવી જોઈએ.

❖ **ગામમાં કાર્યરત સ્થાનિક જૂથોની કાર્યપ્રવૃત્તિની સમજ મેળવવી. :** દરેક ગામમાં સ્થાનિક સ્તરે કેટલાક જૂથો કાર્યરત હોય છે. આવા જૂથોના હેતુઓ જુદા જુદા હોય છે. જેમકે સ્વ સહાય જૂથો બચત અને આર્થિક સશક્તિકરણનો ઉદેશ્ય ધરાવે છે. કેટલાક બહેનો પોતાના ભજન મંડળ બનાવે છે અને ધાર્મિક કાર્યક્રમો કરતા હોય છે. યુવાનો પોતાના ફ્રેન્ડસ ક્લબ બનાવતા હોય છે. તહેવારો સમયે નવરાત્રી અને ગણેશોત્સવની ઉજવણી માટે યુવક મંડળો કાર્યરત થતા હોય છે.

આવા મંડળોમાં જોડયેલા સભ્યો કોણ છે ? આ મંડળો કોના દ્વારા સ્થાપવામાં આવ્યા છે? તેના ઉદેશ્ય શું છે ? શું તમારા ક્ષેત્રકાર્યમાં આ મંડળના સભ્યો કોઈપણ રીતે યોગદાન આપી શકે ? — એ બાબતની સમજૂતી મેળવવા માટે આપણે ગામમાં ચાલતા વિવિધ મંડળોની મુલાકાત લેવી જોઈએ અને અને તેની સાથે સબંધ સ્થાપનના પ્રયાસો કરવા જોઈએ.

❖ **ગામના સામાજિક આર્થિક રાજકીય તેમજ સંસ્કૃતિક પરિવેશને સમજવું. :** કોઈપણ ગામમાં ક્ષેત્રકાર્ય કરતી વખતે એ ગામમાં કયા કયા સમુદાયના લોકો વસવાટ કરે છે

તેની પૂરતી સમાજ વિદ્યાર્થી કાર્યકર્તાને હોવી જોઈએ. જેમકે ગામમાં હિંદુ, મુસ્લિમ, ખ્રિસ્તી કે પારસી સમુદાય માંથી કયા ક્યાં ધર્મના અનુયાયીઓ વસવાટ કરે છે? માત્ર હિંદુ ધર્મના લોકો વસવાટ કરતા હોય તો તેમાં કઈ કઈ જ્ઞાતિના લોકો વસવાટ કરે છે. તેમની વચ્ચે જ્ઞાતિના ઉચ્ચ-નીચના બંધનો છે? શું તેમાં કોઈ એવા કુટુંબો છે, જેઓ પરિવર્તન કરીને બીજા ધર્મનું અનુસરણ કરવા લાગ્યા હોય? આ ઉપરાંત ગામના દરેક કુટુંબોની સામાજિક રીત રીવાજો, તહેવારોની ઉજવણી, વિવિધ શ્રદ્ધા –અંધશ્રદ્ધા, આવકના સાધનો, ગામના ગરીબી, બેરોજગારી, નિરક્ષરતા જેવા વિવિધ મુદ્દાઓ વિષે સામાજિક કાર્યકર્તાએ ક્ષેત્રકાર્ય દરમ્યાન માહિતી મેળવવી જોઈએ.

વિદ્યાર્થી કાર્યકર્તા જયારે સમુદાયની સામાજિક, આર્થિક, સંસ્કૃતિક ધાર્મિક શૈક્ષણિક જેવી વિવિધ બાબતો વિષે પરિચિત હેશે તો તેને સબંધ સ્થાપનમાં સરળતા રહેશે. તેઓ લોકો સાથે ઝડપથી જોડાઈ શકશે.

❖ **વીલેજ પ્રોફાઈલ બનાવવી. :** પ્રથમ સત્ર દરમ્યાન ગામ વિશેની પુરતી માહિતી મેળવ્યા બાદ સામાજિક કાર્યકર્તા ગામની સામાજિક- આર્થિક તેમજ અન્ય જરૂરી વિગતો અંગેની નોંધ તૈયાર કરે છે. જેને વીલેજ(ગામની) પ્રોફાઈલ કહેવામાં આવે છે. ગામની પ્રોફાઈલ બનાવવાના કારણે ગામની વિવિધ પરિસ્થિતિને સારી રીતે સમજી શકાય છે. આમ ગામ વિશેના ખ્યાલોની સ્પષ્ટતા થયા પછી સામાજિક કાર્યકર્તા વધુ સારી રીતે કામ કરી શકે છે. આમ વીલેજ પ્રોફાઈલ એ ગામને સમજવા માટેની બ્લુપ્રિન્ટ છે. વીલેજ પ્રોફાઈલમાં ગામની વસ્તી, સ્ત્રી-પુરુષ પ્રમાણ,સાક્ષરતા, જન્મદર, મૃત્યુદર, ગામનો ઈતિહાસ, જાહેર સેવાઓની સ્થિતિ, રોજગારની સ્થિતિ, સરકારશ્રીની યોજનાઓનું અમલીકરણ જેવી વિવિધ બાબતોનો સમાવેશ થાય છે.

## 6.6 દૈનિક અહેવાલ લેખનનું માળખું :

દૈનિક અહેવાલનું માળખું

અહેવાલ નંબર............

તારીખ :..................

વાર :....................

સમય :..................

હેતુ :.............................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

| |
|---|
| કાર્ય પ્રક્રિયા |
| ........................................................................ |
| ........................................................................ |
| ........................................................................ |
| ........................................................................ |
| ........................................................................ |
| ........................................................................ |
| ........................................................................ |
| સ્વ મૂલ્યાંકન : |
| ........................................................................ |
| ........................................................................ |
| ........................................................................ |
| ........................................................................ |
| ભાવિ આયોજન |
| ........................................................................ |
| ........................................................................ |
| ........................................................................ |

❖ **દૈનિક અહેવાલ લેખનની સમજૂતી :**

સમાજકાર્યની કોલેજોમાં અઠવાડિયાના બે અથવા ત્રણ દિવસ ક્ષેત્રકાર્ય માટે ફાળવવામાં આવે છે. UGCના નિયમ મુજબ અઠવાડિયાના 15 કલાક ક્ષેત્રકાર્ય વિદ્યાર્થીઓએ કરવાનું થાય છે. જેને આપણે બે અથવા ત્રણ દિવસમાં વિભાજિત કરી શકીએ. વિદ્યાર્થી ક્ષેત્રકાર્યના ગામમાં જઈને જે કઈ પ્રવૃત્તિ કરે છે તેઈ અહેવાલ (report) તેણે તેના માર્ગદર્શકને લેખિત સ્વરૂપે આપવાનો હોય છે. આ અહેવાલ બિડાણ-1 મુજબ અહેવાલ લેખનના માળખામાં આપવાનો હોય છે. અહેવાલ લેખનના માળખામાં આપવામાં આવેલ વિવિધ મુદ્દાઓની અહી આપણે અહી વિગતવાર સમજૂતી મેળવીએ.

❖ **અહેવાલ નંબર :** અહેવાલ નંબર એ અહેવાલ માટે આપવામાં આવેલ ક્રમ છે. સામાજિક કાર્યકર્તા પ્રથમ વખત ક્ષેત્રકાર્ય માટે ફાળવવામાં આવેલ ગામમાં જાય છે ત્યારે તે પ્રથમ અહેવાલ લખે છે. જેને અહેવાલ નંબર -1 આપી શકાય. આમ વિદ્યાર્થી કાર્યકર્તા જેમ જેમ ક્ષેત્રકાર્યના ફાળવેલા દિવસો દરમ્યાન ગામની મુલાકાત લે છે તેમ ક્રમ બદ્ધ રીતે

અહેવાલ નંબર 1...2...3...4..આપવો જોઈએ. ક્ષેત્રકાર્યના ફાળવેલા દિવસો દરમ્યાન જો વિદ્યાર્થી ક્ષેત્રકાર્ય માટે જઈ શકતો નથી તો તેણે જે તે દિવસનો રજા રીપોર્ટ અહેવાલ નંબરના ક્રમને વિક્ષેપ પડ્યા વગર વચ્ચે મૂકી દેવો, જેથી માર્ગદર્શક જયારે અહેવાલની ચકાસણી કરે ત્યારે તેઓ વિદ્યાર્થીની રજા અંગેની વિગત સાથે સાથે મેળવી લે. રજા રીપોર્ટ અંગેનાં માળખા માટે જુઓ બિડાણ-2.

❖ **તારીખ અને વાર :** દરેક અહેવાલ બિડાણ-1 માં જણાવેલ માળખા પ્રમાણે લખવાનો હોય છે. વિદ્યાર્થી જે દિવસે ગામમાં ક્ષેત્રકાર્ય માટે જાય છે. તે દિવસની તારીખ અને વાર અહી લખવાના હોય છે.

❖ **સમય :** વિદ્યાર્થી કાર્યકર્તા ક્ષેત્રકાર્યના ગામમાં પહોચે તેમજ ગામમાંથી પોતાની કામગીરી કે પૂર્ણ કરીને ગામની બહાર નીકળે ત્યાં સુધીનો સમય અહી લખવાનો હોય છે. ઉદાહરણ તરીકે મહેશ ઘરેથી સવારે 10 કલાકે નીકળે છે. તે બસ સ્ટેશન પર 15 મિનીટ બસની રાહ જુવે છે. બસ આવ્યા પછી 30 મિનીટ બસમાં મુસાફરી કરે છે. બસ માંથી ઉતરીને ક્ષેત્રકાર્ય માટેના ગામમાં જતા પહેલા પોતના અન્ય સાથી મિત્રોની 10 મિનીટ રાહ જુવે છે. મિત્રો આવ્યા પછી તે ગામમાં પંચાયતની મુલાકાત માટે જાય છે – આમ અહી બસમાં મુસાફરી તેમજ મિત્રોની રાહ જોવા માટે વિતાવેલ સમય એ ક્ષેત્રકાર્ય નથી, તેથી મહેશના ગામમાં પ્રવેશતા પહેલાના 55 મીનીટનો સમય ક્ષેત્રકાર્ય માટે ગણતરીમાં લેવામાં આવશે નહિ.

ગામમાં પ્રવેશ કર્યા પછી ગામમાં કામગીરી માટે પ્રસાર કરેલ સમય એજ ક્ષેત્રકાર્યનો સમય ગણવામાં આવશે.

❖ **સ્થળ :** ગ્રામીણ ક્ષેત્રકાર્ય માટે વિદ્યાર્થીને કોઈ ચોક્કસ ગામ ફાળવવામાં આવેલ હોય છે. તેથી તેના ક્ષેત્રકાર્યનું મુખ્ય "સ્થળ" જે તે ગામ છે. પરંતુ ગામમાં કામગીરીના સંદર્ભમાં વિદ્યાર્થી જુદી જુદી જગ્યાએ જાય છે. જેમકે કોઈ દિવસ શાળાની મુલાકાત લે છે, કોઈ દિવસ આંગણવાડી કે પંચાયતની મુલાકાત કરે છે. આમ અહી શાળા, આંગણવાડી કે પંચાયત ઘરને વિદ્યાર્થી ક્ષેત્રકાર્યના સ્થળ તરીકે દર્શાવી શકાય

આ ઉપરાંત ક્યારેક ક્ષેત્રકાર્યના કામથી ગામની બહાર કોઈ સંસ્થાની મુલાકાત લેવાની થાય તો ત્યારે જે તે સંસ્થા "સ્થળ" તરીકે ગણવામાં આવશે જેમકે ગામમાં કોઈ વિધવા બહેનનું કેસવર્ક હાથમાં લીધા પછી વિધવા બહેનને આર્થિક સહાય મળી રહે તે માટે સરકારી કચેરીની મુલાકાત લેવાની થાય, આમ અહી જે તે સરકારી કચેરી ને સ્થળ તરીકે ગણવામાં આવશે

❖ **હેતુ :** ક્ષેત્રકાર્યના દરેક દિવસે વિદ્યાર્થી કાર્યકર્તાએ તે શા માટે ક્ષેત્રકાર્ય માટે જઈ રહ્યો છે ? આજે ગામમાં જઈને શું કામગીરી કરવાની છે ? કોને મળવાનું છે ? કઈ કઈ પ્રવૃત્તિ હાથ ધરવાની છે ? તેની સ્પષ્ટતા માટે ક્ષેત્રકાર્ય માટે જતા પહેલા પોતના ક્ષેત્રકાર્યમા જવાનો હેતુ નક્કી કરી લેવાનો હોય છે.

કેટલીક વાર એવું બને છે કે જે હેતુ નક્કી કરીને ક્ષેત્રકાર્ય માટે ગયા હોઈએ, એ હેતુ પૂર્ણ ના થઇ શકે. ઉદાહરણ તરીકે ''ગામમાં તલાટી સાહેબને મળવું તેમજ ગામમાં કાર્યરત સરકારી યોજનો વિષે માહિતી મેળવવી'' - આ પ્રમાણે હેતુ નક્કી કર્યો હોય પણ ગામમાં પહોચ્યા પછી ખ્યાલ આવે છે કે તલાટી સાહેબ અગત્યના કામથી બહાર ગયા હોવાથી આજે પંચાયત ઓફિસે મળી શકશે નહિ. - આવા સંજોગોમાં વિદ્યાર્થી કાર્યકર્તાએ તાત્કાલિક એ દિવસ માટેની કામગીરી ગોઠવી લેવી જોઈએ જેમકે તલાટી સાહેબની મુલાકાત થઇ શકે એમ નથી ત્યારે શાળાના આચાર્યશ્રીને મળીને બાળકો સાથે કોઈ વકૃત્વ સ્પર્ધાનું આયોજન થઇ શકે ? તેની ચર્ચા કરી શકાય.

આમ જયારે વિદ્યાર્થી કાર્યકર્તાને લાગે કે પોતે નક્કી કરેલ હેતુ પૂર્ણ થાય એમ નથી ત્યારે તાત્કાલિક કોઈ નવી પ્રવૃત્તિ ગોઠવી લેવી જોઈએ. પરંતુ ક્યારેય કામગીરી કર્યા વગર ક્ષેત્રકાર્ય માંથી પાછા ન આવવું કે રજા ન પાડવી જોઈએ.

❖ **કાર્યપ્રક્રિયા :** કાર્યપ્રક્રિયાના મુદ્દા માં વિદ્યાર્થી કાર્યકર્તા ગામમાં પ્રવેશે તેમજ ગામમાં ક્ષેત્રકાર્ય પૂર્ણ કરીને પરત નીકળે તે સમય દરમ્યાન તેણે જે કોઈ પ્રવૃત્તિ કરી છે તેની વિગતવાર નોંધ આ મુદ્દામાં લખવાની હોય છે. જેમકે ગામમાં ગયા પછી તલાટી સાહેબની મુલાકાત કરી હોય, પંચાયતના અન્ય સભ્યો સાથે ચર્ચા થઇ હોય, ત્યારબાદ આંગણવાડીની મુલાકાત લીધી હોય, ગામના કોઈ સ્થાનિક વ્યક્તિના ઘરે જઈને બેઠક - ચર્ચા કરી હોય, અને છેલ્લે PHC સેન્ટરના આરોગ્ય કાર્યકર સાથે ગામમાં આરોગ્ય બાબતે શું કામગીરી કરી શકાય તેની ચર્ચા થયા પછી વિદ્યાર્થી કાર્યકર્તા ગામમાંથી પોતાના ઘરે કે હોસ્ટેલ પર પરત આવવા માટે ગામમાંથી વિદાય લે છે. - આમ આ સમગ્ર કામગીરી વ્યવસ્થિત રીતે પોતાના દૈનિક અહેવાલના ''કાર્યપ્રક્રિયા''ના મુદ્દામાં લખવી જોઈએ.

ક્ષેત્રકાર્ય માટેના ગામમાં પહોચ્યા પછી તેમ મિત્રો સાથે ક્યાંક રોકાઈને ચા-પાણી પીધા, મિત્રોએ ગામમાં પહોચ્યા પછી પોતાના બસના મુસાફરી દરમ્યાન થયેલ અનુભવની વાતો કરી હોય. તમે મોટર સાયકલ લઈને ક્ષેત્રકાર્ય માટે જતા હોવ અને તમારું ક્યારેક બાઈક પંચર પડ્યું હોય – આવી અંગત બાબતોની ચર્ચા અહેવાલમાં કરવી નહિ.

❖ **સ્વ મૂલ્યાંકન :** સ્વ મૂલ્યાંકન એટલે કે વિદ્યાર્થી કાર્યકર્તાએ ક્ષેત્રકાર્ય દરમ્યાન જે અનુભવ કર્યા તેમાં તેને શું સારું લાગ્યું ? શું યોગ્ય લાગ્યું ? ગામની તેમજ ગામના લોકો સ્થિતિ વિષે તેના મનમાં શું ધારણા બંધાઈ ? સરકારી યોજનાના અમલીકરણ વિષે જે માહિતી મળી છે તેના આધારે સરકારી યોજના વિષે વિદ્યાર્થી કાર્યકર્તા પોતે શું વિચારે છે ? - આમ ગામમાં થયેલ વિવિધ અનુભવોની મુલવણી વિદ્યાર્થી કઈ રીતે કરે છે. તેની વિગત સ્વ મૂલ્યાંકનમાં લખવાની હોય છે.

સ્વ મૂલ્યાંકન એ દૈનિક અહેવાલ લેખનમાં ખુબ અગત્યનો મુદ્દો છે. ક્ષેત્રકાર્ય માટે એકસાથે ગામમાં જતા પાંચ મિત્રોની ''કાર્યપ્રક્રિયા'' સમાન હોઈ શકે કારણ કે તેઓ ગામમાં બધીજ મુલાકાતો સમયે સાથે રહ્યા છે. તેમછતાં દરેક વિદ્યાર્થી કાર્યકર્તાનું

સ્વ મૂલ્યાંકન વિશિષ્ટ અને જુદું હોઈ શકે. કારણ કે દરેક વિદ્યાર્થી ઘટનાને જુદી રીતે જુવે છે, જુદી રીતે મૂલવે છે.

વિદ્યાર્થી એ પોતે સમાજકાર્યની કઈ પદ્ધતિ પ્રમાણે કામ કર્યું ? શું તેને કામ કરવામાં સમાજકાર્યના મૂલ્યો, સિદ્ધાંતો, તેમજ અન્ય સૈધાંતિક બાબતો ઉપયોગી બની શકી છે. તેની ચર્ચા સ્વ મૂલ્યાંકનમાં કરવી જોઈએ.

સ્વ મૂલ્યાંકનનો મુખ્ય ઉદેશ્ય વિદ્યાર્થી ખરેખર સમાજકાર્યના સૈધાંતિક જ્ઞાનને સમજી શક્યો છે? તે વર્ગખંડમાં અભ્યાસ કરેલ બાબતોને ક્ષેત્રકાર્ય દરમ્યાન અમલમાં મૂકી શક્યો છે? તેની સામાજિક બાબતોને વૈજ્ઞાનિક રીતે જોવાની દ્રષ્ટિ વિકસી છે ?તે સમાજકાર્યના જ્ઞાન કુશળતા, મૂલ્યો પ્રમાણે વર્તન વ્યહાર કરતો થયો છે. વગેરે બાબતો સ્વ મૂલ્યાંકનમાં ધ્યાનમાં લેવામાં આવે છે.

❖ **ભાવી આયોજન :** ભાવિ આયોજન શબ્દ પ્રમાણે ભવિષ્યમાં કરવાના કામ માટેનું આયોજન છે. વિદ્યાર્થી કાર્યકર્તા ક્ષેત્રકાર્ય દરમ્યાન આજે જે કામગીરી પૂર્ણ કરે છે તે પછી આવતીકાલે અથવા ત્યારબાદ જયારે પણ તે ક્ષેત્રકાય માટેના ગામમાં જશે ત્યારે તેણે શું કરવાનું છે ? તેની વિચારણા વિદ્યાર્થી કાર્યકર્તાએ કરી લેવાની હોય છે. તેમજ તેની લેખિન નોંધ અહી ભાવિ આયોજનના મુદ્દામાં લખવાની હોય છે.

ભાવિ આયોજન એ બીજા દિવસના ક્ષેત્રકાર્ય માટેનો હેતુ બની શકે છે. ભાવી આયોજન મુજબ બીજા દિવસે ક્ષેત્રકાર્યમાં જઈએ ત્યારે ભાવિ આયોજન મુજબ કામ થાય જ તે શક્ય નથી. જેમકે ઉદાહરણ તરીકે બીજા દિવસે ગામના તલાટી કમ મંત્રી સાહેબની મુલાકાત લેવાનું ભાવિ આયોજન નક્કી કર્યું હોય, બે દિવસ પહેલા તલાટી સાહેબ સાથે તમારી મુલાકાત બાબત ચર્ચા પણ કરી હોય તેમ છતાં તમે જયારે ગામમાં જાવ છો ત્યારે તલાટી સાહેબને તાલુકામાં અગત્યની મીટીંગ આવતા તે તમને મળી શકતા નથી - આમ ઘણીવાર ભાવિ આયોજન મુજબ કામ ના થાય એવું પણ બની શકે છે. આવી પરિસ્થિતિમાં ક્ષેત્રકાર્ય માટેના ગામમાં માંથી ક્યારેય પરત ન આવવું પણ તાત્કાલિક ધોરણે શું પ્રવૃત્તિ ગોઠવી શકાય તેની ચર્ચા સાથી મિત્રો સાથે કરીને ક્ષેત્રકાર્ય માટેની અન્ય કામગીરી ગોઠવી લેવી.

## 6.7 વીલેજ પ્રોફાઈલ અને સમય સારણી :

પ્રથમ સત્ર પુરુ થવાનું હોય ત્યારે દરેક યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓના ક્ષેત્રકાર્ય માટેની મૌખિક ટેસ્ટ (વાઈવા) નું આયોજન કરવામાં આવે છે ત્યારે વિદ્યાર્થી કાર્યકર્તાએ પોતાના બધા જ દૈનિક અહેવાલ તેમજ ગામની વિગતવાર માહિતી દર્શાવતી વીલેજ પ્રોફાઈલ બનાવીને રજુ કરવાની હોય છે. તેમજ પ્રથમ સત્ર દરમ્યાન જે કામગીરી કરીને છે તેના કામના કલાકોની ગણતરી કરીને સમય સારણી રજુ કરવાની હોય છે.અહી વીલેજ પ્રોફાઈલના મુદ્દા તેમજ સમય સારણી માર્ગદર્શન માટે રજુ કરવામાં આવેલ છે. અહી આપેલ મુદ્દા માત્ર માર્ગદર્શન માટે છે વિદ્યાર્થી પોતના ગામની સ્થિતિ તેમજ માર્ગદર્શક સાથે ચર્ચા કરીને પોતાના કામના સંદર્ભમાં મુદ્દાઓમાં પરિવર્તન કરી શકે છે.

❖ **વીલેજ પ્રોફાઈલના મુદ્દાઓ :**

- ગામનો ઈતિહાસ
- ગામનો નકશો (વિદ્યાર્થીએ જાતે બનાવેલ)
- ગામની સામાજિક સ્થિતિ- (જ્ઞાતિ, કુટુંબ, જ્ઞાતિના આગેવાનો, ઊંચ-નીચ સ્તરીકરણ વગેરે
- ગામની આર્થિક સ્થિતિ- (આવકના સ્ત્રોતો, બેરોજગારીની સ્થિતિ, સરકારી યોજનાઓનું અમલી કારણ વેગેરે)
- ગામની રાજકીય સ્થિતિ- (પંચાયત, સભ્યો, ગ્રામસભા, ચુંટણી-સમરસ, રાજકીય લોકોનું ગામમાં પ્રભુત્વ, જિલ્લા તાલુકા કક્ષાએ ગામના આગેવાનોનું પ્રભુત્વ વેગેરે)
- ગામની સંસ્કૃતિક સ્થિતિ – ધાર્મિક તહેવારોની ઉજવણી, મેળાઓ, રીત-રીવાજો, કોઈ વિશિષ્ટ પરંપરા(જો હોય તો) રહેણીકરણી, પહેરવેશ, કહવા પીવાની તેવો જન્મ મરણ અને લગ્ન અંગેની વિધિઓ અને સંસ્કાર)
- વિદ્યાર્થીએ કરેલ નિરીક્ષણ
- ગામમાં જોવા મેળેલ વ્યક્તિ, જૂથ કે સમુદાયની સમસ્યાઓ
- ગામના વિકાસ અને સમસ્યા નિવારણ માટેનું વિદ્યાર્થી કાર્યકર્તાનું આયોજન.

❖ **સમય સારણી :**

| અહેવાલ ક્રમ | તારીખ | વાર | હેતુ | જવાનો સમય | આવવાનો સમય | ક્ષેત્રકાર્યનો સમય | કામના કલાકો | માર્ગદર્શકની સહી |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | કુલ સમય (કલાકમાં ) | | | | | |

**નોંધ :** જરૂર જણાય તો બીજા પેજ ઉમેરવા

## 6.8 ઉપસંહાર :

સમાજકાર્ય વિષયમાં ક્ષેત્રકાર્ય ખુબ જ પાયાની બાબત છે. ક્ષેત્રકાર્ય વગર સમાજકાર્ય શિક્ષણ અધૂરું છે. વિદ્યાર્થીમાં ક્ષેત્રકાર્યને સમજણ વિકસે તે માટે સમાજકાર્ય અભ્યાસક્રમનું પ્રથમ સત્ર ખુબ જ અગત્યનું બની રહે છે. અહી દર્શાવેલ હેતુઓ મુજબ સામાજિક કાર્યના વિદ્યાર્થી જો યોગ્ય રીતે નિયમિત ક્ષેત્રકાર્ય કરે તો તેઓ ભવિષ્યમાં એક સારા વ્યવસાયિક સમાજકાર્યકર બની શકે છે. ગ્રામીણ ક્ષેત્રકાર્ય વર્ગખંડમાં શીખવવામાં આવેલ સૈધાંતિક બાબતોને પ્રેક્ટીકલ રોતે ઉપયોગ કરતા શીખવા માટેની પ્રયોગશાળા છે.

## 6.9 તમારી પ્રગતિ ચકાસો :

(1) નીચે જણાવેલ ક્ષેત્રકાર્યનો પ્રકાર છે

A. ગ્રામીણ ક્ષેત્રકાર્ય
B. શહેરી ક્ષેત્રકાર્ય
C. સંસ્થાકીય ક્ષેત્રકાર્ય
D. ઉપરોક્ત બધા

(2) નીચેમાંથી કઈ જગ્યાએ ક્ષેત્રકાર્ય કરી શકાય.

A. હોસ્પિટલ
B. ઉદ્યોગગૃહો
C. સામાજિક સંસ્થાઓ
D. ઉપરોક્ત બધા

(3) ગ્રામીણ ક્ષેત્રકાર્ય માટે ગામની પસંદગી કરતી વખતે કઈ બાબત ધ્યાનમાં લેવી જોઈએ.

A. ગ્રામીણ લાક્ષણિકતા
B. વિદ્યાર્થીની સગવડતા
C. કોલેજથી નજીક
D. માર્ગદર્શકની ઈચ્છા

(4) ગામમાં વિદ્યાર્થીને સંસાધનો મેળવવામાં કોણ મદદ કરી શકે.

A. ગામના સરપંચ
B. શાળાના આચાર્ય
C. કોઈ મદદ કરી શકે નહિ
D. A અને B બંને

## 6.10 ચાવીરૂપ શબ્દોની સમજ :

**(1) સેવાર્થી :** ક્ષેત્રકાર્ય દરમ્યાન વિદ્યાર્થી કાર્યકર્તા જે લોકોની સમસ્યાઓનો અભ્યાસ કરે છે અને તેમની સમસ્યા નિવારણ માટેના પ્રયાસ કરે છે. તેવા સમસ્યાગ્રસ્ત વ્યક્તિઓ માટેસેવાર્થી (client) શબ્દ પ્રયોજવામાં આવે છે.

**(2) વિદ્યાર્થી કાર્યકર્તા :** સમાજકાર્યની કોઈપણ માન્ય શૈક્ષણિક સંસ્થામાં જોડીને વ્યવસાયિક સમાજકાર્યનું શિક્ષણ મેળવનાર વિદ્યાર્થી માટે ક્ષેત્રકાર્ય વિદ્યાર્થી કાર્યકર્તા શબ્દ પ્રયોજવામાં આવે છે.

**(3) સબંધ સ્થાપનની પ્રક્રિયા :** સામજિક કાર્યકર્તા પોતના કાર્ય માટે સ્થાનિક સેવાર્થી વ્યક્તિ, જૂથ કે સમુદાય સાથે પોતાના હેતુના સંદર્ભમાં જે સબંધો ઉભા કરવાની જે પ્રયાસો કરે છે, તેને સબંધ સ્થાપનની પ્રક્રિયા કહેવાય. સબંધ સ્થાપનની પ્રક્રિયા ક્ષેત્રકાર્ય સતત ચાલતી પ્રક્રિયા છે. તેમછતાં પોતના ઉદેશ્યની પ્રાપ્તિ થયા બાદ આવા સબંધોનો અંત આવે છે.

**(4) આગેવાન :** ગામડામાં જે વ્યક્તિઓ ગામમાં નેતૃત્વ લઈને કામ કરી શકતા હોય તેવી દરેક વ્યક્તિને આગેવાન કહેવામાં આવે છે, જેમકે સરપંચ, જ્ઞાતિના વડા, વગેરેને આગેવાન કહી શકાય .

**(5) લોકભાગીદારી :** ગ્રામીણ ક્ષેત્રકાર્ય દરમ્યાન પોતાની કામગીરીને સફળ બનવવા માટે સ્થાનિક લોકોને જોડાવાની પ્રક્રિયાને લોકભાગીદારી કહેવામાં આવે છે. આવી લોકભાગીદારી શ્રમ, આર્થિક સહયોગ કે માહિતી માર્ગદર્શન સ્વરૂપે પણ હોઈ શકે.

**(6) લોક સંપર્ક :** ગામડાંની સામાજિક આર્થિક પરિસ્થિતિને સમજવા તેમજ ભવિષ્યમાં ઉદેશ્યપૂર્ણ કામ કરવાના હેતુથી સામાજિક કાર્યકર્તા સ્થાનિક લોકોની મુલાકાત કરે છે, તેમની સાથે બેઠકોનું આયોજન કરીને ગામની સામાજિક આર્થિક પરિસ્થિતિને સમજવાનો પ્રયાસ કરે છે. આ સમગ્ર પ્રક્રિયાને લોક સંપર્ક કહેવાય.

**(7) સ્થાનિક સંસાધનનોની ગતિશીલતા :** ગ્રામીણ ક્ષેત્રકાર્ય દરમ્યાન પોતાની કામગીરી સફળતા પૂર્વક કરવા માટે સામાજિક કાર્યકર્તાને આર્થિક સહયોગ, સાધન સહાય, શ્રમ વગેરેની જરૂર રહે છે. તેથી સામાજિક કાર્યકર્તા સ્થાનિક લોકો પાસેથી ઉપરોક્ત

જણાવેલ સહયોગ કોઈપણ જાતના આર્થિક ચુકવણી વગર મેળવે છે. જેને સ્થાનિક સંસાધન કહેવામાં આવે છે. આમ સ્થાનિક સ્તરે સમુદાયમાં ઉપલબ્ધ સાધનોનો વધુમાં વધુ ઉપયોગ કરવાની પ્રક્રિયા એટલે સ્થાનિક સંસાધનોની ગતિશીલતા

## 6.11 તમારી પ્રગતિ ચકાસોના જવાબો :

(1) D - ઉપરોક્ત બધા

(2) D - ઉપરોક્ત બધા

(3) A - ગ્રામીણ લાક્ષણિકતા

(4) D - A અને B બંને

## 6.12 સ્વાધ્યાય :

1. તમારા ક્ષેત્રકાર્યના ગામની વીલેજ પ્રોફાઈલ બનાવો
2. તમારા ક્ષેત્રકાર્યના ગામનો નકશો
3. આપના માર્ગદર્શકની મદદ થી PRA ની પ્રવૃત્તિ કરો

## 6.13 સંદર્ભ ગ્રંથો :

1 S.Subedar (2014) Field work training in Social Work, Rawat publication, Jaipur

2 M[a]hyu (1999) Field work Menual, Tata institute of Social Sciences, Mumbai

3 Field work Menual –Udaipur school of social work

4 પટેલ આનંદી (2014) વ્યવસાયિક સમાજકાર્યના આધારસ્તંભો, વ્યવસાયિક અભિવૃદ્ધિ પ્રકાશન, અમદાવાદ

5 ચાવડા ગીતા (2007) વ્યવસાયિક સમાજકાર્ય, લોકનિકેતન પ્રકાશન, રતનપુર

*****************

BAOU
Education for All

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**